અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

10 JUNE-2026 WEDNESDAY | Vol. : 17 | Issue : 338 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  રેસમાં કેરળમાં જન્મેલી નિત્યા રમણ પણ, કહ્યું-શહેરની ઓળખ મોટી ઈમારતો નહીં, ગરીબો સાથેનો વ્યવહાર

4  ભારતમાં મધ્યમ વર્ગની 70 ટકા આવક દેવા-દવામાં ખર્ચાય છે

6  કરીના કપૂરે પોતાને બહેન કરીશ્માની પહેલી દિકરી ગણાવી

7  પેટ્રોલિયમ મંત્રીએ કહ્યું- ભારતમાં 76 દિવસનો ફ્યુઅલ સ્ટોક: મંત્રાલયે જણાવ્યું- તેલ કંપનીઓને દરરોજ....

## વિદેશ મંત્રાલયે લગાવી આકરી ફટકાર

# PoKમાં બર્બરતા છુપાવવા પાકિસ્તાન ફેલાવી રહ્યું છે ફેક ન્યૂઝ

### પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલી હિંસક કાર્યવાહીના કેટલાક દિવસો બાદ પણ ત્યાં ભારે તણાવની સ્થિતિ બનેલી છે

**નવી દિલ્હી, તા.09**

ભારતે મંગળવારે પાકિસ્તાન પર આકરા પ્રહારો કરતાં આરોપ લગાવ્યો છે કે, પાકિસ્તાન પોતાના ગેરકાયદે કબજા હેઠળના કાશ્મીર(PoK)માં થઈ રહેલા માનવાધિકારોના ગંભીર ઉલ્લંઘન પરથી વૈશ્વિક સમુદાયનું ધ્યાન ભટકાવવા માટે મોટા પાયે ફેક ન્યૂઝ (ખોટા સમાચાર) અને ભ્રામક માહિતી ફેલાવી રહ્યું છે. PoKના રાવલકોટ(Rawalakot)માં પ્રદર્શનકારીઓ પર પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલી હિંસક કાર્યવાહીના કેટલાક દિવસો બાદ પણ ત્યાં ભારે તણાવની સ્થિતિ બનેલી છે. PoKમાં સર્જાયેલી હિંસક પરિસ્થિતિ અંગે પ્રતિક્રિયા આપતાં ભારતના વિદેશ મંત્રાલય(MEA)ના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, 'ભારતે પાકિસ્તાન તરફથી આવી રહેલા ફેક ન્યૂઝ અને એડિટેડ વીડિયોની એક ચોક્કસ પેટર્ન નોંધી છે. આ પાકિસ્તાન સરકાર અને ત્યાંની સેના દ્વારા પોતાની નિષ્ફળતાઓને છુપાવવા માટેનો એક અત્યંત નિરાશાજનક પ્રયાસ છે.'



### લોન્ગ માર્ચને રોકવા પાકિસ્તાન સરકારે કમર કસી

હાલમાં સમગ્ર PoK વિસ્તાર એક સળગતો જ્વાળામુખી બનેલો છે કારણ કે સ્થાનિક નાગરિકો અને સંગઠનો પાકિસ્તાની વહીવટીતંત્રના શોષણ વિરુદ્ધ એકઠા થઈ રહ્યા છે. પાકિસ્તાની સત્તાધિકારીઓએ ચેતવણી આપી છે કે તેઓ PoKમાં પ્રદર્શનકારીઓ દ્વારા આયોજિત પ્રસ્તાવિત 'લોન્ગ માર્ચ'(Long March)ને કોઈપણ ભોગે અને શક્તિના જોરે રોકી દેશે. બીજી તરફ, આંદોલનના આયોજકોએ પણ પાકિસ્તાની સેના સામે પોતાનું પ્રદર્શન ચાલુ રાખવાનો મક્કમ સંકલ્પ જાહેર કર્યો છે.

### PoKમાં પાકિસ્તાની પોલીસ અને સેનાની નિર્મમ બર્બરતા

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં સ્થાનિક જનતા પર થઈ રહેલા પોલીસ દમનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે સત્તાવાર રીતે દાવો કર્યો કે, 'તાજેતરમાં થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન પાકિસ્તાની સેનાની ગોળીબારમાં કેટલાય પ્રદર્શનકારીઓ માર્યા ગયા છે અને અસંખ્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાંથી પોલીસ અને લશ્કરી બર્બરતાના અત્યંત ગંભીર અહેવાલો સામે આવી રહ્યા છે. અમને પૂરી આશા છે કે, આંતરરાષ્ટ્રીય સમુદાય પાકિસ્તાનને તેની આ ક્રૂરતા, અત્યાચારો અને ખોટા કાર્યો માટે વૈશ્વિક સ્તરે ચોક્કસપણે જવાબદાર ઠેરવશે.'

### હિંસામાં 27થી વધુ લોકોના મોતની આશંકા

ભારત તરફથી આ આકરું નિવેદન ત્યારે આવ્યું છે, જ્યારે રાવલકોટમાં પાકિસ્તાની સૈન્ય દળો (આસિમ મુનીરના નેતૃત્વ હેઠળની પાક સેના) દ્વારા પ્રદર્શનકારીઓ પર સીધું અંધાધૂંધ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. સત્તાવાર આંકડાઓ મુજબ આ હિંસામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 27 લોકોના મોત થયા છે. જો કે, સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયો અને સ્થાનિક સંગઠનોનો દાવો છે કે, વાસ્તવિક મૃત્યુઆંક આના કરતાં ઘણો વધારે હોઈ શકે છે. જો કે, આ વીડિયોની હજુ સુધી કોઈ સ્વતંત્ર સંસ્થા દ્વારા સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

## અમેરિકી સેનાનું હેલિકોપ્ટર હોર્મુઝ પાસે ક્રેશ: ઈરાની બોટ્સને ઉડાવવા માટે તૈનાત કરાયું હતું

**તહેરાન, તા.09**

અમેરિકી સેનાનું એક અપાચે હેલિકોપ્ટર સોમવારે હોર્મુઝ સ્ટ્રેટ પાસે ક્રેશ થઈ ગયું. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ મુજબ, હેલિકોપ્ટરમાં સવાર બંને પાયલટ મેમ્બર્સને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ન્યૂયોર્કમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન ઘટનાની પુષ્ટિ કરી. ટ્રમ્પે કહ્યું છે કે હેલિકોપ્ટરમાં સવાર બંને પાયલટ સુરક્ષિત છે. કોઈને ઈજા થઈ નથી. હાલમાં એ સ્પષ્ટ નથી કે હેલિકોપ્ટર ટેકનિકલ ખામીને કારણે પડ્યું કે કોઈ હુમલાનો શિકાર બન્યું. અમેરિકી સૈન્ય અધિકારીઓએ મામલાની તપાસ શરૂ કરી દીધી છે. આ મામલે આવતીકાલે રિપોર્ટ જાહેર કરવામાં આવશે.

અમેરિકી સેના હોર્મુઝ સ્ટ્રેટમાં અપાચે હેલિકોપ્ટર, MQ-9 રીપર ડ્રોન, F/A-18 અને F-35 લડાકુ વિમાનોની મદદથી સુરક્ષા અભિયાન ચલાવી રહી છે. રિપોર્ટ અનુસાર, અપાચે હેલિકોપ્ટરનો ઉપયોગ નાના હથિયારબંધ બોટ અને ડ્રોનથી થતા સંભવિત ખતરાઓને રોકવા માટે કરવામાં આવે છે. ઈરાન-ઈઝરાયલમાં 2 મહિના પછી ફરી યુદ્ધ: એપ્રિલમાં થયેલા યુદ્ધવિરામ પછી ઈરાને ઈઝરાયલ પર 30 બેલિસ્ટિક મિસાઈલો છોડી. જવાબમાં ઈઝરાયલે ઈરાનના સૈન્ય ઠેકાણાં, એર ડિફેન્સ સિસ્ટમ અને



પેટ્રોકેમિકલ પ્લાન્ટ પર હુમલા કર્યા. ભારતે નાગરિકોને ઈરાન છોડવાની સલાહ આપી: વધતા સૈન્ય તણાવ વચ્ચે ભારતીય દૂતાવાસે એડવાઈઝરી જારી કરીને ભારતીયોને ઈરાનની યાત્રા ટાળવા અને ત્યાં હાજર લોકોને જલદી દેશ છોડવા જણાવ્યું. હુતી વિદ્રોહીઓએ રેડ સીમાં ઈઝરાયલી જહાજોની નાકાબંધીની જાહેરાત કરી: યમનના હુતી વિદ્રોહીઓએ ઈઝરાયલ સાથે સંકળાયેલા જહાજોને નિશાન બનાવવાની ચેતવણી આપી. આનાથી વૈશ્વિક દરિયાઈ વેપાર અને તેલ સપ્લાય પર અસર પડવાની આશંકા વધી ગઈ છે. ઈરાન-ઈઝરાયલ સંઘર્ષથી તેલ 3% થી વધુ મોંઘું: તણાવ વધ્યા પછી બ્રેન્ટ ક્રૂડ 96.75 ડોલર પ્રતિ બેરલ અને WTI 93.89 ડોલર પ્રતિ બેરલ પહોંચી ગયું. બજારને હોર્મુઝ જળસંધિમાં સપ્લાય ખોરવાઈ જવાનો ડર છે. ટ્રમ્પ-નેતન્યાહુમાં મતભેદના સમાચાર: રિપોર્ટ્સ અનુસાર ટ્રમ્પે નેતન્યાહુને ઈરાન પર પલટવાર ન કરવા કહ્યું. અમેરિકી અને ઈઝરાયલી વલણમાં મતભેદની ચર્ચાઓ તેજ બની, જ્યારે ટ્રમ્પે કહ્યું કે ઈરાન સાથે જે પણ ડીલ થશે.

## જયપુરમાં માનવતા શરમાઈ: સળગતા લોકો રોડ પર તડપતા રહ્યા અને લોકો જોતા રહ્યા, બાળક સહિત 4ના મોત

**જયપુર, તા.09**

રાજસ્થાનની રાજધાની જયપુરમાં એક અત્યંત ભયાનક અકસ્માત સર્જાયો છે. અહીંના ખો નાગોરિયાન (Kho Nagorian) વિસ્તારમાં એક ઘરની અંદર ગેરકાયદેસર રીતે ચાલતી ફટાકડાની ફેક્ટરીમાં અચાનક ભયંકર આગ ફાટી નીકળી હતી. આ ભીષણ અકસ્માતમાં 3 લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે 5 લોકો ગંભીર રીતે દાઝી ગયા હોવાના અહેવાલ છે. આ ઘટનાની માહિતી મળતા જ સ્થાનિક વહીવટીતંત્રે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. મળતી માહિતી મુજબ, આ ફટાકડાની ફેક્ટરી કોઈ ખુલ્લા મેદાન કે ઔદ્યોગિક વિસ્તારમાં નહીં, પરંતુ ગીચ વસ્તી ધરાવતા રહેણાંક વિસ્તારના એક સામાન્ય મકાનની અંદર ચલાવવામાં આવી રહી હતી. દારૂખાનામાં અચાનક આગ લાગ્યા બાદ એક પછી એક જોરદાર ધડાકા થયા હતા, જેણે જોતજોતામાં આખા ઘરને પોતાની ઝપેટમાં લઈ લીધું હતું. આ અકસ્માતમાં ગંભીર રીતે દાઝી ગયેલા તમામ 5 ઈજાગ્રસ્તોને સારવાર માટે તાત્કાલિક એસએમએસ (SMS) હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તબીબોના જણાવ્યા અનુસાર દાઝી ગયેલા લોકોની હાલત અત્યંત નાજુક છે, અને મેડિકલ ટીમ તેમને બચાવવા માટે સતત પ્રયાસો કરી રહી છે. અકસ્માતની જાણ થતાં જ જિલ્લા વહીવટીતંત્ર તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું. ઘટનાસ્થળે સિવિલ ડિફેન્સ (Civil Defence) ની ટીમ સહિત ફાયર બ્રિગેડની અનેક



## રાજ્યસભા ચૂંટણી પહેલાં મોટો ખેલ: કોંગ્રેસને ધારાસભ્યો તૂટવાનો ડર, રાતોરાત મોકલાશે કર્ણાટક?

**નવી દિલ્હી, તા.09**

મધ્ય પ્રદેશમાં રાજ્યસભા ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. ચૂંટણી વચ્ચે પક્ષપલટો અને સંભવિત ક્રોસ વોટિંગની આશંકાઓને ધ્યાનમાં રાખીને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે પોતાના ધારાસભ્યોની ઘેરાબંદી શરૂ કરી દીધી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કોંગ્રેસ આજે પોતાના ધારાસભ્યોને વિશેષ વિમાન દ્વારા કર્ણાટક મોકલી શકે છે. તમામ ધારાસભ્યોને બપોરે 12:00 વાગ્યે વિરોધ પક્ષના નેતા ઉમંગ સિંઘારના બંગલે પહોંચવાના નિર્દેશ આપવામાં આવ્યા છે, ત્યારબાદ તેઓને શિફ્ટ કરવામાં આવી શકે છે. ધારાસભ્યોને પોતાના પરિવારના સભ્યોને સાથે લઈ જવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ સ્ટાફને સાથે લઈ જવાની મંજૂરી નથી. કોંગ્રેસનું આ પગલું એવા સમયે સામે આવ્યું છે જ્યારે ભાજપે ત્રીજી રાજ્યસભા બેઠક માટે મહેશ કેવટને ઉમેદવાર બનાવ્યા છે અને ચૂંટણીમાં ક્રોસ વોટિંગની શક્યતાઓને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ છે. મધ્ય પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ જીતુ પટવારીએ રાજ્યસભા ચૂંટણી વચ્ચે ધારાસભ્યોના શિફ્ટિંગને લઈને સીધી કોઈ ટિપ્પણી નથી કરી, પરંતુ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, 'હું રાજ્યની 8 કરોડ જનતાને આગ્રહ કરવા માગું છું કે ભાજપે મધ્ય પ્રદેશના મૂળમાં ભ્રષ્ટાચાર ભરી દીધો છે.

મેં પહેલા પણ કહ્યું હતું કે આ 'અલી બાબા અને 40 ચોરોની સરકાર' છે.' તેમણે મુખ્યમંત્રી મોહન યાદવ પર હુમલો કરતાં કહ્યું



કે, 'તેમને માત્ર ત્રણ જ કામ આવડે છે- ભ્રષ્ટાચાર કરવો, જાહેરાતો આપવી અને ગાળો આપવી.'

પટવારીએ રાજ્યસભા ચૂંટણીમાં ભાજપની ઉમેદવાર પસંદગી પ્રક્રિયા પર સવાલ ઉઠાવતા કહ્યું કે, 'જ્યારે પાર્ટી પાસે પૂરતા ધારાસભ્યો ન હતા, તેમ છતાં તેમણે ત્રીજો ઉમેદવાર ઉતાર્યો અને OBC સમુદાયના કેવટ પરિવારમાંથી આવતી વ્યક્તિને મેદાનમાં ઉતારી.' તેમણે આરોપ લગાવ્યો કે, જે પાર્ટી પર મહિલા અનામતને લઈને સવાલો ઉઠતા રહ્યા છે, તેણે એક મહિલા ઉમેદવાર સામે આ વ્યૂહરચના અપનાવી છે.

પટવારીએ પૂછ્યું કે, 'જો ભાજપ ખરેખર ઓબીસી (OBC) પ્રતિનિધિત્વ ઈચ્છતી હતી, તો તે ઉમેદવારને પ્રથમ ક્રમ પર કેમ ન રાખવામાં આવ્યા અને બહારના ઉમેદવારને કેમ પ્રાથમિકતા આપવામાં આવી?' તેમણે આરોપ લગાવ્યો કે, 'ભાજપ OBC અનામત પણ આપવા નથી માંગતી અને OBC નેતાઓને માત્ર હારવા માટે જ ચૂંટણી મેદાનમાં ઉતારે છે.' પટવારીએ કહ્યું કે, 'આ જ ભાજપની ચાલ, ચરિત્ર અને ચહેરો છે.

## હિંમત હોય તો રાજીનામું આપી ભાજપની ટિકિટ પર લડો...', બળવાખોર સાંસદોને TMCની ચેલેન્જ

**કોલકાતા, તા.09**

TMC સાંસદ કલ્યાણ બેનર્જી અને કીર્તિ આઝાદે પ્રેસ કોન્ફરન્સ કરીને પાર્ટીના બળવાખોર સાંસદો પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે, આ બધું ભાજના ઈશારે થઈ રહ્યું છે. તેમણે બળવાખોર સાંસદોને 'ગદ્દાર' અને 'ભાગેડુ' કહી દીધા. કલ્યાણ બેનર્જીએ કહ્યું કે, બળવાખોર સાંસદો સત્તા વિના ન રહી શકે, તેમને બંગલા ગાડી અને સુરક્ષા જોઈએ તેથી આ બધું કરી રહ્યા છે. પાર્ટીમાં ચાલી રહેલા બળવા પર TMC સાંસદ કીર્તિ આઝાદે કહ્યું કે, 'અમારા 29 નેતાઓ 'મા, માટી અને માનુષ'ના નામે ચૂંટણી જીતીને સાંસદ બન્યા છે. હું આ 'ગદ્દારો' પાસે જાણવા માગું છું કે ચૂંટણી પછી કેમ તમે તમારી સમસ્યાઓ વિશે વાત કરી રહ્યા છો,



પહેલાં કેમ ન કરી? સુખેન્દુ શેખર રોયમાં એટલી રાજકીય નૈતિકતા તો હતી કે તેમણે રાજીનામું આપી દીધું. જો તમારામાં પણ રાજકીય નૈતિકતા હોય તો તમે બધા પણ રાજીનામું આપી દો અને ભાજપની ટિકિટ પર ચૂંટણી લડો.' કીર્તિ આઝાદે બળવાખોર જૂથ દ્વારા સ્પીકરને પત્ર આપવા અંગે કહ્યું કે, 'કાકોલી ઘોષ જે પત્રની વાત કરી રહ્યા છે, તે અત્યાર સુધી કોઈની સામે નથી આવી રહ્યો. લોકસભા સ્પીકર ઑફિસનું પણ કહેવું છે કે કોઈ પત્ર નથી મળ્યો, પરંતુ જે રીતે આ લોકો ભૂપેન્દ્ર યાદવ(ભાજપ સાંસદ)ના ઘરે ગયા, તેનાથી સાબિત થઈ ગયું કે તેઓ ભાજપ સાથે મળી ગયા છે. કેટલા મળ્યા, કેવી રીતે મળ્યા, એ બધું ન કહી શકાય પરંતુ હવે તેમના નેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી બની ગયા છે, TMC ચીફ મમતા બેનર્જી હવે તેમના નેતા નથી રહ્યા.' TMCના બળવાખોર સાંસદ કાકોલી ઘોષ પર નિશાન સાધતાં તેમણે કહ્યું કે, 'કાકોલીએ કહ્યું હતું કે તેઓ પાર્ટીના તમામ પદો પરથી રાજીનામું આપી રહ્યા છે, જો તમામ પદો પરથી રાજીનામું આપી દીધું તો તેઓ વ્હીપ કેવી રીતે હોઈ શકે? વ્હીપ પાર્ટી નક્કી કરતી હોય છે.



# પૂર્વમાં પ્રિ- મોન્સુન અંગે ચર્ચા: ગુજરાત પ્રદેશ પ્રમુખે કહ્યું- વરસાદી પાણીનો વર્ષોથી ઉકેલ લાવી શક્યા નથી, હવે કાયમી ઉકેલ લાવો



**અમદાવાદ, તા.09**

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ અને નિકોલ વિધાનસભાના ધારાસભ્ય જગદીશ વિશ્વકર્મા દ્વારા નિકોલ વિધાનસભા વિસ્તારમાં આવતા ઓઢવ, વિરાટનગર, ગોમતીપુર અને અમરાઈવાડી વોર્ડમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાવવા અને પ્રિ- મોન્સુન કામગીરીને લઈને મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ અને પૂર્વ વિસ્તારના કોર્પોરેટરો સાથે મહત્વની બેઠક કરવામાં આવી હતી. 16 જેટલા વોટર લોગીંગ સ્પોટ પર પાણી ભરાય છે. જેમાં કાયમી પાણીનો નિકાલ થાય તેના માટેની સૂચના આપી હતી. વર્ષોથી સત્તામાં હોવા છતાં પણ આ રીતે પાણીના નિકાલની વ્યવસ્થા કરી શક્ય નથી તો હવે કાયમી ઉકેલ લાવવા માટે કહ્યું હતું.

નિકોલ વિધાનસભા વિસ્તારમાં ઓઢવ, વિરાટનગર ગોમતીપુર અને અમરાઈવાડી વોર્ડ આવે છે. ભાજપ પ્રદેશ પ્રમુખ અને નિકોલ વિધાનસભાના ધારાસભ્ય જગદીશ વિશ્વકર્મા દ્વારા પ્રિ મોનસૂનની બેઠક કરવામાં આવી હતી. બેઠકમાં ઓઢવ, વિરાટનગર, ગોમતીપુર અને અમરાઈવાડી વોર્ડમાં આવેલા વરસાદી પાણીની જગ્યાઓની ચર્ચા કરવામાં આવી હતી. 16 જેટલા વરસાદી પાણી ભરાવવાના સ્પોટ આવેલા છે જેમાં સૌથી વધારે વિરાટનગર વિસ્તારમાં 7 અને ઓઢવના 5 જેટલા સ્પોટ આવેલા છે.

જ્યારે ગોમતીપુર અને અમરાઈવાડીમાં બે જેટલા સ્પોટ પર વધારે પાણી ભરાય છે. ગોમતીપુર ફાયર બ્રિગેડ રોડ, વિરાટ નગર જીવરાજ પાર્ક ચોકઠું, સીએમએસ ચાર રસ્તા સહિત અલગ અલગ જગ્યાઓ ઉપર બે કલાક સુધી વરસાદી પાણીનો નિકાલ થતો નથી, ત્યારે આવા વિસ્તારોમાં ઝડપથી પાણીનો નિકાલ થાય તેના માટે સૂચના આપી હતી. પ્રિ-મોનસુન કામગીરી અંતર્ગત કેચપીટની સફાઈ અને મશીન હોલના સફાઈની કામગીરી કરવામાં આવી હોવા અંગે અધિકારીઓ દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

મેયર હિતેશ બારોટ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે, પ્રિ-મોન્સુનને લઈને બેઠક કરવામાં આવી હતી. ખાસ કરીને વરસાદી પાણીનો નિકાલ ખારીકટ કેનાલમાં કરવામાં આવે છે અને મોટાભાગનો વિસ્તાર નિકોલ વિધાનસભામાં આવે છે, ત્યારે ખારીકટ કેનાલની કામગીરીને લઈને ચર્ચા થઈ જેમાં કામગીરી હાલમાં પૂર્ણ થઈ છે અને વરસાદી પાણીનો નિકાલ ખારીકટ કેનાલમાં કેવી રીતે કરવામાં આવશે અને કેવી વ્યવસ્થા છે તેને લઈને ચર્ચા કરવામાં આવી હતી. ત્રણથી સાત કિલોમીટર લાંબી લાઈનો નાખવામાં આવી છે, ત્યારે ઝડપથી પાણીનો નિકાલ થાય તે મુજબ સૂચના આપવામાં આવી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, પ્રિ-મોન્સુનની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટેની સૂચના આપી છે જે વિસ્તારોમાં પાંચથી સાત કલાક સુધી પાણી ભરાય છે અને ત્યાં કેવી રીતે પાણી ઉતરશે અને તે માટેનું આયોજન શું છે તેને લઈને ચર્ચા કરવામાં આવી હતી. મોટાભાગના વરસાદી પાણી ભરાવાના સ્પોર્ટમાં કામગીરી કરવામાં આવી છે અને બેથી ત્રણ કલાકમાં પાણી ઉતરી જાય તે પ્રકારે કામગીરી કરવામાં આવી છે.

# મોટા ખોખરાના યુવક સાથે છેતરપિંડી કરનાર તળાજાનો શખસ ઝડપાયો....

## સસ્તામાં સોનાની માળા આપવાના બહાને નકલી દાગીના પધરાવી ₹45 હજાર પડાવ્યા હતા

**ભાવનગર, તા.09**

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે શહેરની નારી ચોકડી ઓવરબ્રિજ નીચેથી રોકડ રકમ સાથે તળાજાના એક રીઢા શખસને દબોચી લીધો છે. પોલીસની કડક પૂછપરછમાં આ શખસે તેના અન્ય એક સાથીદાર સાથે મળીને ઘોઘા તાલુકાના મોટા ખોખરા ગામના એક યુવકને સસ્તામાં સોનાની સાચી માળા આપવાની લાલચ આપી, નકલી માળા પધરાવી 45,000 પડાવી લીધા હોવાની કબૂલાત કરી છે. ક્રાઈમ બ્રાન્ચે પકડાયેલા આરોપી પાસેથી 15,000ની રોકડ રકમ રિકવર કરી આગળની કાનૂની કાર્યવાહી માટે તેને વરતેજ પોલીસ મથકે સોંપી આપ્યો છે.

બનાવની વિગત એવી છે કે, ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન ચોક્કસ ખાનગી રાહે બાતમી મળી હતી કે, શહેરની નારી ચોકડી ઓવરબ્રિજ નીચે એક



શખસ શંકાસ્પદ હાલતમાં ઊભો છે અને તેની પાસે રહેલી રોકડ રકમ છળકપટ કે ચોરી કરીને મેળવેલી હોવાની શંકા છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડીને શૈલેષ ઉર્ફે ટોલીયો રતીલાલ વાઘેલા (ઉં.વ.37, રહે. હાલ- તળાજા, મૂળ-જુનાગઢ)ને રોકડા 15,000 સાથે ઝડપી લીધો હતો. પકડાયેલા આરોપી શૈલેષની પૂછપરછ કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. તેણે કબૂલાત કરી હતી કે તેણે અને તેના સાથીદાર ગોપાલ સવજીભાઈ રાઠોડ (રહે. તળાજા નદીના કાંઠે, લીલા પીર બાજુ)એ ભેગા મળીને ગત 19 મે, 2026ના રોજ સવારે 09:00 વાગ્યે ઘોઘાના મોટા ખોખરા ગામે રહેતા કાનજીભાઈ નાનુભાઈ ડાભીની વાડીએ ગયા હતા. ત્યાં કાનજીભાઈને સોનાના પારાવાળી એક માળા બતાવી હતી અને તે ઓછા ભાવે વેચવાની છે તેમ કહી વિશ્વાસ જીતવા માટે તે માળામાંથી એક અસલી સોનાનો પારો ચેક કરવા માટે આપ્યો હતો. ત્યારબાદ 22 મે, 2026ના રોજ બપોરે 12:00 વાગ્યાની આસપાસ બંને શખ્સો ફરી વાડીએ પહોંચ્યા હતા અને કાનજીભાઈનો પૂરો વિશ્વાસ કેળવી સોનાની માળાના કુલ 5,00,000 નક્કી કર્યા હતા. જોકે, 'હાલ આ માળા તમે 45,000માં રાખો, બાકીના રૂપિયા અમે પછી લઈ જઈશું' તેમ કહી નકલી માળા પધરાવીને વિશ્વાસઘાત કર્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ ગેંગની મોડસ ઓપરેન્ડી (ગુનો કરવાની પદ્ધતિ) ખૂબ જ શાતિર છે.

# મહાઠગ મિહિર પરીખનું વધુ એક કારસ્તાન: સગી ફોઇના પરિવારને LIC પોલિસીના નામે 10.12 કરોડનો ચુનો લગાવ્યો

**અમદાવાદ, તા.09**

LIC અને જુદા-જુદા રોકાણના નામે પોતાના જ મિત્રો અને સગા-સંબંધીઓને 50 કરોડ રૂપિયાનો ચૂનો લગાવનાર મહાઠગ મિહિર પરીખનું વધુ એક મોટું કારનામું પ્રકાશમાં આવ્યું છે. મિહિર આ વખતે બેંગકોક થાઈલેન્ડ સ્થિત પોતાના સગી ફોઈના પરિવારને એલઆઈસીમાં રોકાણ કરાવવાના બહાને રૂપિયા 10.12 કરોડની છેતરપિંડીનો ભોગ બનાવ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં મિહિરના કૌભાંડ અંગે અગાઉ સમાચાર પ્રસિદ્ધ થતાં જ આ છેતરપિંડીનો પર્દાફાશ થયો છે.

મૂળ મુંબઈના અને હાલ બેંગકોક રહેતા રજનીકાંત સુખડિયાના પરિવારે પોતાના મામાના દીકરા મિહિર પરીખ પર વિશ્વાસ મૂકીને વર્ષ 2010થી 2019 દરમિયાન LIC અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટે 10.12 કરોડના ચેક આપ્યા હતા. સામે પક્ષે મિહિર તેમને LICની 10 નકલી પોલિસીઓ પણ મોકલી આપી હતી. તાજેતરમાં મિહિરની ઠગાઈના સમાચાર વોટ્સએપ દ્વારા બેંગકોક પહોંચતા જ સુખડિયા પરિવાર ચોંકી ઉઠ્યો હતો અને તેમની પુત્રી અમીબેન તાત્કાલિક તપાસ માટે અમદાવાદ દોડી આવ્યા હતા.

# સરકારે ભાર વિનાનું ભણતર કર્યું ખરું, પુસ્તકો વિના જ ભણવાનું શરૂ: બોર્ડના વિદ્યાર્થીઓ તો મોટી મુશ્કેલીમાં મૂકાયા, કહ્યું-રિવિઝનમાં કરવું ખૂબ મુશ્કેલ

**અમદાવાદ, તા.09**

રાજ્યમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ ગઈ છે. જોકે,સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં હજુ સુધી તમામ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ થયા નથી. બીજી તરફ બજારમાં પણ અનેક ધોરણોના પુસ્તકોની અછત સર્જાતા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો ચિંતિત બન્યા છે. જોકે શાળામાં પુસ્તક પહોંચતા હજુ પણ સમય લાગી શકે છે. જેથી પુસ્તક વગર અભ્યાસ કરવો વિદ્યાર્થીઓ માટે મુશ્કેલ થઈ ગયું છે.

રાજ્યની તમામ ગ્રાન્ટેડ શાળાઓમાં હજુ સુધી તમામ વિષયોના પુસ્તકો પહોંચ્યા નથી. જેના કારણે વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે જરૂરી પુસ્તકો તો મળ્યા પણ નથી. જેથી નવું સત્રની શરૂઆતમાં જ વિદ્યાર્થીઓ પુસ્તક વગર જ અભ્યાસ કરવા મજબૂર બન્યા છે. શાળામાં તો શિક્ષકો અભ્યાસ કરાવી રહ્યા છે પરંતુ ઘરે રિવિઝન કરવા માટે વિદ્યાર્થીઓને પુસ્તકની જરૂરિયાત ખૂબ હોય છે.

બીજી તરફ જે વાલીઓ બજારમાંથી પુસ્તકો ખરીદીને બાળકોને અભ્યાસ કરાવવા માંગે છે તેઓને પણ નિરાશા હાથ લાગી રહી છે. શહેરો સહિત અનેક



વિસ્તારોના પુસ્તક વિક્રેતાઓ પાસે ધોરણ 1થી 12ના 10 જેટલા પુસ્તકો મળી રહ્યા નથી. કેટલાક ધોરણો અને વિષયોના પુસ્તકોનો પૂરતો જથ્થો ઉપલબ્ધ નથી. પરિણામે વાલીઓને એક દુકાનથી બીજી દુકાન સુધી ચક્કર કાપવા પડી રહ્યા છે. ઘણા વિદ્યાર્થીઓ હાલમાં જૂના પુસ્તકો અથવા શિક્ષકો દ્વારા આપવામાં આવતી નોટ્સના આધારે અભ્યાસ કરી રહ્યા છે. નવા અભ્યાસક્રમ મુજબનું શિક્ષણ શરૂ થઈ ગયું હોવા છતાં જરૂરી પુસ્તકોના અભાવે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ અંગે અમદાવાદના એક વિદ્યાર્થી હેમલ કોષ્ટિએ જણાવ્યું હતું કે, અત્યારે હું ધોરણ 12માં અભ્યાસ કરું છું. જેથી પુસ્તકો ન મળવાથી ઘરે રિવિઝન કરવું ખૂબ જ અઘરું થઈ જાય છે. સેલ્ફ સ્ટડી થઈ શકતી નથી. શાળામાં તો શિક્ષકો ભણાવી દે છે પરંતુ ઘરે રિવિઝન કરવું પુસ્તક વગર અઘરું થઈ જાય છે. વિદ્યાર્થીઓને પુસ્તક જ ન મળે તો બેઝ કઈ રીતે તૈયાર કરી શકશે.

જ્યારે વિદ્યાર્થિની જિયા પટેલે જણાવ્યું હતું કે, પુસ્તક વગર તૈયારી કરવી ખૂબ અઘરી છે. કારણ કે આ વખતે અમારે બોર્ડ પણ છે. તેમજ અત્યારે શાળાઓ શરૂ થઈ ગઈ છે. જો કે શાળામાં પુસ્તકની એટલી બધી જરૂર ન પડે, પરંતુ ઘરે ગયા પછી રિવિઝન કરવા અને ટ્યુશન માટે પુસ્તકની ખૂબ જ જરૂર હોય છે. તેમજ ટ્યુશનમાં પણ ટેસ્ટ લેવાતો હોય છે તો તે પણ કઈ રીતે આપવા જેથી પુસ્તક વગર તૈયારી કરવી ખૂબ અઘરી થઈ ગઈ છે.બોર્ડ છે જેથી ભણવું તો પડશે જ પરંતુ પુસ્તક વગર કઈ રીતે તૈયારી કરવી.

વિદ્યાર્થિની હેતવી મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, પુસ્તકો બજારમાં પણ મળી રહ્યા નથી. તેમજ વિદ્યાર્થીઓ સુધી પણ પહોંચ્યા નથી. પુસ્તક વગર વાંચવું અને તૈયારી કરવી મુશ્કેલ છે. શિક્ષકો તો શાળાના વિષય સમજાવી દે છે પરંતુ ઘરે જઈને તેની તૈયારી પુસ્તકમાંથી જ કરવાની હોય છે. વિદ્યાર્થીઓને કોઈ ટોપિકમાં ડાઉટ હોય તો તે પુસ્તક વગર સોલ્વ થઈ શકતો નથી. બજારમાં પણ પુસ્તકો મળી રહ્યા નથી. જેથી આ પ્રોબ્લેમ જલ્દી સોલ્વ થાય એટલું સારું છે.

# ભાવનગરRTOનુંસતતબીજાદિવસેચેકિંગ: સ્કૂલ-કોલેજના 22 વાહનો દંડાયા, ₹1.20 લાખથી વધુનો દંડ વસૂલાયો....

**ભાવનગર, તા.09**

નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થતાં જ ભાવનગર આરટીઓ દ્વારા વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સતત બીજા દિવસે પણ સ્કૂલ અને કોલેજમાં વપરાતા વાહનો સામે સઘન ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આરટીઓની આ ઓચિંતી કાર્યવાહીના પગલે નિયમોનો ભંગ કરતાં વાહનચાલકો અને સ્કૂલ વાન-બસના એસોસિએશનમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

આજરોજ (9 જૂન) સતત બીજા દિવસે શહેરના સરદાર પટેલ સ્કૂલ




અને હિલ પાર્ક ચોકડી રોડ પાસે RTO ઈન્સ્પેક્ટર એમ.ટી. મકવાણા અને તેમની ટીમ દ્વારા વહેલી સવારથી જ વોચ ગોઠવીને સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરતાં કુલ 22 જેટલા વાહનો સામે કેસ કરવામાં આવ્યા હતા. જેમાં નિર્ધારિત ક્ષમતા કરતાં વધુ વિદ્યાર્થીઓ બેસાડવા, પરમિટનો ભંગ, ડ્રાઈવિંગ લાયસન્સ ન હોવું, થર્ડ પાર્ટી વીમો ન હોવો તેમજ પીયુસી અને ફિટનેસ સર્ટિફિકેટના અભાવ જેવા ગંભીર પ્રકારના નિયમ ભંગ જોવા મળ્યો હતો. આ તમામ વાહનો પાસેથી આરટીઓ વિભાગ દ્વારા અંદાજે 1,20,000 થી વધુનો દંડ સ્થળ પર જ વસૂલ કરવામાં આવ્યો હતો.

આ અંગે વિગતો આપતાં આરટીઓ ઈન્સ્પેક્ટર એમ.ટી. મકવાણાએ જણાવ્યું હતું કે, જિલ્લા કલેક્ટર અને આરટીઓ અધિકારીની કડક સૂચના અનુસાર શહેરની વિવિધ સ્કૂલોની બહાર આ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. અમારો મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. મોટર વાહન અધિનિયમ મુજબ વાહનોના કાગળો બરાબર છે કે કેમ અને વાહનની યાંત્રિક સ્થિતિ (મેકેનિકલ કન્ડિશન) ફિટ છે કે નહીં તેની ચકાસણી કરાઈ રહી છે. જે ખાનગી વાહનો પાસે વિદ્યાર્થી લાવવા-લઈ જવાની પરમિટ ન હોવા છતાં ગેરકાયદે ફેરા મારતા હતા, તેમની સામે પણ આકરી પેનલ્ટી ફટકારવામાં આવી છે. આ ડ્રાઈવ આગામી દિવસોમાં પણ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં રોજેરોજ સતત ચાલુ રહેશે.

# પાલીતાણાની પરિણીતાનો ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ: પતિએ પત્નીને તેડી જવાની ના પાડતા લાગી આવ્યું

**ભાવનગર, તા.09**

ભાવનગરના પાલીતાણામાં રહેતી પરિણીતાએ સાસરીયાઓના શારીરિક-માનસિક ત્રાસ અને પતિએ સાથે રાખવાની ના પાડતાં ગઈકાલે 8 જૂનના રોજ પોતાના પિયરમાં ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેમને પાલીતાણાની સદવિચાર જનરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. આ મામલે પીડિત મહિલાએ પોતાના પતિ, સાસુ અને સસરા વિરુદ્ધ પાલીતાણા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ, પાલીતાણાના ભીલવાસમાં રહેતી અપ્પુબેનના લગ્ન 21 નવેમ્બર 2025ના રોજ રોહિશાળા ગામના અનિલ સોલંકી



સાથે થયા હતાં. લગ્ન બાદ સંયુક્ત કુટુંબમાં રહેતી પરિણીતાને તેની સાસુ હીરાબેન મુકેશભાઈ સોલંકી ઘરકામ બાબતે અવાર-નવાર અપશબ્દો બોલી મેણાં-ટોણા મારતા હતા. આ ઉપરાંત, તેનો પતિ અનિલ તેની પર ખોટી શંકા રાખી મારઝૂડ કરતો હતો. જ્યારે આ બાબતે દંપતી વચ્ચે ઝઘડો થતો, ત્યારે સસરા મુકેશ હમીરભાઈ પણ પુત્રનો પક્ષ લઈ પરિણીતા તથા તેના માતા-પિતાને અપશબ્દો બોલતા હતા. સાસરીયાઓના સતત ત્રાસથી કંટાળીને પરિણીતા એક મહિના પહેલાં પોતાના પિયર ભીલવાસ આવી ગઈ હતી. ત્યારબાદ 7 જૂન 2026ની રાત્રે પતિએ ફોન પર અપશબ્દો કહી તેને પાછી તેડી જવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. પતિના આ આઘાતજનક વર્તનથી લાગી આવતા પરિણીતાએ બીજા દિવસે સવારે ઘરમાં રાખેલું ફિનાઈલ પી લીધું હતું. ઘટનાની જાણ થતાં જ પરિવારજનોએ તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડી હતી. હાલમાં હોસ્પિટલના બિછાનેથી પરિણીતાએ ત્રણેય સાસરીયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# 15 જૂન સુધી વરસાદની આગાહી, બનાસકાંઠામાં વાદળો ઘેરાયા

## રાજ્યમાં અસહ્ય બફારો, ચોમાસું 5 દિવસમાં 13 રાજ્યમાં પહોંચ્યું, 48 કલાકમાં મુંબઈ પહોંચશે

**અમદાવાદ, તા.09**

ગુજરાતમાં ઉનાળાની આકરી ગરમી અને અસહ્ય અકળામણનો પ્રકોપ યથાવત્ છે. સામાન્ય વરસાદ બાદ તપામાનમાં વધારો થતાં અને હવાના ભેજને કારણે હાલમાં ભારે બફારો થઈ રહ્યો છે. હવામાન વિભાગ જણાવ્યા અનુસાર, રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કે સામાન્યથી વધુ નોંધાયું છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં હવામાન સંપૂર્ણપણે સૂકું રહ્યું હતું. 8 જૂનના રોજ રાજ્યનું સૌથી ઊંચું તાપમાન અમદાવાદમાં 42.2C નોંધાયું હતું, જે સામાન્ય કરતાં +1.3C વધુ છે.

કાળઝાળ ગરમી વચ્ચે હવે ચોમાસાના આગમનના સંકેતો મળી રહ્યા છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, બે દિવસ (9 અને 10 જૂન) દક્ષિણ ગુજરાતમાં તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં વરસાદ રહેશે. 11 જુનથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. 13 જૂનથી સૌરાષ્ટ્ર-કચ્છમાં સામાન્ય વરસાદ રહેશે. આ દિવસોમાં પવનની ગતિ 15થી 20 કિમી પ્રતિકલાકની રહેશે. અમદાવાદ, ગાંધીનગર સહિતમાં વાદળછાયુ વાતાવરણ રહેશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેશમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ઝડપથી આગળ વધી રહ્યું છે. ચોમાસું 5 દિવસમાં 13 રાજ્ય સુધી પહોંચી ગયું છે. તેણે સોમવારે તેલંગાણામાં પ્રવેશ કર્યો છે. ચોમાસું પશ્ચિમ કિનારે હવે મુંબઈથી 150 કિમી દૂર છે. આગામી 48 કલાકમાં તે મુંબઈમાં દસ્તક આપી શકે છે.

આજે (9 જૂન) વહેલી સવારથી બનાસકાંઠા જિલ્લામાં વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. અમીરગઢ, ઈકબાલગઢ, ડીસા, પાલનપુર, દાંતીવાડા, ધાનેરા, કાંકરેજ સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ સાથે વરસાદી માહોલ સર્જાયો છે. આકાશમાં ઘેરાયેલા વાદળોને કારણે ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

હાલમાં ખેતરોમાં બાજરી અને મગફળી સહિતના પાક તૈયાર હાલતમાં હોવાથી વરસાદની આશંકાએ ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે. જો વરસાદ વરસે તો તૈયાર પાકને નુકસાન થવાની ભીતિ છે, જેના કારણે ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવાની સ્થિતિ સર્જાઈ છે.

અમદાવાદમાં આગામી સમયમાં આકાશ આંશિક વાદળછાયું રહેવાની શક્યતા છે અને મહત્તમ તાપમાન 42Cની આસપાસ રહેવાનું અનુમાન છે. હાલમાં કોઈ મોટી આકસ્મિક 'વેધર વોર્નિંગ' જાહેર કરવામાં આવી નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી અઠવાડિયામાં રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. જોકે, પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે રાજ્યના વિવિધ ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ કે ગાજવીજ સાથે ઝાપટાં પડવાની સંભાવના છે.



9 જૂનઃ દક્ષિણ ગુજરાત પ્રદેશના જિલ્લાઓમાં (જેમ કે ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલી) છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. ઉત્તર ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓ, સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવમાં; દક્ષિણ ગુજરાત પ્રદેશના બાકીના જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેવાની શક્યતા છે. 10 જૂનઃ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં (જેમ કે ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલી) છૂટાછવાયા સ્થળોએ જગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. ઉત્તર ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓ, સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવમાં; દક્ષિણ ગુજરાત પ્રદેશના બાકીના જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેવાની શક્યતા છે.

11 જૂનઃ દક્ષિણ ગુજરાત પ્રદેશના જિલ્લાઓમાં છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓ, સૌરાષ્ટ્ર-કચ્છ; દક્ષિણ ગુજરાત પ્રદેશના બાકીના જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેવાની સંભાવના છે. 12 જૂનઃ ઉત્તર ગુજરાત પ્રદેશના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. પંચમહાલ, દાહોદ, મહિસાગર; દક્ષિણ ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓ વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર-હવેલી; સૌરાષ્ટ્રના જિલ્લાઓ જેમ કે અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં. જ્યારે ઉત્તર ગુજરાત પ્રદેશના બાકીના જિલ્લાઓ અને સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવમાં હવામાન શુષ્ક રહેવાની શક્યતા છે.

13 જૂનઃ ઉત્તર ગુજરાતના જિલ્લાઓ અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર; દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલી અને સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. તો ઉત્તર ગુજરાત પ્રદેશના બાકીના જિલ્લાઓ અને સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવમાં શુષ્ક હવામાન રહેવાની શક્યતા છે.

14 જૂનઃ ઉત્તર ગુજરાત પ્રદેશના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે, જેમ કે અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર; દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલી અને સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં મધ્યમ વરસાદ પડી શકે છે. જ્યારે ઉત્તર ગુજરાત પ્રદેશના બાકીના જિલ્લાઓ અને સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવમાં શુષ્ક હવામાન રહેવાની શક્યતા છે.

દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ઝડપથી આગળ વધી રહ્યું છે. તે મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશના કેટલાક વધુ ભાગો અને તેલંગાણાના કેટલાક વિસ્તારોમાં પ્રવેશી ચૂક્યું છે. આગામી 2થી 3 દિવસમાં ચોમાસું મહારાષ્ટ્ર અને તેલંગાણાના બાકીના ભાગો, છત્તીસગઢ, ઓડિશા અને પશ્ચિમ બંગાળ તરફ આગળ વધે તે માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે. હાલમાં ગુજરાતના નીચલા સ્તરે મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમીથી પશ્ચિમી પવનો ફૂંકાઈ રહ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ફિલિપાઇન્સમાં છેલ્લા 50 વર્ષનો સૌથી શક્તિશાળી ભૂકંપ, 37ના મોત, 20 હજાર લોકો બેઘર થયા





**મનીલા, તા.09**

દક્ષિણ ફિલિપાઈન્સમાં સોમવારે સવારે આવેલા ભયાનક ભૂકંપે ભારે તબાહી મચાવી છે. રિક્ટર સ્કેલ પર 7.8ની તીવ્રતા ધરાવતા આ શક્તિશાળી ભૂકંપના કારણે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 37 લોકોના મોત થયા છે અને 500થી વધુ લોકો ઘાયલ થયા છે. આ આપત્તિના કારણે 20,000થી વધુ લોકો બેઘર બન્યા છે, જેમને ઈમરજન્સી આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે. સરકારી રૅકોર્ડ મુજબ હાલમાં માત્ર 4 લોકો જ ગુમ છે, પરંતુ કાટમાળ નીચે હજુ પણ લોકો દબાયા હોવાની આશંકા વચ્ચે બચાવકર્મીઓ મંગળવારે પણ ધરાશાયી થયેલી ઈમારતોમાં સઘન શોધખોળ ચલાવી રહ્યા છે.

ભૂકંપનું કેન્દ્રબિંદુ ફિલિપાઈન્સના બીજા સૌથી વધુ વસ્તી ધરાવતા ટાપુ મિંડાનનની દરિયાઈ સરહદમાં હતું. તીવ્ર આંચકાના કારણે દરિયામાં 1.4 મીટર (4.6 ફૂટ) ઊંચા મોજા ઉછળતા લોકોમાં સુનામીનો ફફડાટ ફેલાયો હતો. જોકે, સુનામીના કારણે માત્ર એક દરિયાકાંઠાના ગામમાં છ ઝૂંપડાઓને જ નુકસાન થયું છે, જ્યારે તેના નાના મોજા ઈન્ડોનેશિયા અને દક્ષિણ જાપાન સુધી પહોંચ્યા હતા. સૌથી વધુ તબાહી ભૂસ્ખલન અને ઈમારતો પડવાના કારણે થઈ છે. ફિલિપાઈન્સની 'ટુના કેપિટલ' તરીકે ઓળખાતા જનરલ સેન્ટોસ શહેરમાં કાટમાળ પડવાથી 13 લોકોના મોત થયા છે, જ્યારે સારાંગાની પ્રાંતના પહાડી નગરમાં ભૂસ્ખલન થતાં અનેક મકાનો દબાઈ ગયા હતા, જેમાં 18 લોકોએ જીવ ગુમાવ્યો છે.

આ ભૂકંપ એવા સમયે આવ્યો જ્યારે બે મહિનાના ઉનાળુ વેકેશન પછી શાળાઓનો પહેલો જ દિવસ હતો. સવારની ધ્વજવંદન સભા માટે ઉત્સાહભેર એકઠા થયેલા માસૂમ વિદ્યાર્થીઓ આ આફતમાં મોટી સંખ્યામાં ઈજાગ્રસ્ત થયા છે. પ્રારંભિક સરકારી આંકડા મુજબ, આશરે 2,000 મકાનો અને 117 સરકારી ઈમારતોને નુકસાન થયું છે. જનરલ સેન્ટોસનું આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું છે, જેના કારણે 63 ડોમેસ્ટિક ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. પ્રશાસને જણાવ્યું છે કે અંદાજે 6,000 સરકારી શાળાની ઈમારતોની તપાસ કર્યા વગર શાળાઓ ફરી શરૂ કરી શકાય તેમ નથી, કારણ કે આફ્ટરશોક્સ(ભૂકંપ પછીના નાના આંચકા)ના કારણે તિરાડો પડેલી ઈમારતો ગમે ત્યારે તૂટી પડવાનું જોખમ છે.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, કોટાબેટો ટ્રેન્ચમાં થયેલી હલચલને કારણે આ ભૂકંપ આવ્યો હતો અને તે 1976 પછીનો દેશનો સૌથી શક્તિશાળી ભૂકંપ છે. અગાઉ 17 ઑગસ્ટ, 1976ના રોજ આ જ વિસ્તારમાં 8.1ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેનાથી સર્જાયેલી વિનાશક સુનામીમાં 8,000 લોકોના મોત થયા હતા. આ સિવાય 1990માં પણ 7.8ની તીવ્રતાના ભૂકંપે ઉત્તરીય પ્રાંતોમાં 1,000થી વધુ લોકોનો ભોગ લીધો હતો. આ ભયાનક આપત્તિને જોતાં રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે મનિલાથી ઉચ્ચ સંરક્ષણ અધિકારીઓને રાહત સામગ્રી અને બચાવ કામગીરી પર દેખરેખ રાખવા માટે રવાના કર્યા છે.

આ મુશ્કેલ સમયમાં અમેરિકા, ફ્રાન્સ, જાપાન અને ન્યુઝીલૅન્ડ જેવા દેશોએ ફિલિપાઈન્સને મદદ કરવાની તૈયારી દર્શાવી છે. ભૌગોલિક દૃષ્ટિએ ફિલિપાઈન્સ પ્રશાંત મહાસાગરના 'રિંગ ઑફ ફાયર' પર આવેલું હોવાથી ત્યાં વારંવાર ધરતીકંપ અને જ્વાળામુખી વિસ્ફોટ જેવી ઘટનાઓ બનતી રહે છે. આ ઉપરાંત, આ ટાપુ સમૂહ દર વર્ષે આશરે 20 જેટલા ભયાનક વાવાઝોડા અને દરિયાઈ તોફાનોનો સામનો કરે છે, જે તેને વિશ્વના સૌથી વધુ આપત્તિ-સંભવિત દેશોમાંથી એક બનાવે છે.

સોમવારે ઉનાળાની રજાઓ પછી દેશભરની સરકારી શાળાઓ ખુલી હતી. દક્ષિણ પ્રદેશના અધિકારીઓ અનુસાર, સવારે ધ્વજવંદન સમારોહમાં ભાગ લેનાર 100 થી વધુ વિદ્યાર્થીઓને સામાન્ય ઈજાઓ થઈ હતી, જ્યારે ઘણા બાળકો ગભરાટને કારણે બેભાન થઈ ગયા હતા.

ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે જણાવ્યું હતું કે તેમણે તમામ સંબંધિત સરકારી એજન્સીઓને તાત્કાલિક કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યા છે. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવા અને રાહત-બચાવ અભિયાન શરૂ કરવા જણાવ્યું છે.

ભૂકંપની અસર ફિલિપાઈન્સની બહાર પણ અનુભવાઈ. ઈન્ડોનેશિયાના ઉત્તર સુલાવેસી અને ઉત્તર માલુકુ પ્રદેશોમાં આંચકા અનુભવાયા. મનાડો શહેરના લોકોએ જણાવ્યું કે કંપન ખૂબ જ તીવ્ર હતું.

ઈન્ડોનેશિયાની હવામાન અને ભૂભૌતિકી એજન્સી BMKG એ તેના ઉત્તર-પૂર્વીય કિનારા માટે સુનામી ચેતવણી જાહેર કરી છે. મલેશિયાના કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ એક મીટર સુધી ઊંચી લહેરોની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

જાપાન હવામાન એજન્સીએ ઈબારાકી પ્રીફેક્ચરથી લઈને ઓકિનાવા પ્રીફેક્ચર સુધીના દક્ષિણી દરિયાકાંઠાના વિસ્તારો માટે સુનામી એડવાઈઝરી જાહેર કરી છે. અમેરિકી સુનામી ચેતવણી પ્રણાલીએ ગુઆમ માટે પણ ચેતવણી જાહેર કરી છે.

જોકે, અમેરિકી એજન્સીઓએ સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા અને કેનેડાના પ્રશાંત કિનારાઓ માટે કોઈ સુનામીનો ખતરો નથી. હવાઈ માટે પણ કોઈ ખતરાની પુષ્ટિ થઈ નથી.

મુખ્ય ભૂકંપ પછી તે જ વિસ્તારમાં ઘણા વધુ આંચકા નોંધાયા છે. નિષ્ણાતોના મતે આ આફ્ટરશોક છે, જે મોટા ભૂકંપ પછી સામાન્ય રીતે આવે છે.

વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આફ્ટરશોક ઘણા દિવસો, અઠવાડિયા કે વર્ષો સુધી ચાલુ રહી શકે છે. કેટલાક કિસ્સાઓમાં તેમની તીવ્રતા મુખ્ય ભૂકંપ જેટલી અથવા તેનાથી વધુ પણ હોઈ શકે છે, જેનાથી પહેલાથી જ ક્ષતિગ્રસ્ત ઈમારતોને વધુ નુકસાન પહોંચી શકે છે.

ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા અને જાપાન પ્રશાંત મહાસાગરના 'રિંગ ઓફ ફાયર' ક્ષેત્રમાં સ્થિત છે. આ વિશ્વનો સૌથી સક્રિય ભૂકંપીય ક્ષેત્ર માનવામાં આવે છે, જ્યાં ટેક્ટોનિક પ્લેટોની ગતિવિધિઓને કારણે અવારનવાર ભૂકંપ અને જ્વાળામુખી વિસ્ફોટ થતા રહે છે.

આ જ કારણથી ફિલિપાઈન્સ વિશ્વના સૌથી વધુ આપત્તિગ્રસ્ત દેશોમાં ગણાય છે. અહીં દર વર્ષે ઘણા ભૂકંપ આવે છે અને લગભગ 20 વાવાઝોડા તથા ઉષ્ણકટિબંધીય ચક્રવાત પણ પહોંચે છે.

ઓક્ટોબર 2025માં ફિલિપાઈન્સના સેબુ પ્રાંતમાં આવેલા 6.9 તીવ્રતાના શક્તિશાળી ભૂકંપમાં 69 લોકોના મોત થયા હતા. આ આપત્તિમાં લગભગ 150 લોકો ઘાયલ થયા હતા.

## લોસ એન્જલસમાં મેયર પદ માટે ચૂંટણી

# રેસમાં કેરળમાં જન્મેલી નિત્યા રમણ પણ, કહ્યું-શહેરની ઓળખ મોટી ઈમારતો નહીં, ગરીબો સાથેનો વ્યવહાર

**લોસ એન્જલસ, તા.09**

કેરળમાં જન્મેલા નિત્યા રમણ (44) લોસ એન્જલસના મેયર પદની પ્રાથમિક ચૂંટણીમાં બીજા સ્થાને પહોંચી ગયા છે. તેઓ હવે નવેમ્બરમાં યોજાનારી ચૂંટણીમાં મેયર કેરેન બેસને પડકારતા જોવા મળી રહ્યા છે. 72 વર્ષીય કેરેન 34.7% મતો સાથે પ્રથમ સ્થાને છે. નિત્યાને 27.1% મત મળ્યા. મેયર પદનો ઉમેદવાર પ્રાથમિક ચૂંટણીમાં 50% થી વધુ મત મેળવીને સીધી જીત મેળવી શકે છે. નહીં તો ટોપ-2 ઉમેદવારો રનઓફ ચૂંટણીમાં સામસામે હોય છે.

લોસ એન્જલસ ન્યૂયોર્ક પછી અમેરિકાનું બીજું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર છે. હોલીવુડ પણ અહીં જ છે. નિત્યા કહે છે કે લોકોની મદદ માટે રાજકીય વિચારસરણી બનાવવામાં ભારતનું મહત્વનું યોગદાન છે. કેવી રીતે, જાણો તેમના જ શબ્દોમાં...

હું 6 વર્ષની ઉંમરે અમેરિકા આવી ગઈ હતી. શાળામાં સ્થળાંતરિત અને રંગ બંનેના આધારે ભેદભાવનો સામનો કર્યો. આ અનુભવે મારામાં સામાજિક ન્યાય પ્રત્યે ઊંડી સંવેદના જગાડી. હાર્વર્ડમાં પોલિટિકલ થિયરીનો અભ્યાસ કર્યો. એમઆઈટીમાંથી અર્બન પ્લાનિંગની ડિગ્રી લીધી. 2020માં પહેલીવાર લોસ એન્જલસ સિટી કાઉન્સિલમાં જીતી ત્યારે તેને 'રાજકીય ભૂકંપ' કહેવામાં આવ્યું. લોકો માને છે કે મારી રાજનીતિ અહીંથી શરૂ થઈ. પરંતુ, તેના મૂળ દિલ્હી અને ચેન્નઈની ઝૂંપડપટ્ટીમાં છે.



અભ્યાસ પછી હું ભારત પાછી ફરી. દિલ્હીમાં એક દિવસ જોયું કે એક વિશાળ ઝૂંપડપટ્ટી તોડી પાડવામાં આવી હતી. એક લાખથી વધુ લોકો બેઘર થઈ ગયા. આના પર ક્યાંય કોઈ ચર્ચા થઈ નહોતી. સમજાયું કે ગરીબોની સમસ્યા માત્ર ગરીબી નથી, પરંતુ તેમને અદૃશ્ય બનાવી દેવા એ છે. દિલ્હીએ સવાલો આપ્યા, તો ચેન્નાઈએ જવાબ. ત્યાં 'ટ્રાન્સપરન્ટ ચેન્નાઈ' પહેલ હેઠળ ઝૂંપડપટ્ટીઓનો નકશો બનાવવામાં આવ્યો. પાણી, શૌચાલય, ડ્રેનેજ અને મૂળભૂત સુવિધાઓનો ડેટા એકત્રિત કર્યો. બદલાવ માટે સંવેદનાની સાથે આંકડા પણ જરૂરી છે. શહેરી સમસ્યાઓ વ્યક્તિગત નથી, પરંતુ સિસ્ટમની નિષ્ફળતા હોય છે.

2013માં લોસ એન્જલસ પહોંચી. અહીં ઝૂંપડપટ્ટીઓની જગ્યાએ બેઘર લોકો ફૂટપાથ પર હતા. પ્રશાસનિક કાર્યાલયમાં નોકરી દરમિયાન બેઘર લોકો પર થતા ખર્ચ પર સંશોધનની જવાબદારી મળી. આના પર દર વર્ષે 10 કરોડ ડોલર ખર્ચ થઈ રહ્યા છે. પરંતુ, 90% ખર્ચ તેમને જેલમાં મોકલવા જેવા કામો પર હતો. આવાસ, પુનર્વસન અને કાયમી સમાધાન પર ખર્ચ ખૂબ ઓછો હતો. બદલાવ માટે રાજનીતિમાં ઉતરી.

જ્યારે મેં મેયરની ચૂંટણી લડવાનું વિચાર્યું ત્યારે લોકોએ કહ્યું કે આ યોગ્ય સમય નથી. મેં કહ્યું કે સંકટ ક્યારેય સમય જોઈને આવતા નથી. હું અહીં કારકિર્દી બનાવવા કે 20 વર્ષ સુધી ખુરશી પર ચોંટી રહેવા માટે આવી નથી. હું અર્બન પ્લાનર છું. રાજનીતિ મારો વ્યવસાય નથી, મારું કામ પૂરું કરવાનું એક સાધન છે. જો પરિવર્તનનો કોઈ સારો રસ્તો રાજનીતિની બહાર પણ દેખાશે તો હું તેને અપનાવવામાં સંકોચ નહીં કરું. કોઈપણ શહેરની મહાનતા તેની ચમકદાર ઈમારતોથી નહીં, પરંતુ તે તેના સૌથી નબળા નાગરિકો સાથે કેવું વર્તન કરે છે તેનાથી નક્કી થાય છે. જો એક શહેર દરેક વ્યક્તિને સન્માનજનક આવાસ, સુરક્ષિત જીવન અને તકો આપી શકતું નથી, તો તેની સમૃદ્ધિ અધૂરી છે.

## રનવે પર અગનગોળો બન્યું પ્રાઈવેટ જેટ: પાયલટ, કો-પાયલટનું મોત, લેન્ડિંગ દરમિયાન જમીન ઉપર ઉછળ્યું, ટેક્સાસ જઈ રહી હતી ફ્લાઈટ

**રોમાના, તા.09**



કેરેબિયન દેશ ડોમિનિકન રિપબ્લિકના લા રોમાના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક પ્રાઈવેટ જેટ ક્રેશ થયું. ઈમરજન્સી લેન્ડિંગના પ્રયાસ દરમિયાન વિમાન રનવે પર ઉછળ્યું અને જોતજોતામાં આગના મોટા ગોળામાં ફેરવાઈ ગયું. આ દુર્ઘટનામાં પાયલટ અને કો-પાયલટનું મૃત્યુ થયું.

ડોમિનિકન રિપબ્લિકના લા રોમાના આંતરરાષ્ટ્રીય હવાઈ મથકે એક ખાનગી વિમાન ક્રેશ થયું. આ બિઝનેસ જેટ રવિવારે ઈમરજન્સી લેન્ડિંગ દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત થયું. દુર્ઘટના બાદ વિમાનમાં આગ લાગી ગઈ. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે એરસ્ટ્રીપ સાથે અથડાયા બાદ વિમાન આગના મોટા ગોળામાં ફેરવાઈ ગયું. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ક્રૂના બંને સભ્યોના મોત થયા.

પ્રત્યક્ષદર્શીઓએ સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો શેર કર્યા છે. આ તસવીરો અને વીડિયોમાં વિમાનને ઈમરજન્સી લેન્ડિંગનો પ્રયાસ કરતું જોઈ શકાય છે. અકસ્માત પહેલાં વિમાન ખૂબ જ ઝડપથી રનવે પર ઘસડાતું જોવા મળ્યું હતું. ત્યારબાદ વિમાન રનવે પરથી લપસીને એરપોર્ટ પરિસરમાં જ ઘાસવાળા વિસ્તારમાં જતું રહ્યું અને તે જ સમયે ભીષણ આગ લાગી ગઈ. ડોમિનિકન નાગરિક ઉડ્ડયન સંસ્થા (IDAC)એ આ ઘટનાની પુષ્ટિ કરી છે. સંસ્થાએ જણાવ્યું કે પાયલટ અને સહ-પાયલટ જ વિમાનમાં સવાર હતા.

# બેઠક પહેલા ઈન્ડિયા ગઠબંધનમાં તણાવ વધ્યો : ઈન્ડિયા ગઠબંધનની બેઠક બોલાવવામાં આવી

૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પછી થયેલી તમામ રાજ્યોની ચૂંટણીમાં ઈન્ડિયા ગઠબંધનના વિવિધ પક્ષો વચ્ચે સમજૂતી શક્ય બની નથી. ઈન્ડિયા ગઠબંધનના નેતૃત્વ બાબતે કોઈપણ પક્ષ એકમત થઈ શક્યો નથી. રાહુલ ગાંધીનું નેતૃત્વ કોંગ્રેસ સિવાય બીજા કોઈપણ પક્ષને મંજૂર નથી. પશ્ચિમ બંગાળમાં ટીએમસીની હાર પછી મમતા બેનર્જીનું માન પણ ઓછું થઈ ગયું છે. હારેલા તમામ વિરોધપક્ષો ફરીથી ઈન્ડિયા ગઠબંધનને એક કરવા મથી રહ્યા છે. આજે ઈન્ડિયા ગઠબંધનની બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠક પહેલા જ તમામ પક્ષો વચ્ચેના મતભેદો જાહેર થઈ ગયા છે. સીપીઆઈએમએ કેરળ વિધાનસભા ચૂંટણી વખતે કોંગ્રેસે મુકેલા આરોપો બાબતે નારાજગી દર્શાવી છે. બીએમકેએ પણ નિર્ણયનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. સીપીઆઈએમના મહામંત્રી એમ એ બેબીએ કોંગ્રેસ પ્રમુખ મલ્લીકાર્જૂન ખડગેને પત્ર લખીને કહ્યું છે કે, એમનો પક્ષ ગઠબંધનની બેઠકમાં ભાગ લેશે અને રાજ્યસભાના સાંસદ જ્હોન બ્રિટાસ બેઠકમાં પક્ષનું પ્રતિનિધિત્વ કરશે. જોકે એમણે કોંગ્રેસ પર ગંભીર આરોપો પણ મૂક્યા છે.

દિલ્હીના જંતર મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના પ્રદર્શન વિશે સામસામી દલીલો થઈ રહી છે. કેટલાક એને યુવાનોનો આક્રોશ કહી રહ્યા છે, તો કોઈ એને ફક્ત સોશ્યલ મીડિયાની પ્રસિદ્ધિ ગણાવે છે. સીજેપીના સ્થાપક અભિજીત દિપકેએ દાવો કર્યો છે કે, જનંતર મંતર પર થયેલું પ્રદર્શન તો ફક્ત ટ્રેઈલર છે. જો યુવાનો એક થઈ જાય તો મોટું આંદોલન થઈ શકે છે. જો ૭ દિવસની અંદર કેન્દ્રીય શિક્ષામંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવામાં નહીં આવે તો આંદોલન તેજ કરવામાં આવશે. આ આંદોલન પર દેશ-વિદેશના મીડિયાની નજર છે. બ્રિટનના અખબાર ટેલિગ્રાફે લખ્યું છે કે સીજેપી ભારતમાં વધતી બેરોજગારી, પરીક્ષાના ગોટાળા અને રાજકીય વ્યવસ્થા વિરુદ્ધ યુવાનોનો ગુસ્સો પ્રદર્શિત કરે છે. અમેરિકાના અખબાર ધ વોશિંગ્ટન પોસ્ટએ લખ્યું છે કે સીજેપી એવા યુવાનોનો અવાજ બની રહી છે કે, જે પરીક્ષામાં થતી ગરબડો અને બેરોજગારીથી હેરાન પરેશાન છે.



મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે 'બૃહદ મુંબઈ ઈલેક્ટ્રીક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ' (બીઈએસટી) માટે એક રીડેવલપમેન્ટ યોજના તૈયાર કરવા માટે અધિકારીઓને આદેશ આપ્યો હતો. સરકારનું કહેવું હતું કે, આ પ્રોજેક્ટને કારણે બીઈએસટીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આધુનિકીકરણ થશે. એની નાણાકીય પરિસ્થિતિ પણ સુધરશે. બીઈએસટીના વિવિધ ડેપોનું મલ્ટિપર્પઝ ડેવલપમેન્ટ થશે. સરકારના આ નિર્ણયને કારણે મહારાષ્ટ્રમાં મોટો વિવાદ થયો હતો. મહારાષ્ટ્રમાં કેટલીક સરકારી જમીનોનું ખાનગીકરણ થઈ રહ્યું હોવાથી વિરોધપક્ષોએ આક્ષેપ મૂક્યો હતો કે, પોતાના મળતિયાઓને લાભ કરાવી આપવા માટે બીઈએસટીના ડેપોની જમીન હડપવામાં આવે છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટતા કરવી પડી હતી કે, રીડેવલપમેન્ટ માટે બીઈએસટીની માલિકીની કોઈપણ જમીન વેચવામાં આવશે નહીં, પરંતુ તમામ પ્રોજેક્ટ પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશીપ 'પીપીપી' મોડેલ હેઠળ પુરો કરવામાં આવશે. જમીનની માલિકી બીઈએસટી પાસે જ રહેશે.

એક્સના સીઈઓ એલોન મસ્કએ ભારતના ઘટતા જતા જન્મદર બાબતે ચિંતા જાહેર કરી છે. એમના કહેવા પ્રમાણે ભારતનો જન્મદર રિપ્લેસમેન્ટ કરતા નીચે ગયો છે. રિપ્લેસમેન્ટ સ્તર એને કહેવાય છે કે, વસ્તી વધતી નથી તો ઘટતી પણ નથી. મસ્કએ સોશ્યલ મીડિયા એક્સ પર પોસ્ટ મૂકીને લખ્યું છે કે, વધુ ભણેલા ગણેલા લોકોમાં ભારતનો જન્મદર ઘણા વર્ષોથી નીચે જઈ રહ્યો છે. મસ્કએ પોતાની વાત પુરવાર કરવા આંકડાઓ પણ લખ્યા છે. ઈતિહાસમાં પહેલી વખત ભારતમાં વસ્તીનો દર નીચે જઈ રહ્યો છે. એક દશકમાં કુલ પ્રજનનદર ૨.૩ થી ઘટીને ૧.૯નો થઈ ગયો છે. દિલ્હીનો પ્રજનનદર ૧.૨ છે જે ફિનલેન્ડ કરતા પણ ઓછો છે.

ભૂતપૂર્વ ક્રિકેટર અને તૃણમુલ કોંગ્રેસના સાંસદ યુસુફ પઠાણ વિવાદમાં છે. થોડા દિવસો પહેલા એવી વાત થતી હતી કે, ટીએમસીના પ્રમુખ અને બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ યુસુફ પઠાણને સાંસદની બેઠક પરથી રાજીનામું આપવા કહ્યું હતું કે જેથી તેઓ પેટા ચૂંટણી લડીને સંસદમાં જઈ શકે. રાજકીય વર્તુળોમાં એવી વાત ફેલાય હતી કે, યુસુફ પઠાણે બેઠક ખાલી કરવાની ધરાર ના પાડી દીધી હતી. મમતા બેનર્જી યુસુફ પઠાણથી ખુબ નારાજ થઈ ગયા હતા અને એમને ખૂબ આઘાત લાગ્યો હતો. ત્યાર પછી યુસુફ પઠાણે એક વીડિયો પોસ્ટ કર્યો હતો. જેમાં તેઓ એવો ખુલાસો કરતા જોવા મળ્યા કે, મમતા બેનર્જીએ એમને કદી બેઠક ખાલી કરવાનું કહ્યું નહોતુ. યુસુફ પઠાણ ગમે તે કહે, પરંતુ બંગાળમાં ટીએમસીના સફાયા પછી તેઓ પણ મમતા બેનર્જી માટે બલીનો બકરો બનવા તૈયાર નથી. ભૂતકાળમાં જ્યારે જ્યારે યુસુફ પઠાણે મમતા બેનર્જીને સંબોધન કર્યું છે ત્યારે મમતાના નામની આગળ માનનીય શબ્દ લગાડયો છે. વીડિયોમાં તેઓ ફક્ત મમતા કહેતા નજરે પડે છે. ટીએમસીના વર્તુળો જ કહી રહ્યા છે કે, યુસુફના ખુલાસાથી મમતા બેનર્જી ખુશ થયા નથી.

થોડા સમય પહેલા સુપ્રિમ કોર્ટે એનસીઈઆરટીનું આઠમાં ધોરણનું સોશ્યલ સાયન્સનું પાઠય પુસ્તક 'એક્સપ્લોરિંગ સોસાયટી : ઈન્ડિયા એન્ડ બિયોન્ડ' ફરીથી એકવાર પ્રકાશીત કર્યું છે. આ પુસ્તકમાં ન્યાયતંત્રના ભ્રષ્ટાચાર વિશે લખવામાં આવ્યું હતું. આ લખાણથી સપ્રિમ કોર્ટના ન્યાયાધીશો ખુબ નારાજ થઈ ગયા હતા. જેમણે પુસ્તક પર પ્રતિબંધ મૂકી દીધો હતો. બજારમાં વેચવા મૂકાયેલી તમામ કોપીઓ પરત ખેંચી લેવાનો હુકમ પણ સુપ્રિમ કોર્ટે કર્યો હતો. ત્યાર પછી એનસીઈઆરટીના અધિકારીઓએ ખૂબ જ સાવચેતી રાખીને ફરીથી આ પુસ્તક પ્રકાશીત કર્યું છે. હવે આ મહિનામાં પુસ્તક ફરીથી વેચવા માટે મુકાશે. ન્યાયાધીશોનું માનવું હતું કે, ન્યાયતંત્ર ભ્રષ્ટ છે એવું જ્યારે પુસ્તકમાં લખાય ત્યારે ભવિષ્યની પેઢીની માનસીકતા પર ખરાબ અસર પડી શકે એમ હતું.

દિલ્હીના ન્યુ અશોકનગર વિસ્તારમાં દિલ્હી યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર દેબોસ્મિતા પોલની હત્યા બાબતે પોલીસને નવા પુરાવા મળ્યા છે. પોલીસે પશ્ચિમ બંગાળમાંથી એક દંપતીની ધરપકડ કરી છે. પ્રોપર્ટી વિવાદને કારણે આ બેવડી હત્યા થઈ હતી. આ મામલો ૧૪૦૦ કીલોમીટર દુર પશ્ચિમ બંગાળમાં આવેલી મિલ્કત સાથે જોડાયેલો છે. શરૂઆતની તપાસમાં એવી વાત સામે આવી હતી કે, મૃતક પ્રોફેસર દેબોસ્મિતા પોલ અને જેમની ધરપકડ થઈ હતી એ મકાન માલિક વચ્ચે પશ્ચિમ બંગાળમાં આવેલી એક મિલકત બાબતે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. પ્રોફેસર પોતાના નાનાની મિલકત ખાલી કરાવવા માંગતા હતા. આરોપી એ મિલકત પર પોતાનો કબજો છોડવા માંગતા નહોતા. આ વિવાદ ધીરે ધીરે એટલો ગંભીર થઈ ગયો કે આરોપીઓએ પ્રોફેસરની હત્યા કરવા માટેની યોજના બનાવી. પોલીસના કહેવા પ્રમાણે આ હત્યાનું કાવતરું ખુબ જ વિચારીને બનાવવામાં આવ્યું હતું જેને માટે આરોપીઓ પશ્ચિમ બંગાળથી દિલ્હી ગયા હતા.

## તંત્રી લેખ

# ઓનલાઇન બેટિંગના વળગણના પગલે 18 વર્ષના પુત્રએ હિંસાનો ક્રૂર ખેલ રચ્યો

રીયલ મની ગેમ પર કેન્દ્ર સરકારે ભારતમાં પ્રતિબંધ મુક્યો હોવા છતાં વિવિધ સોર્સ મારફતે ગેમ રમનારા આખો દિવસ તેને વળગેલા રહે છે. સરકારે ઓનલાઇન ગેમીંગ એક્ટ હેઠળ પ્રતિબંધો પણ મુક્યા છે અને દંડનીય જોગવાઈ પણ રાખી છે. રીયલ ઓનલાઇન ગેમના પ્રમોશન પર પણ પ્રતિબંધ છે. છતાં રમનારા પોતાનું પ્લેટફોર્મ શોધી લે છે. એપ સ્ટોરમાંથી એપ ડાઉનલોડ થતી નથી કે સત્તાવાર જાહેરાતો પણ બંધ કરી દેવામાં આવી છે. છતાં વેબસાઈટમાંથી ડાઉનલોડ કરી શકાય છે. દરેક બેટિંગ એપ્સનું એક અંડરગ્રાઉન્ડ તંત્ર ચાલે છે અને એમાં બેરોકટોક બેટિંગ કરી શકાય છે.

વરલી મટકા પર પ્રતિબંધ હોવા છતાં પોલીસ તંત્રની રહેમ નજર હેઠળ વરલી મટકા અને જુગારના અડ્ડા ચાલતા હોય છે. સુપ્રીમ કોર્ટે ગેમીંગ કંપનીઓ પર પાછલી અસરથી ૨૮ ટકા જીએસટી લેવાનો ચુકાદો આપીને તેમની કમર તોડી નાખી હતી. છતાં કેટલીક કંપનીઓ બીજા નામે એપ શરૂ કરે છે. તેમાં હોમ પેજ પર હેતુ અલગ હોય છે પરંતુ અંદર પૈસાની ગેમ રમાડાતી હોય છે.

ઓનલાઈન ગેમીંગ ઓથોરીટી ઓફ ઈન્ડિયા તેમજ ડાયરેક્ટર જનરલ ઓફ જીએસટી ઈન્ટેલીજન્સ જેવી એજંસીઓ ઓનલાઈન ગેમીંગ અટકાવવા પર નજર રાખે છે પરંતુ સાયબર ગેમીંગ રમાડનારા વધુ ઉસ્તાદ સાબિત થયા છે. કર્ણાટકના કોપાલ જીલ્લામાં ઓનલાઈન બેટીંગ-જુગારના રવાડે ચઢેલા ૧૮ વર્ષના છોકરા મનદીપે આચરેલો હત્યા કાંડ બહુ આઘાત જનક છે. ઓનલાઈન બેટીંગમાંથી સંતાનને છોડાવવા તેના મા-બાપ રોજ તેને સમજાવતા હતા. પરંતુ સાંઈ વેંકટા મનદીપ સતત રોકટોકથી બહુ છંછેડાયેલો રહેતો હતો. છેલ્લા એક વર્ષમાં તે તે સટ્ટામાં તે કુટુંબના ૧૫ લાખ રૂપિયા હારી ગયો હતો.બે દિવસ અગાઉ તેણે તેના મા-બાપ અને બહેન પર ચાકુથી હુમલો કર્યો હતો. હુમલા બાદ તેણે પોતાની ઉપર પણ ચાકુ ચલાવ્યું હતું.

તેના ૪૫ વર્ષના પિતાનું મૃત્યુ થયું હતું જ્યારે તેની ૧૯ વર્ષની બહેન પ્રગતિ સ્થળ પર જ મૃત્યુ પામી હતી અને માતા જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઇ રહી છે. ઘટના બની ત્યારે મનદીપના દાદા ઉપસ્થિત હતા. તેમણે પાડોશીઓને બૂમો પાડીને બોલાવ્યા હતા.

પોલીસે પણ નોંધ્યું છે કે પુત્રના બેટીંગના વળગણના કારણે પરિવાર પૈસાની ખેંચ અનુભવતો હતો.મોબાઈલ આંચકી લેવો અશક્ય બની જાય છે. બહુ બળજબરી કરાય તો તેને શાંત કરવા બહુ ધમ પછાડા કરવા પડે છે. જ્યારે ટીનેજર્સ ઓનલાઈન ગેમ્સમાં બેટીંગ અટલેકે સટ્ટાબાજીની ગેમ રમવાના રવાડે ચઢે છે ત્યારે તેને તે વ્યસનમાંથી મુક્ત કરવામાં બહુ સમય લાગે છે. આવા લોકો ગેમ રમતા હોય ત્યારે પોતાને મળેલા વિજયથી એકલા- એકલા ચીચીયારીઓ પાડતા નજરે પડે છે. યુવાનોમાં ઓનલાઈન બેટીંગ ગેમનું વળગણ એટલા મોટા પાયે હોય છે કે તે તેના વાલીઓનું પણ માનતો નથી. પોતાનો છોકરો હાથમાંથી સરકી ગયો હોવાનું જાણવા છતાં તેમનો સંતાન પ્રેમ તેમને કડક પગલાં લેતા અટકાવે છે. જ્યારે પણ ઓનલાઈન ગેમીંગના કારણે બનતી ઘટના પ્રકાશમાં આવે છે ત્યારે ફેબ્રુઆરી ૨૦૨૬માં કોરિયન ગેમ્સના વળગણમાં ૧૨,૧૪ અને ૧૬ વર્ષની ત્રણ છોકરીઓ નવમા માળેથી કૂદીને આપઘાત કર્યો હતો. ત્યારે પણ ઓનલાઈન ગેમ્સના દૂષણો અંગે બહુ ચર્ચા થઈ હતી. આપઘાત કરનાર ત્રણેય છોકરીઓએ લખ્યું હતું કે સોરી,પપ્પા કોરિયન ગેમ અમારી જીંદગી છે. ત્રણેય છોકરીઓ કોરિયન ગેમમાં એટલી ગળાડૂબ હતી કે તેમના પોતાના નામ પણ કોરિયામાં બોલાતા નામ પર રાખ્યા હતા. તેમની પાસેથી જ્યારે ગેમ માટે વપરાતા મોબાઈલ અને કોમ્પ્યુટર છીનવી લેવાયા ત્યારે તેમણે એક પછી એક કૂદીને અપાઘાત કર્યો હતો. ગાઝીયાબાદની આ ઘટના ખૂબ કમકમાટી ભરી હતી. ઓનલાઈન બેટીંગ રમાડતી કંપનીઓ લોકોને એક વાર જીતાડે છે અને ચાર વાર હરાવે છે. હારનાર માણસ વધુ રમે તે માટે લોનની એપ પણ ડાઉનલોડ કરાવે છે. વર્ષોથી ગલી-ખૂંચીમાં રમાડાતો જુગાર હવે ઓનલાઈન રમાડાય છે.

**ભારતમાં 6.5 કરોડ લોકો ઝુંપડામાં રહેવા મજબૂર, એક અહેવાલ પ્રમાણે ભારતના શહેરોમાં રહેનારો દર છઠ્ઠો વ્યક્તિ ઝુંપડી અથવા તો પછાત વિસ્તારમાં રહેવા માટે મજબૂર છે. તેના કારણે ઝુંપડપટ્ટીઓની સંખ્યામાં મોટાપાયે વધારો થયો છે : મુંબઈમાં આવેલા ધારાવી વિશ્વની સૌથી મોટી ઝુંપડપટ્ટી છે. અહીંયા ૧૫ લાખ કરતા વધારે લોકો રહે છે. તેવી જ રીતે કોલકાતાની એક તૃતિંયાંશ વસતી ઝુંપડા અથવા તો સ્લમ વિસ્તારમાં રહેવા માટે મજબૂર છે. અહીંયા બસંતી સ્લમ ખૂબ જ મોટો વિસ્તાર છે જ્યાં લાખો લોકો સુવિધાવગરની જિંદગી પસાર કરે છે. ચેન્નઈની 28 ટકા વસતી સ્લમ વિસ્તારોમાં રહે છે**

# ભારતમાં મધ્યમ વર્ગની 70 ટકા આવક દેવા-દવામાં ખર્ચાય છે

## ડિજિટલ યુગની વાતો ભલે થતી પણ આજેય શહેરોમાં લાખો લોકો ગંદી ઝુંપડપટ્ટીઓમાં રહે છે જેમાં નામમાત્રની પણ સુવિધાઓ નથી

દલ્હીમાં જે.જે. ક્લસ્ટર્સ અને યમુના કિનારે ભલસ્વા જેવા સ્લમ વિસ્તારમાં લોકો અત્યંત દુર્ગંધ મારતા પાણી અને કચરા વચ્ચે રહેવા માટે મજબૂર છે : ભારતના મોટા અને મુખ્ય શહેરોમાં 1 કરોડ કરતા વધારે મકાનોની અછત છે. 2030ના અંત સુધીમાં દેશના મોટા શહેરોમાં 3.5 કરોડ કરતા વધારે મકાનોની અછત સર્જાશે. દેશમાં નફાખોરી, ભ્રષ્ટાચાર, તોતિંગ કરવેરાના કારણે કુલ મકાનોના 53 ટકા મકાનો લક્ઝરી કેટેગરીમાં જ બનાવવામાં આવે છે. તેના પગલે મધ્યમવર્ગ માટે મકાનો બનતા નથી અને ગરીબોને ઝુંપડામાં રહેવા સિવાય કોઈ વિકલ્પ વધતો નથી



સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તાજેતરમાં એક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ અહેવાલોએ ભારતના વિકાસ, વર્ચ્યુઅલ રિયાલિટી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને આધુનિકતાની પોલ ખોલી કાઢી હતી. આ અહેવાલમાં જણાવાયું છે કે, વિકાસની આંધળી દોટ કરનારા લોકોના કારણે આર્થિક, સામાજિક અને રાજકીય સમસ્યા ઊભી થઈ છે. આ અહેવાલ જણાવે છે કે, વિશ્વની કુલ વસતીના ૪૦ ટકા લોકો પાસે રહેવા યોગ્ય મકાન નથી. તેમાંય ભારતની સ્થિતિ વધારે ખરાબ છે. ભારતમાં અંદાજે ૬.૫ કરોડ કરતા વધારે લોકો ઝુંપડા અને સ્લમ વિસ્તારોમાં રહેવા માટે મજબૂર છે.

ભારતના કરોડો લોકો પાસે રહી શકાય તેવું સુરક્ષિત, સામાન્ય સુવિધાઓ ધરાવતું અને તેમને પરવડે તેવું મકાન જ નથી. આ લોકો કાચા, તુટેલા અને કામચલાઉ મકાનોમાં વસે છે. વિકસિત શહેરોના દેખાતી ચમકધમકની વચ્ચે લાખો લોકો આ શહેરોમાં કાચા મકાનોમાં, ઝુંપડીઓમાં અને પતરાળી બાંધીને કે ફૂટપાથ ઉપર જીવન પસાર કરે છે. આ લોકોની સ્થિતિ તો અત્યંત કફોડી અને દયનીય છે. વિકાસની આંધળી દોડમાં સમાજનો એક એવો વર્ગ પાછળ રહી ગયો છે અથવા તો રાખી દેવામાં આવ્યો છે તેના માથે મજબૂત છત અને ઘરમાં ખાવા માટે બે ટંકનું ભોજન નથી.

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્લ્ડ સિટી રિપોર્ટ્સ ૨૦૨૬ નામનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. તેમાં જણાવાયું છે કે, ભારતમાં રાજકીય કાવાદાવ, ભ્રષ્ટાચાર, બાબુશાહી અને લાંચીયા વૃત્તિને પગલે રહેઠાણનું મોટું સંકટ સર્જાયું છે. આ સમસ્યા માત્ર શહેરો પૂરતી સિમિત નથી. હવે તે નાના ગામડા સુધી પહોંચી ગઈ છે. તેના કારણે સામાજિક ન્યાય, આર્થિક સમાનતા, પર્યાવરણની સ્થિરતા અને સૌથી મોટી તો માનવીય ગરિમાને વ્યાપક ઠેસ પહોંચી છે. ચિંતાજનક બાબત એ છે કે, મકાનોના સતત વધતા ભાવ, મોંઘવારી, વધતા ભાડા અને મર્યાદિત મકાનોની ઉપલબ્ધતાના કારણે લાખો લોકો ઘરવિહોણા જોવા મળે છે. લોકો પાસે ઘર ન હોવું પણ હવે એક મોટો પડકાર છે.

જાણકારોના મતે શહેરીકરણમાં જે સ્તરે ઝડપ આવી છે તેના પગલે ગામડા તૂટયા છે અને શહેરોમાં લોકોની પાસે રહેવા માટે મકાનો નથી. ભારતમાં શહેરીકરણને લીધે સમસ્યા સર્જાઈ છે. યુએનના અહેવાલ પ્રમાણે ભારત વિશ્વના સૌથી ઝડપી શહેરીકરણ કરનારા અર્થતંત્રમાં સ્થાન ધરાવે છે. યુએનના મતે ૨૦૫૦ સુધીમાં ભારતની લગભગ અડધી વસતી શહેરોમાં જ રહેવા લાગશે. અત્યારની સ્થિતિમાં પણ કરોડો લોકો સારું શિક્ષણ, રોજગાર, સુવિધાઓ, સ્વાસ્થ્ય અને નવી શક્યતાઓની શોધમાં ગામડા છોડીને શહેરોમાં ઠલવાઈ રહ્યા છે. શહેરો પણ વ્યાપક રીતે અને ઝડપથી વિસ્તરી રહ્યા છે. શહેરો મોટા થઈ રહ્યા છે પણ છતાં લોકો માટે રહેવા માટે મકાનો નથી. એક તરફ શહેરોમાં સ્કાયસ્ક્રેપર્સ બની રહ્યા છે પણ બીજી તરફ હજારો લોકો ઝુંપડીઓમાં રહેવા માટે મજબૂર છે.

ભારતમાં અધિકારીક રીતે કરોડો લોકો ઝુંપડામાં રહે છે. એક અહેવાલ પ્રમાણે ભારતના શહેરોમાં રહેનારો દર છઠ્ઠો વ્યક્તિ ઝુંપડી અથવા તો પછાત વિસ્તારમાં રહેવા માટે મજબૂર છે. સરેરાશ જોવા જઈએ તો શહેરોની ૧૭ ટકા વસતી ઝુંપડામાં જ રહે છે. તેના કારણે ઝુંપડપટ્ટીઓની સંખ્યામાં મોટાપાયે વધારો થયો છે. મુંબઈમાં આવેલા ધારાવી વિશ્વની સૌથી મોટી ઝુંપડપટ્ટી છે. અહીંયા ૧૫ લાખ કરતા વધારે લોકો રહે છે. તેવી જ રીતે કોલકાતાની એક તૃતિંયાંશ વસતી ઝુંપડા અથવા તો સ્લમ વિસ્તારમાં રહેવા માટે મજબૂર છે. અહીંયા બસંતી સ્લમ ખૂબ જ મોટો વિસ્તાર છે જ્યાં લાખો લોકો સુવિધાવગરની જિંદગી પસાર કરે છે. ચેન્નઈની ૨૮ ટકા વસતી સ્લમ વિસ્તારોમાં રહે છે. દલ્હીમાં જે.જે. ક્લસ્ટર્સ અને યમુના કિનારે ભલસ્વા જેવા સ્લમ વિસ્તારમાં લોકો અત્યંત દુર્ગંધ મારતા પાણી અને કચરા વચ્ચે રહેવા માટે મજબૂર છે.

પરિસ્થિતિ એવી છે કે, ભારતીય શહેરોમાં લાખો લોકો ગેરકાયદે ઝુંપડપટ્ટીઓમાં રહે છે. તેમાં પીવાનું ચોખ્ખું પાણી, શૌચાલય, અન્ય સેનિટેશનની સુવિધાઓ, સ્વચ્છતા, ગટર યોજના, સ્વાસ્થ્ય સેવાઓનો વ્યાપક અભાવ હોય છે. અહીયા રહેનારા મોટાભાગના લોકો બીમારી, અભાવ, કુદરતી આપત્તીઓ કે મહામારીઓનો મોટાપાયે શિકાર થતા હોય છે. શહેરી અર્થતંત્રનો મહત્ત્વનો ભાગ હોવા છતાં આ લોકો પાસે પ્રાથમિક સુવિધાઓ હોતી નથી. ભારતમાં સરકારી અધિકારીઓ, બિલ્ડરો અને નેતાઓની મિલિભગને પરિણામે જમીનોના ભાવ આસમાને પહોંચ્યા છે. મોટા શહેરોમાં કરોડોની જમીન લીધા બાદ એફએસઆઈ, ટેક્સ અને અન્ય લક્ઝરીના નામે કરોડો રૂપિયાની કિંમતના ફ્લેટ અને મકાનો વેચવામાં આવી રહ્યા છે. ભ્રષ્ટાચાર અને સુવિધાના ખર્ચા સેટલ કરવા માટે થઈને આ બધું કરાઈ રહ્યું છે. સરકાર દ્વારા ઝુંપડા ખાલી કરાવીને તેમને સરકારી આવાસમાં ગોઠવવામાં આવી રહ્યા છે. આવી આવાસ યોજનાઓ પણ ભ્રષ્ટાચારનું જ મોટું કેન્દ્ર છે. સૌથી પહેલાં તો શહેરથી અત્યંત દૂર આવાસ બનાવવામાં આવે છે. તેમાં પણ સરકારી અધિકારીઓ, નેતાઓ, મંત્રીઓ દ્વાર કથિત રીતે પોતાના મળતીયાઓને ફ્લેટો પધરાવી દેવાય છે. તેમને સસ્તા ભાવે ફ્લેટ આપી દેવાય છે અને લોકો રાહ જોતા રહી જાય છે. આ ફ્લેટો પણ સામાન્ય સુવિધા ધરાવતા હોય છે. તેના ભાડાની આવકના કાળા બજાર શરૂ થઈ જતા હોય છે. તેના પગલે લોકો ફરી નવી ઝુંપડીઓ બાંધી લે છે અને શહેરમાં ક્યાંક સેટલ થઈ જાય છે. તેના પગલે ગંદકી, રોગચાળો વધ્યા કરે છે. લોકો રિબાયા કરે છે.

મહત્ત્વની વાત એ છે કે, મકાનોની કિંમત અને આવક વચ્ચેની સરેરાશ છે તેમાં મોટો તફાવત આવી રહ્યો છે. તેના કારણે લોકો ઈચ્છે અને મહેનત કરે તો પણ મકાન ખરીદી શકવાની સ્થિતિમાં નથી. જાણકારોના મતે ૨૦૧૦માં મકાનોની કિંમત અને આવકની સરેરાશ ૯.૫ ટકા હતી. ૨૦૨૩માં આ સરેરાશ ૧૧.૭ ટકા થઈ ગઈ છે. તેમાંય મધ્ય અને સાઉથ એશિયામાં તો આ સરેરાશ ૧૬.૮ ટકા પહોંચી ગઈ છે. મુંબઈમાં આવક અને મકાન કિંમતોની સરેરાશ ૧૪.૧ ટકા જ્યારે દિલ્હીમાં ૧૦.૧ ટકા નોંધવામાં આવી છે.

દેશના આઠ મોટા શહેરોમાં નવા પ્રોજેક્ટ્સ ખૂબ જ વધી રહ્યા છે પણ લોકોને પરવડે તેવા નથી. અહીંયા અફોર્ડેબલ હાઉસિંગનો કોન્સેપ્ટ ભુંસાઈ રહ્યો છે. એક સમયે અફોર્ડેબલ હાઉસિંગની સંખ્યા ૨૦૧૮ સુધી ૫૨ ટકા હતી જે ૨૦૨૫માં માત્ર ૧૭ ટકા રહી ગઈ છે. મોટાભાગના ડેવલપર્સ લક્ઝુરિયસ સુવિધાઓને પ્રાધાન્ય આપવા લાગ્યા છે.

વૈશ્વિક સ્તરે ઘર વિહોણા લોકોની સરેરાશ કાઢવામાં આવે તો ચીનમાં દર ૧૦૦૦૦ વ્યક્તિએ ૨૧ લોકો બેઘર છે. ભારતમાં આ આંકડો ૧૩ છે જ્યારે વિકસિત, મહાસત્તા અને જગતજમાદાર ગણાતા અમેરિકામા ૨૦ લોકો બેઘર છે. બ્રાઝિલમાં આ આંકડો ૧૧ જેટલો છે.

ભારતના શહેરોમાં મકાનોની મોટી અછત છે. બિલ્ડરો નફાખોરી અને કાળી કમાણી કરવા મોંઘાદાટ મકાનો બનાવે છે. સામાન્ય લોકો, ગરીબો કે મધ્યમવર્ગ માટે પોસાય તેવા ઘર બનાવાતા જ નથી. સરકારી અધિકારીઓ, નેતાઓની લાંચ અને વહેવારો તથા બિલ્ડરોની નફાખોરી અને બેફામ રીતે ઉઘરાવાતા કરવેરા કાઢવામાં આવે તો હાલમાં સરેરાશ ૭૫ લાખમાં વેચાતું મકાન લોકોને ૨૫ થી ૩૦ લાખની કિંમત સુધી મળી જાય તેમ છે. તાજેતરનો જ અર્બન હાઉસિંગ ડેફિસિટનો અહેવાલ જણાવે છે કે, ભારતના મોટા અને મુખ્ય શહેરોમાં ૧ કરોડ કરતા વધારે મકાનોની અછત છે. આ દાયકાના અંત સુધીમાં એટલે કે ૨૦૩૦ના અંત સુધીમાં દેશના મોટા શહેરોમાં ૩.૫ કરોડ કરતા વધારે મકાનોની અછત સર્જાશે. દેશમાં ખાનગી સેક્ટરમાં જે સ્થિતિ છે તેના પગલે નવા પ્રોજેક્ટના અફોર્ડેબલ મકાનો બનતા જ નથી. ૨૦૨૧માં આવા મકાનોની ભાગીદારી કુલ ઈન્ફ્રાપ્રોજેક્ટ્સમાં ૨૬ ટકા હતી જે હાલમાં ૧૦ ટકા ઉપર આવી ગઈ છે. દેશમાં નફાખોરી, ભ્રષ્ટાચાર, તોતિંગ કરવેરાના કારણે કુલ મકાનોના ૫૩ ટકા મકાનો લક્ઝરી કેટેગરીમાં જ બનાવવામાં આવે છે. તેના પગલે મધ્યમવર્ગ માટે મકાનો બનતા નથી અને ગરીબોને ઝુંપડામાં રહેવા સિવાય કોઈ વિકલ્પ વધતો નથી.

# કર્મ અને કૃપાનો સંગમ: વણિક શેઠની કથા દ્વારા અધિક માસના વ્રતમાં નિષ્ઠાનો મહિમા

પુરુષોત્તમ અધિક માસ અંતિમ તબક્કામાં ભક્તિભાવ પૂર્વક સડસડાટ પસાર થઈ રહ્યો છે ત્યારે આજે આપણે જોઈએ તો હિંદુ પંચાંગમાં દર ત્રણ વર્ષે આવતો અધિક માસ એ કોઈ 'મલમાસ' કે અશુભ મહિનો નથી. સ્વયં ભગવાન શ્રીવિષ્ણુએ આ માસને પોતાનું નામ આપીને 'પુરુષોત્તમ માસ' બનાવ્યો છે. જેમ કોઈ કંપની વર્ષના અંતે બોનસ આપે, તેમ કાળચક્રમાં આ મહિનો ભક્તિ માટે મળેલો 'બોનસ ટાઈમ' છે. આ સમયમાં કરેલું દાન, જપ, વ્રત અને કથા શ્રવણ અનેકગણું ફળ આપે છે, કારણ કે આ માસનો દરેક દિવસ પુરુષોત્તમ ભગવાનને સમર્પિત છે. આ માસનું સંપૂર્ણ માહાત્મ્ય પુરુષોત્તમ માહાત્મ્ય ગ્રંથમાં વર્ણવેલું છે. તેના ચોવીસમા અધ્યાયમાં આવતી વણિક શેઠની કથા આજના સમયમાં પણ એટલી જ પ્રસ્તુત છે. આ કથા વ્રતની વિધિ કરતાં પણ વધુ તો વ્રત પાછળના ભાવનું મહત્ત્વ સમજાવે છે.

*કથાનો સાર: વણિક શેઠની ચડતી-પડતી એક નગરમાં ધનવાન વણિક શેઠ રહેતા હતા. તેઓ પરંપરાથી દરેક અધિક માસમાં પૂરા નિયમથી વ્રત કરતા. પ્રારંભમાં તેમનો ભાવ ખૂબ સારો હતો. ધીમે ધીમે લક્ષ્મીની વૃદ્ધિ થઈ, કુટુંબ વધ્યું અને વ્યવહારનો વ્યાપ વધ્યો. ધન અને કુટુંબના મોહમાં તેમની પૂજા યાંત્રિક બની ગઈ. શરીર મંદિરમાં રહે, પણ મન દુકાનના હિસાબમાં રહે. વ્રતના નિયમોમાં ત્રુટિ થવા લાગી. એક ટંક ભોજનને બદલે સ્વાદનું મહત્ત્વ વધ્યું, મૌનને બદલે વ્યવહારની ચર્ચા વધી. સૌથી મોટો દોષ આવ્યો અહંકારનો. દાન કરતી વખતે મનમાં થવા લાગ્યું કે "હું આટલું દાન કરું છું, મંદિરમાં મારા નામનું પાટિયું છે. મારા જેવું વ્રત કોણ કરે?" જ્યાં 'હું' આવ્યો ત્યાં 'હરિ' દૂર થઈ ગયા. બાહ્ય ક્રિયાકાંડ ચાલુ રહ્યા, પણ અંતરનો ભાવ સુકાઈ ગયો.

કર્મનો સિદ્ધાંત અફર છે. અહંકાર અને બેદરકારીથી વ્રત



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ખંડિત થયું. પરિણામ તરત દેખાયું. જે લક્ષ્મી સ્થિર હતી તે ચંચળ થઈ ગઈ. ધંધામાં એક પછી એક ખોટ આવવા લાગી. ઘરમાં માંદગી અને કલેશે પ્રવેશ કર્યો. જે સગા-સંબંધી માન આપતા હતા તેઓ મોઢું ફેરવવા લાગ્યા. શેઠ સમજી ન શક્યા કે ધર્મ કરતાં હોવા છતાં દુઃખ કેમ આવે છે? દુઃખની પરાકાષ્ઠાએ તેઓ એક પહોંચેલા સંતને શરણે ગયા. સંતે કહ્યું, "શેઠ, તમારું વ્રત શરીરથી થયું, મનથી નહીં. દાન હાથે થયું, હૃદયથી નહીં. તમે ભગવાનને વસ્તુ ધરી, ભાવ ન ધર્યો. જ્યાં કર્તાપણું છે ત્યાં કૃપા નથી ટકતી." સંતના શબ્દોથી શેઠની આંખ ખૂલી ગઈ. પોતાની ભૂલ સમજાઈ. *પ્રાયશ્ચિત અને કૃપાનો અનુભવ પસ્તાવા સાથે શેઠે ફરી અધિક માસનું વ્રત આરંભ્યું. આ વખતે રીત બદલાઈ ગઈ. હવે "હું કરું છું"એ અભિમાન ન હતું, પણ "પ્રભુ, તમે કરાવો તો જ થાય" એ દીનતા હતી. એક ટંક સાદું ભોજન, બ્રહ્મચર્ય, સત્ય અને મૌનનું પાલન કર્યું. પણ સૌથી વધુ મહત્ત્વ આપ્યું નામસ્મરણને. દાન ગુપ્ત રીતે કર્યું. મંદિરમાં જઈને પ્રભુ સામે રડી પડ્યા, "હે પુરુષોત્તમ, ભૂલ થઈ. હવે આ જીવન તમારા ચરણે." ભક્તવત્સલ ભગવાન ભાવના ભૂખ્યા છે. શેઠની નિષ્ઠા અને દીનભાવ જોઈને પ્રભુએ કૃપા કરી. ધીમે ધીમે ખોવાયેલી લક્ષ્મી પાછી આવી, ધંધો ફરી ચાલ્યો, ઘરમાં શાંતિ થઈ. પણ આ વખતે શેઠ બદલાઈ ગયા હતા. હવે ધન હતું પણ ધનનું અભિમાન ન હતું. તેમને સમજાયું કે સાચું ધન લક્ષ્મી નહીં,શ્રદ્ધા છે.

*ચોવીસમા અધ્યાયના ત્રણ મહા બોધ ધર્મનું રહસ્ય ભાવ જ મુખ્ય વ્રત એટલે માત્ર ઉપવાસ કે માળા નથી.મનની શુદ્ધિ,અહંકાર નો ત્યાગ અને સમર્પણ એ જ સાચું વ્રત છે.દાન "હું કરું છું" એ ભાવથી નહીં, પણ "પ્રભુ મારી પાસે કરાવે છે, આ બધું તેમનું જ છે"એ ભાવથી કરવું જોઈએ જ્યાં સુધી કર્તાપણું છે ત્યાં સુધી કર્મ બંધન બનશે. જ્યારે કર્તા પણું છૂટશે ત્યારે એ જ કર્મ મુક્તિ બનશે. *કર્મનો સિદ્ધાંત: પ્રાયશ્ચિતનો માર્ગ માણસ છીએ એટલે જાણી-અજાણી ભૂલ થાય. બેદરકારી અને અહંકારથી જો વ્રત ખંડિત થાય તો ગભરાવાનું નથી. શાસ્ત્ર પ્રાયશ્ચિતનો માર્ગ બતાવે છે. પોતાની ભૂલનો સાચો પસ્તાવો અને હરિનું નિરંતર નામસ્મરણ એ સર્વશ્રેષ્ઠ પ્રાયશ્ચિત છે. ભગવાનને આપણા આંસુ વહાલા છે, આપણા અભિમાન નહીં. *ફળ પ્રાપ્તિ: અહંકારનો મેલ ધોવાય આ કથાના શ્રવણ-પઠન માત્રથી જીવનમાં વિવેક જાગે છે. મનમાં વર્ષોથી જામેલો "હું, મારું" નો મેલ ધોવાઈ જાય છે. જ્યારે અહંકારનો પડદો હટે ત્યારે ભગવાન વિષ્ણુની કૃપાનો સૂર્યપ્રકાશ સીધો હૃદયમાં પડે છે. એ કૃપાથી સંસારના આધિ- વ્યાધિ ઉપાધિ રૂપી ત્રણેય તાપ અને આર્થિક સંકટો પણ દૂર થાય છે. ચિત્ત સ્થિર થઈ પ્રભુ ચરણોમાં લાગે છે. *અધિક માસ: અનુશાસન દ્વારા ઉત્સવ આ માસમાં બતાવેલા નિયમો જેવા કે એક ટંક ભોજન બ્રહ્મચર્ય,સત્ય,મૌન,ભૂમિ શયન એ સજા નથી.આ તો ચિત્તને સ્થિર કરવાના વૈજ્ઞાનિક ઉપાયો છે. જેમ લગામ ઘોડાને નિયંત્રણમાં રાખીને લક્ષ્ય સુધી પહોંચાડે છે, તેમ આ નિયમો આપણા ચંચળ મનને પ્રભુ તરફ વાળે છે. નિયમ વગરની ભક્તિ અને નિષ્ઠા વગરનો નિયમ બંને અધૂરા છે. બંને ભેગા થાય ત્યારે વ્રત ફળે છે. *આજે આપણે ક્યાં ઊભા છીએ?જરા વિચારીએ. શું આપણે પણ વણિક શેઠ નથી બની ગયા? મંદિર જઈએ છીએ પણ મન વોટ્સએપમાં હોય છે. દાન કરીએ છીએ પણ ફોટો પડાવવાની ઈચ્છા રહે છે. માળા ફરે છે પણ મન બિઝનેસની મીટિંગમાં હોય છે.ક્રિયા પૂરી થાય છે પણ ભાવ ખૂટે છે. આ કથા આપણને રોકીને વિચારતા કરે છે. અધિક માસ એ ફરિયાદનો નહીં, આભારનો મહિનો છે. આખા વર્ષમાં પ્રભુ ભજનમાં જે કંઈ ખૂટ્યું, જે નિયમ તૂટ્યા, જે ભૂલો થઈ, તેની ભરપાઈ કરવાનો આ અવસર પ્રભુએ જ આપ્યો છે. આ 'એક્સ્ટ્રા માસ' માં 'એક્સ્ટ્રા પ્રયત્ન' કરીને આપણે પ્રભુ સાથેનો આપણો સંબંધ વધુ ગાઢ બનાવી શકીએ છીએ. *ખોવાયેલી ચાવી મળી ગઈ વણિક શેઠની કથા એટલે આપણી જ કથા. ધન હતું પણ શાંતિ ન હતી. ક્રિયા હતી પણ કૃપા ન હતી. કારણ એક જ: શ્રદ્ધા ખૂટતી હતી. જ્યારે શ્રદ્ધા અને દીનતા આવ્યા ત્યારે બંધ દરવાજા ખૂલી ગયા. પુરુષોત્તમ માસનો ચોવીસમો અધ્યાય એ જ શીખવે છે કે વ્રત-નિયમ બંધન નથી, મુક્તિનો માર્ગ છે. સાચું દાન,સાચું પુણ્ય અને સાચી પૂજા એ જ છે જ્યાં 'હું' મટી જાય અને 'તું' જ રહી જાય.આ અધ્યાયનું પઠન એટલે પોતાની જાતને તપાસવી, ભૂલ કબૂલવી અને નવી શરૂઆત કરવી.

# સૌમ્યા એ કંઈ રીતે અધિક માસમાં વ્રત કર્યું? અને પુરષોત્તમ ભગવાને શું ફળ આપ્યું?

અધિક માસ હવે પૂરો થવામાં છે, અને એ શું કામ છે? એ વિશે આપણે મુદ્દાસર ચિંતન કર્યું હતું. અધિક માસમાં આપણે ત્યાં વ્રત ઉપવાસ કરવાની પંરપરા છે! કે ભાઈ આ તો અધિક એટલે કે વધારાનો મહિનો, બાર મહિના તો આપણે ખાઈ પી લીધું જ છે! એટલે જેટલું થાય એટલું સંયમન કરીશું, અને આપણાં ભાગનું જે દ્રવ્ય વધશે એનું દાન ધર્મ કરીશું! એવાં એક નિરામયી ભાવથી આપણે ત્યાં સ્ત્રી અને પુરુષ બંને આ મહિનો વ્રત કરે છે! પુરુષ ના પ્રમાણમાં સ્ત્રીઓ વધુ ઉપવાસ એકટાણાં કરે છે! અને માટી માંથી બનાવેલા પરષોત્તમ ભગવાનની ભોળાં ભાવે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

ભક્તિ પણ કરે છે! ખાસ કરીને જેને બાળક ન્હોય! અન્ય ગંભીર સમસ્યા હોય, રોગ હોય, તો એનાં ઉપાય તરીકે પણ આ મહિનો વ્રત થાય છે! ભગવાન તો ભાવનો ભૂખ્યો છે, એટલે ઈચ્છિત ફળ અવશ્ય મળે છે! પરંતુ કાળ એટલે કે સમય પ્રમાણે અત્યારે આમ પણ બધામાં અતિની માત્રા જ જોવા મળે છે! અને ગમે તે હોય પાછો સ્વાદ તો મુખ્ય એટલે ફરાળમાં પણ વિવિધતા.. અતિશયોક્તિ અલંકાર લાગું કરી શકાય એટલી ફરાળમાં વિવિધતા! પણ જુદી રીતે આ મહિનામાં વ્રત કરનારા પણ હોય છે! એટલે કે શબરીએ નક્કી કર્યું કે એ પોતાની શેરીમાં રસ્તા પર પડેલી કે આસપાસના વગડા માંથી પ્લાસ્ટિકની કોથળી ગાય કૂતરા ખાય નહીં, એટલે વીણીને કચરામાં નાખી દેશે! તો વિનીતા બાજુના ખાલી વગડામાં થોડા વૃક્ષ વાવી એને પાણી પાશે! પુણ્યને નામે ગાયોને નખાતા ચારા માંથી બળદને પણ આપવો, એવું મેનકા એ પણ વિચાર્યું, પણ સૌમ્યા એ તો કંઈક જુદી જ સેવા કરી. તો ચાલો આજે બુધવારની બોધકથામાં જોઈએ. ગંગા આવી અને બોલી દીદી, સોસાયટીમાં વાતો થતી હતી કે અધિકમાસ આવે છે! સાચું છે! મારે પણ આ આખો મહિનો કોઈક રીતે વ્રત કરવું છે! દીદી મને સમજાવોને કેમ વ્રત થાય! એણે ગંગાને કહ્યું કે તું ઘરનું કામ કરી લે પછી હું તને કહીશ. શાંતનુ સૂતો હતો, એ તેને પ્રેમથી નીરખી રહી, એને શાંતા બા ની યાદ આવી, અને એ પોતાનાં મંદિરમાં એમનાં ફોટાને પ્રેમથી નીરખી રહી, હાર પહેરેલાં ફોટામાં શાંતા બા કેટલાં વ્હાલાં લાગતાં હતાં! એટલીવારમાં ગંગા આવી અને બોલી દીદી આ કોણ છે? તમારા સાસુ કે મમ્મી? એણે કહ્યું શાંતા બા, એને ગયાં અધિક માસનું સ્મરણ થયું. એણે ગંગાને બેસાડીને વાત શરૂ કરી. શબરી, વનિતા, મેનકા, અને હું એટલે કે સૌમ્યા આ બધા લો ઈનકમની વન બેડરૂમ હોલ વાળી સોસાયટીમાં રહેતા હતાં. શહેરમાં લો ઈનકમ વાળા લોકોની ક્યાં તાણ છે! એટલે આવાં પાંચ ટાવર હતાં, અને શહેરથી દૂર હોવાથી આજુબાજુ ખૂબ વગડા જેવું હતું. આમ ચારે બહેનપણી એ જુદી જુદી રીતે અધિક માસમાં વ્રત કરવાં વિચાર્યું. સૌમ્યાનાં લગ્નને સાત વર્ષ થઈ ગયાં હતાં, એટલે એનાં સાસરેથી એને ખાસ આ મહિનો વ્રત ઉપવાસ કરવા કહ્યું! પણ બે ચાર મિસ કેરેજ થયાં, માનસિક નબળાઈ હોવાથી સૌમ્યા ભૂખી રહી શકતી નહોતી! અને આમપણ સવારે ચાર ઘરની રસોઈનું કામ એ કરતી હતી! એટલે થાકી જાય. એની સોસાયટીમાં એક શાંતા બા રહેતાં હતાં, એને આંખે ઓછું દેખાતું હતું! ગામની જમીન ઘર વેચીને દિકરાઓને ભણાવ્યાં પરણાવ્યાં,પણ એ તો વિદેશ જતાં રહ્યાં. સૌમ્યાએ નક્કી કર્યું કે એ શાંતાબા ની રસોઈ વગર પગારે કરી દેશે, અને એને પૂજા કરવાં હાથ પકડી મંદિરે લઈ જશે, તથા પરષોત્તમ માસની કથા વાર્તા વાંચીને સંભળાવશે! બે પાંચ રુપિયા ઘસવું પડે, તો પણ એને જુદું જુદું રાંધીને જમાડશે. આંખે દેખાતું નહોતું, એટલે શાંતા બા દાળભાત, ખીચડી શાક એવું જ જમી લેતાં હતાં. એણે જોયું કે અહીંતો ખાલી રસોઈ કરવાથી નહીં ચાલે! એટલે એક બે દિવસ વહેલી આવી ઘર સાફ કર્યું! વધારાનાં કપડાં ધોયાં! શાંતા બા અધિક માસમાં એકટાણું કરતાં હતાં એટલે ગરમા ગરમ રોટલીએ એને જોઈએ એમ જમાડી રસોડું સાફ કરે, વાસણ કરી પછી પોતાનાં ઘરે આવે! વળી બપોરે કથા વાર્તા કરી બા ને મંદિરે લઈ જાય! આમ અધિક માસ પૂરો થવાં આવ્યો! પણ એણે મનોમન વિચાર્યું કે રુપિયા આપી દાન કરી શકું એવી સ્થિતિ ભગવાને આપી નથી, તો આ રીતે કોઈને મદદ કરી શકું! અને આ પરમાર્થી નિર્ણયને એણે બે વર્ષ સુધી નિભાવ્યો અને પછી શાંતા બાએ વિદાય લીધી! ડોક્ટરો એ તો ક્યારનું આઈવીએફ ટ્રીટમેન્ટથી જ બાળક થશે એમ કહી દીધું હતું. સૌમ્યાને શાંતા બા બહુ યાદ આવતાં હતાં! સંદીપ એને સમજાવતો કે આ દુનિયામાં આપણે એક જ એવાં દંપતી નથી, જેને બાળક નથી! પણ એની મમતાને ચેન આવતું નહોતું, અંતે એક છ મહિનાનું બાળક દત્તક લેવા વિચાર્યું! પણ એ બાળકને જોઈને સૌમ્યાનાં હૃદયમાં મમતાનું ઝરણું વહ્યું નહીં, કારણ કે કુદરતને કંઈક જુદું જ મંજૂર હતું. એક દિવસ મને તાવ ચક્કર એવું થયું, અને હું જે ઘરે રસોઈ કરવાં જતી હતી એ દીદી ગાયનેક હોસ્પિટલમાં જૂનિયર ડોક્ટર તરીકે જોબ કરતાં હતાં એણે કહ્યું કે હોસ્પિટલ આવજે, સિનિયર ડોક્ટર એ તપાસ કરીને કહ્યું કે, તમે બે મહિનાથી પ્રેગ્નન્ટ છો! તો ગંગા અધિક માસમાં શાંતા બા ની સેવાનાં આશીર્વાદથી મને બાળક થયું! અને પછી તો વિદેશમાં રહેતા એમનાં સંતાનોને પસ્તાવો થયો, અને મારા નામે મારા પતિને ધંધો કરવા રુપિયા આપ્યાં, અને ધંધો સ્ટેબલ થાય એટલે એ મૂડીને મારે નામે અમાનત મુકી દેવી, એવું નક્કી થયું. તારા સાહેબને પણ ધંધામાં શાંતા બા નાં આશીર્વાદથી કે શાંતનુ ના જન્મથી ખૂબ સફળતા મળી. શાંતનુનાં જન્મ પછી અમે એ સોસાયટી છોડી દીધી, અને જે સૌમ્યા ગઈકાલે બીજાનાં ઘરે કામ કરવા જતી હતી એને ઘરે... તો ગંગા આવો અપરંપાર મહિમા છે અધિક માસમાં વ્રત કરવાનો. ગંગા એ કહ્યું દીદી હું પણ તમારી જેમ જ કોઈ પરમાર્થ કરીને અધિક માસ કરીશ! અને મને એવું કોઈ મળી ગયું! સૌમ્યા એ કહ્યું કે કોણ ? એણે કહ્યું દીદી અમારી ચાલમાં જ એક અપંગ ભાઈલાલ કાકા રહે છે, એનો ફેક્ટરી એક્સિડન્ટમાં પગ કાપવો પડ્યો છે, એમને બેય વારનું જમવાનું આપીશ, અને બીજા નાના મોટા કામ પણ કરી દઈશ. મિત્રો ભગવાનને મૂર્તિ સ્વરૂપે તો ઘણાં જોયા, હવે અન્ય જીવમાં એને જોવાનો સમય આવી ગયો છે! અને એટલે જ આ મહિનામાં દાન કરવાનો મહિમા ગવાયો છે!

# ભૂપેન્દ્ર પટેલ અને સંઘવીને દિલ્હીનું તેડું: સુરતના ભુતિયા ડિમોલિશન સહિતના મુદ્દાઓ પર ચર્ચાની શક્યતા

**ગાંધીનગર, તા.09**

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી આજે (9 જૂન) દિલ્હી પહોંચી ગયા છે, જ્યારે મુખ્યમંત્રી આજે મોડી સાંજે અથવા આવતીકાલે (10 જૂન) વહેલી સવારે દિલ્હી જવાના છે. આગામી બે દિવસ દરમિયાન દિલ્હીમાં યોજાનારી મહત્વપૂર્ણ બેઠકો અને કાર્યક્રમોમાં ગુજરાત સરકાર સક્રિય ભાગ લેશે. સુરતના ભુતિયા ડિમોલિશન સહિતના મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે.



દિલ્હી પ્રવાસને કારણે મુખ્યમંત્રીની મંગળવાર અને બુધવારની જનતા તથા જનપ્રતિનિધિઓ સાથેની મુલાકાતો રદ કરવામાં આવી છે. ઉપરાંત, બુધવારે યોજાનારી રાજ્ય કેબિનેટ બેઠક પણ મોકૂફ રાખવામાં આવી છે.

પ્રવાસ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડાપ્રધાન તરીકેના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાનારા વિશેષ કાર્યક્રમમાં પણ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હાજરી આપશે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત થવાની સંભાવના છે.

11 જૂને યોજાનારી નીતિ આયોગની બેઠકમાં ગુજરાત સરકાર રાજ્યના વિકાસ માટેનો રોડમેપ રજૂ કરશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઔદ્યોગિક વિકાસ, રોકાણ, કૃષિ અને ટેકનોલોજી આધારિત સુશાસન સહિતના વિવિધ ક્ષેત્રોની યોજનાઓ કેન્દ્ર સમક્ષ રજૂ કરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથેની બેઠકમાં તાજેતરમાં કચ્છના હરામીનાળા વિસ્તારની તેમની મુલાકાત દરમિયાન આપવામાં આવેલા સૂચનો અંગે ચર્ચા થઈ શકે છે. સરહદી સુરક્ષા, વિકાસલક્ષી કામગીરી, સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ મજબૂત બનાવવા અને સુરતના ચર્ચિત એવા ભુતિયા ડિમોલિશન જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા વિચારણા થવાની શક્યતા છે.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, આંતરિક સુરક્ષા અને 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંગે પણ કેન્દ્રીય ગૃહમંત્રી સાથે ચર્ચા થવાની સંભાવના છે. સુરક્ષા એજન્સીઓ વચ્ચે વધુ સંકલન અને ગુનાખોરી સામેની કાર્યવાહી વધુ અસરકારક બનાવવા મુદ્દે પણ ચર્ચા થઈ શકે છે.

દિલ્હીમાં યોજાનારી આ બેઠકોને રાજ્ય સરકાર માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કારણ કે વિકાસ, સુરક્ષા અને વહીવટી મુદ્દાઓ પર આગામી સમયના નિર્ણયો માટે આ ચર્ચાઓ મહત્વની સાબિત થઈ શકે છે.

# ધારાસભ્ય કેતન ઈનામદારે મંત્રી જીતુ વાઘાણીને પત્ર લખ્યો: ટેકાના ભાવે અનાજ ખરીદીની મર્યાદા વધારવા ખેડૂતો વતી ભલામણ કરી

**વડોદરા, તા.09**

સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે ટેકાના ભાવને લઈને રાજ્યના કૃષિમંત્રી જીતુ વાઘાણીને રજૂઆત કરી છે. તેઓએ ખેડૂતોના હિતમાં નિર્ણય કરવા માટે રજૂઆત કરી છે. ખેડૂતોને નુકસાન ન થાય તે અંગેની રજૂઆત કરી છે.

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોના કલ્યાણ અને આર્થિક ઉત્થાન માટે અવારનવાર વિવિધ સરકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવતી હોય છે. જો કે, છેલ્લા કેટલાક સમયથી સતત બદલાતા વાતાવરણ, અણધાર્યા વાવાઝોડા અને કમોસમી વરસાદ જેવી કુદરતી આફતોના કારણે જગતના તાતની સ્થિતિ વધુને વધુ કફોડી બનતી જઈ રહી છે. આવા કપરા સમયમાં ખેડૂતોને તેમના પાકનો પૂરતો ભાવ મળી રહે તે માટે સાવલી વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય કેતન ઈનામદારે રાજ્યના મંત્રી જીતુ વાઘાણીને એક મહત્વપૂર્ણ પત્ર લખીને ખેડૂતોના હિતમાં ત્વરિત નિર્ણય લેવા માટે ખાસ અપીલ કરી છે. ધારાસભ્યએ પોતાના પત્ર દ્વારા રજૂઆત કરી છે કે વહીવટી મર્યાદાઓના કારણે કોઈ પણ ખેડૂત ટેકાના ભાવના લાભથી વંચિત ન રહી જવો જોઈએ.



કેતન ઈનામદારે પત્રમાં જણાવ્યું છે કે વર્તમાન સમયમાં ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા લઘુત્તમ ટેકાના ભાવ હેઠળ બાજરી, જુવાર અને મકાઈ જેવા ઉનાળુ પાકોની સરકારી ખરીદી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જો કે, આ ચાલુ વર્ષની ખરીદી પ્રક્રિયામાં સરકાર દ્વારા ખાતાદીઠ માત્ર 100 મણ અનાજ ખરીદવાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ ઓછી મર્યાદાના કારણે સાવલી વિસ્તારના અનેક નાના-મોટા ખેડૂતોનો મોટો જથ્થો સરકારી ખરીદીમાંથી બાકાત રહી જાય તેવી ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે. ખેડૂતોએ પોતાની આ વ્યાકુળતા અને મુશ્કેલીઓ અંગે ધારાસભ્ય સમક્ષ રૂબરૂ રજૂઆતો કરી હતી, જેને ધ્યાનમાં લઈને તેમણે સરકાર કક્ષાએ આ પ્રશ્ન ઉઠાવ્યો છે.

ખેડૂતોની આ ન્યાયિક માંગણીને વાચા આપતા ધારાસભ્ય કેતન ઈનામદારે મંત્રીને પત્ર દ્વારા અંગત ભલામણ કરી છે કે, ચાલુ વર્ષે રાખવામાં આવેલી 100 મણની મર્યાદામાં સુધારો કરીને ગત વર્ષની જેમ જ વધુ ખરીદી મર્યાદા હેઠળ ખેતી પાકોની ખરીદી કરવામાં આવે. જો સરકાર દ્વારા આ મર્યાદા વધારવામાં આવશે, તો કુદરતી હોનારતોનો સામનો કરી રહેલા ખેડૂતો પોતાનો તમામ પાક ટેકાના ભાવે વેચી શકશે અને આર્થિક નુકસાનીમાંથી ઉગરી શકશે. ધારાસભ્યની આ સકારાત્મક ભલામણ બાદ હવે જોવાનું એ રહેશે કે સરકાર દ્વારા ખેડૂતોના વ્યાપક હિતમાં આ ખરીદી મર્યાદા વધારવાનો નિર્ણય ક્યારે લેવામાં આવે છે.

# મહુધા તાલુકાના મોટી ખડોલ અને નાની ખડોલ ગામે રાસાયણિક ખાતરના સમતોલ ઉપયોગ અને પ્રાકૃતિક કૃષિ અંગે જાગૃતિ શિબિર યોજાઇ

## ખેડૂતોને ટકાઉ ખેતી પદ્ધતિઓ જમીનની ફળદ્રુપતાનુ માર્ગદર્શન અપાયું

**નડિયાદ, તા.09**

ખેત બચાવો અભિયાન-ખેડા ૨૦૨૬ અંતર્ગત મહુધા તાલુકાના મોટી ખડોલ અને નાની ખડોલ ગામે ખેડૂતો માટે રાસાયણિક ખાતરના સમતોલ ઉપયોગ તથા પ્રાકૃતિક કૃષિ અંગે જાગૃતિ અને તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનો મુખ્ય હેતુ ખેડૂતોમાં જમીન, પાણી અને પર્યાવરણના સંરક્ષણ સાથે ટકાઉ કૃષિ પદ્ધતિઓ અંગે જાગૃતિ લાવવાનો હતો.



કાર્યક્રમ દરમિયાન ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના તાલુકા પ્રોજેક્ટ મેનેજર સલમાબેન ચુવાણે પ્રાકૃતિક કૃષિના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ, જીવામૃત, ઘન જીવામૃત અને અન્ય જૈવિક ઉપાયો અપનાવી જમીનની ગુણવત્તા સુધારવા તેમજ ખેતી ખર્ચ ઘટાડવા માટે પ્રેરિત કર્યા હતા.

આત્માના બી.ટી.એમ. રણજીતસિંહ ચૌહાણે રાસાયણિક ખાતરોના સમતોલ અને સંકલિત ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ખેડૂતોને જમીન પરીક્ષણના આધારે ખાતરનો ઉપયોગ કરવા, વધુ ઉત્પાદન સાથે જમીનની ફળદ્રુપતા જાળવવા અને પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિઓ અપનાવવા અપીલ કરી હતી.

શિબિરમાં કૃષિ સખી, સી.આર.પી. તથા ગામના ગ્રામસેવકો દ્વારા પણ ખેડૂતોને વિવિધ સરકારી યોજનાઓ અને કૃષિ વિકાસ કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી યોજાઈ હતી, જેમાં ખેતીને લગતી વિવિધ શંકાઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

## 12 વર્ષ : જનવિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના-2026

# ખેડા જિલ્લામાં પી.એમ. કિસાન સમ્માન નિધિ યોજનાના 22 મા હપ્તામાં કુલ 2,52,664 ખેડુતોને કુલ 51.71 કરોડથી વધુની સહાય સીધી ધરતીપુત્રોના ખાતામાં જમા કરાવવામાં આવ્યા

## ગુજરાતના 69 લાખ ખેડૂત પરિવારો માટે આર્થિક સંજીવની બની 'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના'

**નડિયાદ, તા.09**

દેશના વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે, પીએમ કિસાન યોજના ભારતના કૃષિ ક્ષેત્ર માટે આર્થિક સુરક્ષા કવચ સાબિત થઈ રહી છે. રાષ્ટ્રીય સ્તરે પણ આ યોજનાનો વ્યાપ અભૂતપૂર્વ રહ્યો છે, જે અંતર્ગત દેશના ૧૧ કરોડથી વધુ ખેડૂતોને કુલ રૂ. ૪.૨૭ લાખ કરોડથી પણ વધુની સહાય ચૂકવીને દેશના અન્નદાતાને આર્થિક રીતે સક્ષમ અને આત્મનિર્ભર બનાવવામાં આવ્યા છે.

ગુજરાતમાં પણ કૃષિક્રાંતિ અને ખેડૂતોના આર્થિક સશક્તિકરણની દિશામાં એક નવો ઈતિહાસ રચાયો છે. 'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના' (પીએમ કિસાન યોજના) હેઠળ શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં, એટલે કે કુલ ૨૨ હપ્તામાં રાજ્યના ૬૯.૨૫ લાખથી વધુ ખેડૂત કુટુંબોને રૂ. ૨૩,૦૮૩ કરોડથી વધુની જંગી સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરાવવામાં આવી છે. જ્યારે ખેડા જિલ્લામાં ૨૨ મા હપ્તામાં કુલ ૨,૫૨,૬૬૪ ખેડુતોને કુલ ૫૧.૭૧ કરોડથી વધુની સહાય સીધી ધરતીપુત્રોના ખાતામાં જમા કરાવવામાં આવ્યા છે.

રાજ્યના કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ પીએમ કિસાન યોજના અંગે પોતાના વિચાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, 'પી.એમ. કિસાન સમ્માન નિધિ યોજનાએ ધરતીપુત્રોને આર્થિક સુરક્ષા-કવચ પૂરું પાડ્યું છે. આ સહાયના કારણે નાના અને સીમાંત ખેડૂતોને ખેતીમાં જરૂરી બિયારણ, ખાતર જેવા ઈનપુટ માટે આર્થિક મદદ પ્રાપ્ત થાય છે.'

સામાન્ય રીતે ખરીફ કે રવિ પાકની વાવણી સમયે ખેડૂતોને બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓ ખરીદવા માટે મોટી નાણાકીય કટોકટીનો સામનો કરવો પડતો હતો, જેના કારણે ભૂતકાળમાં ખેડૂતો વ્યાજખોરોના ચક્રવ્યૂહમાં ફસાઈ જતા હતા. પરંતુ પીએમ કિસાન યોજના અંતર્ગત દર ચાર મહિનાના અંતરે અપાતો રૂ. ૨,૦૦૦નો હપ્તો ખેડૂતો માટે આર્થિક સુરક્ષા કવચ બની રહ્યો છે.

ખેડા જિલ્લાના સલુણ ગામ, તાલુકો નડીયાદના ખેડૂત શ્રી ઠાકર મેહુલભાઇ રામશંકરભાઇ કહે છે કે, 'સરકાર તરફથી વર્ષમાં જે ત્રણ હપ્તા સીધા બેંક ખાતામાં મળે છે, તેનાથી અમે મજુરોને મજુરી સમયસર ચુકવણુ કરી શકીએ છીએ.'

ખેડા જિલ્લાના મહેલજ ગામ, તાલુકો માતરના ખેડૂત શ્રી મુસ્તુફામીયા અહેમદમીયા કહે છે કે, 'સરકાર તરફથી વર્ષમાં જે ત્રણ હપ્તા સીધા બેંક ખાતામાં મળે છે, તેનાથી અમને ખેતી માટે ખાતર, બિયારણ અને દવા જેવી વસ્તુઓ લેવામાં સમયસર મદદ મળી રહે છે.'

આ યોજનાની સૌથી મોટી અને પાયાની વિશેષતા એ છે કે, તેમાં વચેટિયાઓ કે ભ્રષ્ટાચારને કોઈ સ્થાન નથી અને ૧૦૦ ટકા રકમ સીધી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા ખેડૂતોના ખાતામાં જમા થાય છે. યોજનામાં સંપૂર્ણ પારદર્શિતા જાળવવા અને સાચા અન્નદાતા સુધી જ લાભ પહોંચાડવા માટે સરકારે ટેક્નોલોજીનો સુદ્રઢ ઉપયોગ કર્યો છે.

આ અંતર્ગત ૧૨મા હપ્તાથી જમીનના ડિજિટલ રેકોર્ડની વેરિફિકેશન પ્રક્રિયા એટલે કે 'લેન્ડ સીડિંગ' ફરજિયાત કરવામાં આવી. ત્યારબાદ ૧૩મા હપ્તાથી બેંક ખાતા સાથે 'આધાર સીડિંગ' અને ડીબીટી પ્રક્રિયા અનિવાર્ય કરાઈ, જ્યારે ૧૫મા હપ્તાથી 'ઈ-કેવાયસી' ફરજિયાત કરવામાં આવ્યું છે. આ થ્રી-લેયર સુરક્ષા પ્રક્રિયાને કારણે વચેટિયાઓની ભૂમિકા સંપૂર્ણપણે નાબૂદ થઈ ગઈ અને યોજનાનો લાભ માત્ર અને માત્ર સાચા ધરતીપુત્રોને જ મળી રહ્યો છે.

## ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ નવી દિલ્હીમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ સાથે શુભેચ્છા મુલાકાત કરી

# કૃષિ અને ગ્રામ વિકાસના ક્ષેત્રમાં મંત્રી શિવરાજસિંહ ચૌહાણનું દૂરદર્શી નેતૃત્વ તથા ખેડૂતોના કલ્યાણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા પ્રશંસનીય છે : દિલીપ સંઘાણી

## અમેરિકા પ્રવાસ દરમિયાન આયોજિત વિવિધ કાર્યક્રમો, ઉચ્ચસ્તરીય બેઠકો તેમજ કૃષિ અને સહકારિતા ક્ષેત્ર સાથે સંબંધિત મહત્વપૂર્ણ મબતો વિષે ચર્ચા કરી : દિલીપ સંઘાણી

**નવી દિલ્હી, તા.09**

આ અવસરે સંઘાણીએ તાજેતરમાં પૂર્ણ થયેલા અમેરિકા પ્રવાસ દરમિયાન યોજાયેલા વિવિધ કાર્યક્રમો, ઉચ્ચસ્તરીય બેઠકો તેમજ કૃષિ અને સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા મહત્વપૂર્ણ અનુભવો અને તારણોની માહિતી આપી. અમેરિકામાં કૃષિ નવીનીકરણ, સહકારી મોડલ, કૃષિ વ્યવસાય વિકાસ, ટેક્નોલોજી હસ્તાંતરણ તથા ખેડૂતકેન્દ્રિત પહેલો અંગે થયેલી ચર્ચાઓના મુખ્ય મુદ્દાઓથી મંત્રીશ્રીને જાણકારી આપેલ.



બેઠક દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે કૃષિ, સહકારિતા, કૃષિ વ્યવસાય, ખાદ્ય સુરક્ષા, કૃષિ ટેક્નોલોજી અને ખેડૂત સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં સંભવિત સહકાર અને ભાગીદારી અંગે અર્થપૂર્ણ ચર્ચા થઈ. બંને દેશો વચ્ચે જ્ઞાન, ટેક્નોલોજી અને શ્રેષ્ઠ પદ્ધતિઓના આદાન-પ્રદાનને વધુ મજબૂત બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો.

સંઘાણીએ કૃષિ અને ગ્રામ વિકાસ ક્ષેત્રે ચૌહાણના દૂરદર્શી નેતૃત્વ, ખેડૂતોના કલ્યાણ પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા અને કૃષિ ક્ષેત્રમાં નવીનતા તથા સુધારાઓને પ્રોત્સાહન આપવા માટેના તેમના પ્રયત્નોની પ્રશંસા કરી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમના નેતૃત્વ હેઠળ ભારતનું કૃષિ અને સહકારી ક્ષેત્ર નવી ઊંચાઈઓ હાંસલ કરશે તથા ખેડૂતોની આવક, ઉત્પાદકતા અને સમૃદ્ધિ વધારવામાં મહત્વપૂર્ણ સફળતાઓ પ્રાપ્ત કરશે.

આ મુલાકાતને ભારતના કૃષિ અને સહકારી ક્ષેત્રને વૈશ્વિક શ્રેષ્ઠ પદ્ધતિઓ સાથે જોડવા અને ખેડૂતોના હિતમાં આંતરરાષ્ટ્રીય સહકારને વધુ મજબૂત બનાવવા દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

# કલેક્ટર એન.વી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં ખેડા જિલ્લા પ્રવાસન વિકાસ સમિતિની બેઠક યોજાઈ

**નડિયાદ, તા.09**

કલેક્ટર એન.વી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી નડિયાદ ખાતે ખેડા જિલ્લા પ્રવાસન વિકાસ સમિતિની બેઠક યોજાઈ. જેમાં, ખેડા જિલ્લામાં પ્રવાસનનો વિકાસ કરવા માટે જરૂરી કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી.



બેઠક હેઠળ ખાસ કરીને પરીએજ, ડાકોર, ગળતેશ્વર, ઉત્કંઠેશ્વર અને ફાગવેલના સ્થળોને પર્યટન સ્થળો તરીકે વિકાસ કરવા માટે આવશ્યક પગલાંઓ વિશે માહિતી આપવામાં આવી હતી.

કલેક્ટરએન.વી. ઉપાધ્યાયે આ પ્રવાસનના સ્થળો ખાતે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ ઊભી કરવા અંગે માર્ગદર્શન આપ્યું. સાથે જ પર્યટન વિકાસ માટે જરૂરી ભંડોળ ઉપલબ્ધ કરાવવા યોગ્ય દરખાસ્તો સમયસર મોકલવા સૂચના આપી હતી.

આ બેઠકમાં નડિયાદ પ્રાંત અધિકારી નિર્ભય ગોંડલીયા, ખેડા પ્રાંત અધિકારી સુરજ બારોટ, નાયબ પોલીસ અધિક્ષક સહિત પ્રવાસન સમિતિના તમામ સભ્યો સ્વ ઉપસ્થિત રહ્યા હતા તથા કપડવંજ અને ઠાસરા પ્રાંત અધિકારીઓ ઓનલાઈન માધ્યમથી મિટિંગમાં જોડાયા હતા.

# ખેડૂતોના હિતમાં CMનો મહત્વપૂર્ણ નિર્ણય: 11 જૂનથી નર્મદા નહેરોમાં સિંચાઈ માટે પાણી છોડાશે

**ગાંધીનગર, તા.09**

રાજ્યના ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વપૂર્ણ નિર્ણય લેતા આગામી 11 જૂન. ગુરુવારથી નર્મદા નહેરોમાંથી સિંચાઈ માટે પાણી છોડવાની જાહેરાત કરી છે. ચોમાસા પૂર્વે ખેડૂતોને પાક માટે પૂરતું સિંચાઈનું પાણી મળી રહે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. નર્મદા કમાન્ડ વિસ્તારના અનેક ધારાસભ્યો અને સાંસદોએ ખેડૂતોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી સિંચાઈ માટે વહેલું પાણી છોડવાની રજૂઆત મુખ્યમંત્રી સમક્ષ કરી હતી. રજૂઆતોને ગંભીરતાથી લઈને મુખ્યમંત્રીએ તાત્કાલિક ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી નર્મદા યોજનામાં ઉપલબ્ધ પાણીના જથ્થાની સમીક્ષા કરી હતી.



બેઠક દરમિયાન ખેડતોના પાકને પાણીની તાત્કાલિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નર્મદા નહેરોમાંથી આયોજન કરતાં વહેલાં પાણી છોડવાનો નિર્ણય લેવાયો હતો. તેના પરિણામે હવે 11 જૂનથી રાજ્યના વિવિધ નર્મદા કમાન્ડ વિસ્તારોમાં સિંચાઈ માટે પાણી પહોંચશે, જેનાથી હજારો ખેડૂતોને સીધો લાભ મળશે. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ મુકેશ પૂરી, પાણી પુરવઠા વિભાગના અગ્ર સચિવ શાહમીના હુસેન, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે, સચિવ ડૉ. અજય કુમાર સહિત નર્મદા નિગમ અને પાણી પુરવઠા વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે ખેડૂતો આઈ-ખેડુત પોર્ટલ પર અરજી કરવાની તારીખ લંબાવવામાં આવી

**નડિયાદ, તા.09**

ખેતીવાડી ખાતાની વિવિધ સહાયકારી યોજનાઓ હેઠળ અમલી નિદર્શન ઘટકનો લાભ લેવા માટે આઇ ખેડુત પોર્ટલ તા.૨૭/૦૫/૨૦૨૬ થી તા.૧૪/૦૬/૨૦૨૬ સુધી ખેડુતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લુ મૂકવા આવે છે. ચાલુ વર્ષે આઈ-ખેડૂત પોર્ટલ પર નોંધણી થયેલ ખેડૂતો અને નોંધણી બાકી હોય તેવા તમામ ખેડૂતોએ ઓનલાઈન પોર્ટલ પર આધાર ઓથેન્ટિકેશન માટે આધારકાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર મારફત OTP દ્વારા અથવા બાયોમેટ્રિક દ્વારા કરી શકાશે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા આધાર ઓથેન્ટિકેશન કર્યા બાદ ઘટક માટેની જરૂરી વિગતો ભરી અરજી કરવાની રહેશે. આથી, ખેતીવાડી ખાતાની વિવિધ સહાયકારી યોજનાઓ હેઠળ અમલી નિદર્શન ઘટકનો લાભ મેળવવા માંગતા હોય તેવા ખેડૂત મિત્રોએ આધારકાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર પર મળેલ OTP દ્વારા અથવા બાયોમેટ્રિક દ્વારા નોંધણી/અરજી કરવા તમામ ખેડૂતોને અનુરોધ કરવામાં આવે છે. વધુ માહિતી માટે સ્થાનિક વિસ્તરણ અધિકારી (ખેતી) /ગ્રામ સેવક (ખેતી) નો સંપર્ક કરવા સારૂ જિલ્લા ખેતીવાડી અધિકારીની અખબારી યાદીમાં જણાવેલ છે.

# નડિયાદ તાલુકાના મંજીપુરા ગામે પ્રાકૃતિક ખેતી અને રાસાયણિક ખાતરોના સમતોલ ઉપયોગ અંગે ખેડૂત તાલીમ યોજાઈ

**નડિયાદ, તા.09**

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના માર્ગદર્શન હેઠળ બચાવો અભિયાન અંતર્ગત નડિયાદ તાલુકાના મંજીપુરા ગામે પ્રાકૃતિક ખેતી અને રાસાયણિક ખાતરોના સમતોલ ઉપયોગ અંગે ખેડૂત તાલીમ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને જીવામૃત, ઘન જીવામૃત, ગૌ આધારિત કૃષિ પદ્ધતિઓ તથા રાસાયણિક ખાતરોના સંકલિત અને સમતોલ ઉપયોગ દ્વારા જમીનની ફળદ્રુપતા જાળવવા તેમજ ઉત્પાદન ખર્ચ ઘટાડવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ગામના કુલ ૩૨ આ ખેડૂતો હાજર રહ્યા હતા અને પ્રાકૃતિક કૃષિ અંગેની માહિતી મેળવી હતી.

પ્રશ્નોત્તરી સત્ર દરમિયાન ખેડૂતોના વિવિધ પ્રશ્નોના જવાબ આપી પ્રાકૃતિક ખેતી અપનાવવાના લાભો અંગે સમજણ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમના અંતે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવા અને જમીન, પર્યાવરણ તેમજ માનવ આરોગ્યના સંરક્ષણ માટે આ પદ્ધતિઓ અપનાવવાની અપીલ કરવામાં આવી હતી. આ તાલીમમાં ગ્રામ સેવક હરેશભાઈ મકવાણા, તાલુકા પ્રોજેક્ટ મેનેજર પાર્થ પટેલ, સીઆરપી ગજેન્દ્રભાઈ મહીડા તેમજ કાઉન્સિલર જીજ્ઞાસાબેન સુકેતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# નજર સૂર્યવંશી પર હતી પણ શ્રીલંકા સામે સરપ્રાઇઝ આપી ગયો આ ખેલાડી, છેલ્લી ઘડીયે એન્ટ્રી કરીને ફટકારી સદી!

**નવી દિલ્હી, તા.09**

ભારત-એ અને શ્રીલંકા-એ વચ્ચે રમાયેલી ટ્રાય નેશન સીરિઝની પ્રથમ મેચમાં ક્રિકેટપ્રેમીઓની નજર યુવા ઓપનર વૈભવ સૂર્યવંશી પર ટકેલી હતી. સૌકોઈ તેની પાસેથી ધમાકેદાર ઈનિંગ્સની અપેક્ષા રાખી રહ્યા હતા, પરંતુ વૈભવ સસ્તામાં આઉટ થઈ ગયો હતો. ત્યારબાદ મેચમાં અચાનક ચર્ચાનું કેન્દ્ર ઋતુરાજ ગાયકવાડ બની ગયો હતો. ઈજાગ્રસ્ત રિયાન પરાગના સ્થાને છેલ્લી ઘડીયે ટીમમાં સામેલ કરાયેલા વાઈસ કેપ્ટન ગાયકવાડે જવાબદારીપૂર્વક બેટિંગ કરીને શાનદાર સદી ફટકારી અને ભારત-એને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું હતું.



શ્રીલંકામાં રમાઈ રહેલી આ ટ્રાય નેશન 'એ' સીરિઝની પ્રથમ મેચની તમામ લાઈમલાઈટ ઋતુરાજ ગાયકવાડે પોતાના નામે કરી લીધી હતી. ગાયકવાડે 114 બોલમાં 101 રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી, જેમાં 6 ચોગ્ગા અને 3 છગ્ગાનો સમાવેશ થતો હતો. આ દરમિયાન તેની સ્ટ્રાઈક રેટ 88.60ની રહી હતી.

દાંબુલાના રંગિરી દાંબુલા આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ભારત-એની શરૂઆત ઘણી ખરાબ રહી હતી. ટીમને પ્રથમ ઝટકો માત્ર 15 વર્ષના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીના રૂપમાં લાગ્યો હતો. વૈભવ પાસેથી મોટી ઈનિંગ્સની આશા હતી અને તેણે શરૂઆતમાં કેટલાક આકર્ષક શોટ્સ પણ રમ્યા હતા, પરંતુ તે 12 બોલમાં 3 ચોગ્ગાની મદદથી 14 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો.

વૈભવ આઉટ થયા બાદ વિકેટકીપર બેટ્સમેન પ્રભસિમરન સિંહ પણ માત્ર 2 રન બનાવીને સસ્તામાં આઉટ થઈ ગયો હતો. પરિણામે ભારત-એનો સ્કોર માત્ર 16 રનમાં 2 વિકેટ થઈ ગયો હતો અને ટીમ ભારે પ્રેશરમાં આવી ગઈ હતી.

આ મુશ્કેલ પરિસ્થિતિમાં ઋતુરાજ ગાયકવાડે પહેલા પ્રિયાંશ આર્ય સાથે મળીને ઈનિંગ્સને સંભાળી હતી. પ્રિયાંશે 32 બોલમાં 32 રનનું યોગદાન આપ્યું હતું. પ્રિયાંશ આઉટ થયા બાદ ગાયકવાડને કેપ્ટન તિલક વર્માનો મજબૂત સાથ મળ્યો હતો અને બંનેએ મળીને શ્રીલંકન બોલરોનો મક્કમતાથી સામનો કર્યો હતો.

ગાયકવાડ અને તિલક વર્મા વચ્ચે ચોથી વિકેટ માટે 185 બોલમાં 150 રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી થઈ હતી, જે ભારત-એની ઈનિંગ્સનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ હતી. કેપ્ટન તિલક વર્માએ અત્યંત સંયમપૂર્ણ બેટિંગ કરતાં 97 બોલમાં 60 રનનું મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

મેચની અંતિમ ઓવરોમાં સુર્યાંશ શેડગેએ 14 બોલમાં અણનમ 26 રન અને આયુષ બદોનીએ 18 બોલમાં 24 રનની તોફાની ઈનિંગ્સ રમી હતી. આ બંને બેટ્સમેનોના લોઅર-ઓર્ડર કન્ટ્રીબ્યુશનના કારણે ભારત-એની ટીમે નિર્ધારિત 50 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 277 રનનો એક ફાઈટિંગ સ્કોર ઊભો કર્યો હતો.

આ મેચની સૌથી રસપ્રદ બાબત એ છે કે ટ્રાય નેશન સીરિઝ માટે જાહેર કરાયેલી ભારત-એની મૂળ ટીમમાં ઋતુરાજ ગાયકવાડનો સમાવેશ જ કરવામાં આવ્યો ન હતો. જોકે સ્ટાર ઓલરાઉન્ડર રિયાન પરાગ ઈજાગ્રસ્ત થતાં ગાયકવાડને અચાનક નસીબજોગ તક મળી હતી. ગાયકવાડે આ તકનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો અને શતક ફટકારીને મુખ્ય પસંદગીકારો સમક્ષ સિનિયર ટીમ માટે પોતાની દાવેદારી વધુ મજબૂત બનાવી દીધી છે. મેચ પહેલા ભલે બધી ચર્ચા વૈભવ સૂર્યવંશીના પ્રદર્શન પર હતી, પરંતુ મેદાન પર ઋતુરાજે સાબિત કરી દીધું કે ક્રિકેટમાં અનુભવ અને ક્લાસનો કોઈ વિકલ્પ નથી.

# IPL 2026નો ઓરેન્જ કેપ વિનર ઇન્ટરનેશનલ પ્રેશરમાં ફ્લોપ! માત્ર આટલા રનમાં આઉટ થયો વૈભવ સૂર્યવંશી

**નવી દિલ્હી, તા.09**

વૈભવ સૂર્યવંશી શ્રીલંકા-એ સામેની વનડે મેચમાં ખરાબ રીતે ફ્લોપ રહ્યો છે. આજે એટલે કે 9 જૂને ભારત-એ અને શ્રીલંકા-એ (IND A vs SL A) વચ્ચે ટ્રાય સિરીઝની પ્રથમ મેચ રમાઈ રહી છે. ભારતીય ટીમ જ્યારે પ્રથમ બેટિંગ કરવા આવી ત્યારે વૈભવ સૂર્યવંશી અને પ્રભસિમરન સિંહે ઓપનિંગની જવાબદારી સંભાળી હતી. પરંતુ વૈભવ માત્ર 14 રન બનાવીને આઉટ થઈ ગયો.



ટીમ ઈન્ડિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરી. વૈભવે શાનદાર શરૂઆત કરી, પરંતુ શ્રીલંકન બોલર મોહમ્મદ સિરાજે વૈભવને 14 રનના સ્કોર પર આઉટ કરી દીધો. આ નાની ઈનિંગ્સમાં વૈભવે 3 ચોગ્ગા ફટકાર્યા હતા. આ પહેલા IPL 2026માં વૈભવ ઑરેન્જ કેપ જીતીને આવી રહ્યો છે, પરંતુ શ્રીલંકામાં તે ફ્લોપ રહ્યો છે.

વૈભવ માટે આ ટ્રાય સિરીઝ તૈયારીની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આયર્લૅન્ડ અને ઈંગ્લૅન્ડ પ્રવાસ ઉપરાંત એશિયન ગેમ્સ માટે પણ તેની ટીમ ઈન્ડિયામાં પસંદગી કરવામાં આવી છે. પ્રથમ પ્રયાસમાં વૈભવ ફેલ ગયો છે, પરંતુ આગામી પ્રવાસની તૈયારી માટે તેને આ ટ્રાય સિરીઝમાં ઓછામાં ઓછી ત્રણ ઈનિંગ્સ મળશે.

તેણે પોતાના લિસ્ટ-એ કરિયરમાં અત્યાર સુધીમાં 8 મેચોમાં 353 રન બનાવ્યા છે અને તેની એવરેજ 44.12ની રહી છે. વનડે મેચોમાં પણ વૈભવ તોફાની સ્ટ્રાઈક રેટથી રમતો આવ્યો છે. લિસ્ટ-એ કરિયરમાં તેનો સ્ટ્રાઈક રેટ હાલ 165નો છે. જ્યારે છેલ્લી વખત વૈભવ રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપમાં ઈન્ડિયા-એ માટે રમ્યો હતો, ત્યારે તેણે માત્ર 42 બોલમાં 144 રનની ઈનિંગ રમીને ઈતિહાસ રચી દીધો હતો.

આ ટ્રાય સીરિઝની વાત કરીએ તો શ્રીલંકા બાદ તેનો મુકાબલો 11મી જૂને અફઘાનિસ્તાન-એ સાથે થવાનો છે. 15 જૂને ભારત-એ શ્રીલંકા સામે ટકરાશે અને 17 જૂને ભારતીય ટીમ ફરી એકવાર અફઘાનિસ્તાન સામે ટકરાશે.

# દુનિયા જોતી રહી ગઈ! ક્રિકેટમાં ટીમ ઈન્ડિયાએ બનાવ્યો વર્લ્ડરેકોર્ડ, ઓસ્ટ્રેલિયા-ઇંગ્લેન્ડ તો આસપાસ પણ નથી

**નવી દિલ્હી, તા.09**

ભારતીય ક્રિકેટ ટીમે અફઘાનિસ્તાનને ન્યૂ ચંદીગઢના મુલ્લનપુર સ્ટેડિયમ ખાતે રમાયેલી એકમાત્ર ટેસ્ટ મેચમાં ઈનિંગ્સ અને 300 રનથી કારમો પરાજય આપ્યો છે. આ ઐતિહાસિક જીતની સાથે જ ભારતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક એવો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે, જે આજે સુધી ક્રિકેટ જગતનો કોઈ દેશ કરી શક્યો નથી. આ મામલામાં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ જેવા દિગ્ગજ દેશો પણ ભારતની આસપાસ ક્યાંય નથી.



અફઘાનિસ્તાન સામે ભારતની આ સતત 15મી મેચ હતી, જેમાં ટીમ ઈન્ડિયા અજેય રહી છે. ભારતે ક્રિકેટના તમામ ફોર્મેટ ટેસ્ટ, વનડે, T20Iને મિલાવીને અફઘાનિસ્તાન સામે રમાયેલી છેલ્લી 15 મેચોમાંથી 12 મેચોમાં જીત નોંધાવી છે. આ સાથે જ ભારત દુનિયાનો એકમાત્ર એવો દેશ બન્યો છે, જેણે કોઈ એક ચોક્કસ હરીફ ટીમ સામે સતત 15 મેચોમાં હારનો સામનો ન કર્યો હોય. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાયેલી 15 મેચોમાંથી માત્ર 1 મેચ ઓક્ટોબર 2023માં T20I વરસાદના કારણે રદ્દ થઈ હતી, જ્યારે 2 મેચો ટાઈ રહી છે. આ બંને ટાઈ મેચોનો રોમાંચ ક્રિકેટ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલો છે. પ્રથમ ટાઈ મેચ વર્ષ 2018ના એશિયા કપ દરમિયાન દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી વનડે મેચ હતી. મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપ હેઠળ રમાયેલી આ મેચમાં અફઘાનિસ્તાનના ઓપનર મોહમ્મદ શહઝાદે 118 બોલમાં 124 રનની શાનદાર ઈનિંગ્સ રમીને ભારત સામે 252 રનનો ટાર્ગેટ મૂક્યો હતો.

# ફિફા વર્લ્ડ કપ પહેલાં મોટો વિવાદ: અમેરિકાએ આફ્રિકાના બેસ્ટ રેફરીને એરપોર્ટ પરથી જ તગેડી મૂક્યા!

**નવી દિલ્હી, તા.09**

ટબોલ વિશ્વ કપ શરૂ થાય તે પહેલા જ એક મોટો રાજદ્વારી અને રમતગમતનો વિવાદ સામે આવ્યો છે. સોમાલિયાના ઈતિહાસમાં ફૂટબોલ વર્લ્ડ કપમાં રેફરી બનવાની તક મેળવનારા પ્રથમ વ્યક્તિ ઓમર અબ્દુલ કાદિર આર્તનને અમેરિકામાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી નથી. આ મંજૂરી ન મળવાને કારણે વિશ્વ કપના સત્તાવાર અધિકારીઓની યાદીમાંથી પણ તેમનું નામ હટાવી દેવામાં આવ્યું છે. ઓમર આર્તનને આફ્રિકન ફૂટબોલ કન્ફેડરેશન (CAF) દ્વારા વર્ષ 2025ના સર્વશ્રેષ્ઠ પુરુષ રેફરી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેઓ મિયામી ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ પર ઉતર્યા હતા, પરંતુ અમેરિકન ઈમિગ્રેશન અધિકારીઓએ તેમને દેશમાં પ્રવેશ આપવાનો ઈન્કાર કર્યો હતો. હાલમાં તેઓ તુર્કીમાં છે. અમેરિકન ઈમિગ્રેશન સત્તાવાળાઓએ આર્તનને રોકવા પાછળનું કોઈ સત્તાવાર કારણ આપ્યું નથી. જોકે સોમાલિયા એવા દેશોની યાદીમાં સામેલ છે જેના નાગરિકો પર ટ્રમ્પ વહીવટીતંત્રે અમેરિકામાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ મામલે અમેરિકી સત્તાધીશો સાથે વાતચીત કર્યા બાદ ફૂટબોલની વૈશ્વિક સંસ્થા 'ફીફા' એ પુષ્ટિ કરી છે કે આર્તન હવે આ ટુર્નામેન્ટનો ભાગ બની શકશે નહીં. આ વર્ષે ફીફા વિશ્વ કપ 2026નું આયોજન 11 જૂનથી 19 જુલાઈ દરમિયાન અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં સંયુક્ત રીતે થવા જઈ રહ્યું છે. આર્તન વર્લ્ડ કપ માટે જાહેર કરાયેલા 52 મુખ્ય રેફરીઓમાંથી એક હતા.



અમેરિકાના આ કડક વલણ સામે સોમાલિયાના વડાપ્રધાન હસન અલી ખૈરેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ઉગ્ર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે લખ્યું કે : 'આ સમાચાર સાંભળીને મને ઊંડી નિરાશા થઈ છે કે આફ્રિકાના શ્રેષ્ઠ અને દુનિયાના અગ્રણી રેફરીઓમાંના એક ઓમર આર્તન વિશ્વ કપની મેચોનું સંચાલન કરી શકશે નહીં. ઓમરે પોતાની પ્રતિભા, સખત મહેનત અને પ્રમાણિકતાના બળે આ મુકામ પ્રાપ્ત કર્યો છે. મને હજુ પણ આશા છે કે આનો કોઈ સકારાત્મક ઉકેલ આવશે. ઓમર, આખું આફ્રિકા અને દુનિયા તમારી સાથે છે.' ફીફાએ પોતાના સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, 'મેચ અધિકારી ઓમર અબ્દુલ કાદિર આર્તનને અમેરિકામાં પ્રવેશ ન મળ્યા બાદ, અમે પુષ્ટિ કરીએ છીએ કે તેઓ ફીફા વિશ્વ કપ 2026માં પોતાની ભૂમિકા ભજવી શકશે નહીં. વિઝાના નિર્ણયો સહિત યજમાન દેશની ઈમિગ્રેશન પ્રક્રિયાઓમાં ફીફા હસ્તક્ષેપ કરતું નથી. યજમાન સરકાર જ અંતે નક્કી કરે છે કે કોને વિઝા આપવા.' બીજી તરફ, વ્હાઈટ હાઉસ ટાસ્ક ફોર્સના વડા એન્ડ્રુ ગિયુલિયાનીએ અમેરિકાના નિર્ણયનો બચાવ કરતાં કહ્યું કે, 'હું આ અંગે કોઈ ગુપ્ત માહિતી જાહેર કરી શકું નહીં, પરંતુ આ કસ્ટમ્સ ઍન્ડ બોર્ડર પ્રોટેક્શનનો નિર્ણય હતો અને હું તે નિર્ણયને સંપૂર્ણ સમર્થન આપું છું.' સોમાલિયાના યુવા અને રમતગમત મંત્રાલયના વરિષ્ઠ સલાહકારે પુષ્ટિ કરી છે કે આર્તન સંપૂર્ણ કાયદેસરના દસ્તાવેજો સાથે મુસાફરી કરી રહ્યા હતા. ભૂતકાળમાં વિઝા મેળવવામાં પડેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને, આ વખતે ખાસ નૈરોબી સ્થિત સોમાલી દૂતાવાસ દ્વારા તેમના માટે 'ડિપ્લોમેટિક પાસપૉર્ટ' પણ જારી કરવામાં આવ્યો હતો, જેથી મુસાફરી સરળ બને. તેમ છતાં અમેરિકાએ તેમને પ્રવેશ આપ્યો નથી.

# પરિણીતિ ચોપરા ટૉક શો પછી હવે આધ્યાત્મિક ગીતમાં જોવા મળશે

**મુંબઈ, તા.09**

એક્ટર અને સિંગર પરિણીતિ ચોપરાએ એક નવા મ્યુઝિકલ પ્રોજેક્ટની ઝલક આપી છે અને તેમાંથી તે પોતાની વધુ એક અલગ સફર શરૂ કરવાની હોય એવો અંદાજ આવે છે. તાજેતરમાં તેણે પોતાના સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરીને જણાવ્યું હતું કે બહુ જલદી તેનું એક આધ્યાત્મિક ગીત આવશે અને આ વાતથી તેનાં ફૅન્સની પણ ઉત્સુકતા વધી હતી. તેણે પોતાના સોશિયલ મીડિયા પર આ ગીતનું એક ટીઝર પણ શેર કર્યું હતું અને એવો સંકેત પણ આપ્યો હતો કે આ કોઈ આધ્યાત્મિક ગીત હશે. આ ટીઝર શેર કરતા તેણે લખ્યું હતું, "એક પ્રાર્થના, એક વિનંતિ. બહુ જલ્દી આવશે!" આ પોસ્ટ પર તેનાં ઘણા ફૅન્સે ઉત્સુકતા અને ખુશીથી કમેન્ટ્સ લખી હતી. આ પહેલાં પરિણીતિ કેટલાક રિયાલિટી શોમાં અને એવોર્ડ શોમાં પોતાની સિંગિંગ ટેલેન્ટ બતાવી ચુકી છે. છેલ્લે આવેલી તેની ફિલ્મ 'અમરસિંહ ચમકિલા'માં પણ તે એક ગાયકનો રોલ કરી રહી હતી. આ ઉપરાંત તેની ફિલ્મો સંદીપ ઔર પિંકી ફરાર અને હસી તો ફસી જેવી ફિલ્મોમાં તેના અભિનયના વખાણ થયા છે. પરિણીતી ચોપરાના વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનના એક મહત્વપૂર્ણ તબક્કા દરમિયાન તેનું આ આધ્યાત્મિક ગીત આવી રહ્યું છે. ઑક્ટોબર 2025માં તેણે અને તેનાં પતિ, રાજકારણી રાઘવ ચઢ્ઢાએ તેમનાં પ્રથમ સંતાનનું સ્વાગત કર્યું હતું. તેમના ઘરે પુત્રનો જન્મ થયો હતો, જેને નીર નામ આપવામાં આવ્યું છે. ત્યારથી પરિણીતી માતૃત્વની જવાબદારીઓ નિભાવતાં નિભાવતાં ધીમે ધીમે પોતાનાં કામ તરફ પણ પરત ફરી રહી છે. ફિલ્મોનાં વ્યસ્ત શીડ્યુલમાં તરત જ પાછા ફરવાને બદલે, તેણે ક્રિએટિવ ફિલ્ડમાં નવા વિકલ્પો અજમાવ્યા છે. તાજેતરમાં તેણે પોતાનો ડિજિટલ ટોક શો મોમ ટોક્સ વિથ પરિણીતિ ચોપરા શરૂ કર્યો છે, જેમાં તે જાણીતાં સેલિબ્રિટી માતા-પિતાઓ સાથે બાળકોનાં ઉછેર અને વ્યક્તિગત તેમજ વ્યાવસાયિક જીવન વચ્ચે સંતુલન જાળવવાની વાસ્તવિકતાઓ અંગે નિખાલસ ચર્ચા કરે છે.



# ધમાલ 4 વહેલી રિલીઝ થશે, હવે ફિલ્મ 10મી જુલાઈએ રિલીઝ થશે

**મુંબઈ, તા.09**

બે અઠવાડિયા પહેલા એવા અહેવાલો હતા કે હવે આલિયા ભટ્ટ અને શર્વરીની યશરાજની ફિલ્મ આલ્ફા પ્રીપોન્ડ થઈ છે અને આ ફિલ્મ હવે 10 જુલાઈને બદલે 3 જુલાઈએ રિલીઝ થવાની છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ તારીખ ખાલી પડતાં ધમાલ 4ની રિલીઝ પણ એક અઠવાડિયું આગળ વધારી દેવામાં આવી છે.

આ અંગે એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "ધમાલ 4 પહેલાં 17 જુલાઈએ રિલીઝ થવાની હતી. પરંતુ હવે આ ફિલ્મ એક અઠવાડિયું પહેલાં 10 જુલાઈએ રિલીઝ થશે. 10 જુલાઈને બદલે 3 જુલાઈએ આલ્ફા રિલીઝ થવાની ચર્ચાઓ છે, તેથી ખાલી પડેલી તારીખમાં હવે ધમાલ 4ને રિલીઝ કરવાનો નિર્ણય લેવાયો છે. તેમને લાગે છ કે તેમની ફિલ્મ માટે 10 જુલાઈ યોગ્ય તારીખ છે અને ફૅન્સ માટે પણ આ કોમેડી ફિલ્મ એક અઠવાડિયું વહેલી જોવા મળશે તો મજાની જ વાત હશે. ટૂંક સમયમાં ઓફિશીયલ અનાઉન્સમેન્ટ થઈ શકે છે."



ઈન્દ્ર કુમારે ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં અજય દેવગન, રિતેશ દેશમુખ, અર્શદ વારસી, સંજય મિશ્રા અને જાવેદ જાફરી સહીતની કાસ્ટ છે, એ ઉપરાંત એશા ગુપ્તા, સંજીદા શેખ, અંજલિ આનંદ, ઉપેન્દ્ર લિમયે, વિજય પાટકર અને રવિ કિશન પણ જોવા મળશે.

ધમાલ ફ્રેન્ચાઈઝીનો પહેલો ભાગ 2007માં રિલીઝ થયો હતો અને તેની મસાલેદાર છતાં નવીન કોમેડી, મજબૂત એન્સેમ્બલ કાસ્ટ અને કમર્શીયલ એલિમેન્ટ્સને કારણે આ ફિલ્મને જબરદસ્ત સફળતા મળી હતી. ત્યારબાદ આવેલી ડબલ ધમાલ (2011)એ પણ બોક્સ ઓફિસ પર સારી શરૂઆત કરી હતી, જેના કારણે ટ્રેડ અને ઈન્ડસ્ટ્રીને આશ્ચર્ય થયું હતું અને અંતે ફિલ્મ હિટ સાબિત થઈ હતી.

ટોટલ ધમાલ(2019)એ તો પ્રથમ દિવસે જ લગભગ 16.50 કરોડની જબરદસ્ત કમાણી કરી હતી અને તેના સમગ્ર થિયેટ્રિકલ રનમાં 154.23 કરોડની કમાણી કરી લીધી હતી. ધમાલ સિરિઝની ત્રણેય ફિલ્મોને ટેલિવિઝન પર પણ સારો પ્રતિસાદ મળ્યો છે અને આજે પણ દર્શકોમાં તેની યાદગાર છાપ છે. આ કારણે ધમાલ 4 પાસેથી દર્શકોને ઘણી અપેક્ષાઓ છે.




# કરીના કપૂરે પોતાને બહેન કરીશ્માની પહેલી દિકરી ગણાવી

**મુંબઈ, તા.09**

કરીના અને કરીશ્મા વચ્ચેનો સંબંધ અને તેની ઘનિષ્ટતા તો જાણીતી છે, ત્યારે હવે કરીનાએ કરીશ્માને તોની બહેન અને તેની માતા ગણાવી છે. તેઓ બંને હંમેશા એકબીજા સાથે સમય વિતાવતાં, પાર્ટી કરતાં, પ્રસંગોમાં સાથે માણતાં જોવા મળે છે. તેઓ બંને હંમેશા એકબીજાનાં જાહેરમાં વખાણ કરતાં રહે છે. હવે જ્યારે કરીશ્માની નવી સિરીઝ બ્રાઉન આવી છે, ત્યારે તે ચર્ચામાં છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં કરીના અને કરીશ્મા બંને એકબીજા વિશે વાત કરતાં જોવા મળ્યાં હતાં. તેમાં કરીનાએ પોતાને કરીશ્માની પહેલી દિકરી ગણાવી હતી. જ્યારે કરીશ્માએ કહ્યું હતું કે કેમ તેનાં માટે પરિવાર પહેલી પ્રાથમિકતા રહ્યો છે. આ ઈન્ટરવ્યુમાં કરીનાએ કરીશ્મા વિશે એક ઓડિયો મેસેજ શેર કર્યો હતો. તેણે તેમાં કહ્યું હતું, "કરિશ્મા વિશે જેટલું પણ કહીએ એટલું ઓછું છે. આ સામાન્ય વાત લાગે, પરંતુ મારા માટે લોલો વિશે કંઈ કહેવું ખરેખર મુશ્કેલ છે, કારણ કે તે માત્ર એક અદ્ભુત વ્યક્તિ જ નથી, પરંતુ એક સમર્પિત માતા અને અત્યંત મહેનતુ એક્ટ્રેસ પણ છે. આજે પણ મને લાગે છે કે આપણા દેશની દરેક એક્ટ્રેસ લોલોને પોતાનો આદર્શ માને છે, કારણ કે તે બધાં તેનાં જેવાં બનવા માગે છે. તેની જેમ કપડાં પહેરવા, તેના જેવું દેખાવા અને તેના જેવો ડાન્સ કરવા માગે છે. મને લાગે છે કે 90ના દાયકામાં લોલોને જે લોકપ્રિયતા અને પ્રેમ મળ્યો હતો, તે દરેક અભિનેત્રી મેળવવા ઈચ્છે છે. કરીશ્મા સમયની તે એક સાચી માસ સુપરસ્ટાર હિરોઈન હતી."

કરીનાએ આગળ કરિશ્માને "દેશની લાડકી" ગણાવી અને કહ્યું કે તેનો આખો પરિવાર "લોલો વગર અધુરો" છે. તેણે પોતાનાં જીવનમાં કરિશ્માએ ભજવેલી સંભાળ રાખનાર બહેનની ભૂમિકા અને હંમેશા મળેલા તેનાં અતૂટ સાથ વિશે પણ વાત કરી. તેણે ઉમેર્યું, "મારા માટે તેને બહેન તરીકે મેળવવી એ અદ્ભુત વાત છે. ખરેખર તો, સમાયરા પહેલાં હું જ તેની પહેલી દીકરી જેવી હતી. તેથી લોલો, તારો અને તારા બધાં જ પ્રેમ અને સહયોગ માટે આભાર."

જ્યારે કરિશ્માને કરીનાના આ લાગણીસભર સંદેશ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે કહ્યું કે તે આવી બાબતો વિશે બહુ વિચારતી નથી અને માત્ર હૃદયથી જે સ્વાભાવિક લાગે તે જ કરે છે. તેણે જણાવ્યું કે પોતાનાં પ્રિયજનોની કાળજી રાખવી તેના માટે હંમેશાં સહજ અને દિલથી આવતી બાબત રહી છે.

કરિશ્માએ એ પણ કહ્યું કે પરિવાર તેનાં જીવન અને કારકિર્દીમાં હંમેશાં પ્રથમ પ્રાથમિકતા રહ્યો છે. જીવનનાં કોઈપણ તબક્કામાં તે હોય, પરિવાર તેના માટે દરેક વસ્તુ કરતાં વધુ મહત્વનો રહ્યો છે.

હાલમાં કરિશ્મા પોતાની વેબ સિરીઝ બ્રાઉનમાં રીટા બ્રાઉનના પાત્ર માટે ચર્ચામાં છે. આ પાત્ર એક પૂર્વ મહિલા પોલીસ અધિકારીનું છે, જે વ્યક્તિગત આઘાત અને નુકસાન સાથે સંઘર્ષ કરી રહી છે.

# સેન્સેક્સ 395 પોઈન્ટ વધીને 73,919 પર બંધ

## નિફ્ટીમાં પણ 119 પોઈન્ટનો ઉછાળો રહ્યો, બેન્કિંગ અને રિયલ્ટી શેરોમાં વધુ ખરીદી જોવા મળી



**મુંબઈ, તા.09**

ભારતીય શેરબજારમાં અગાઉના દિવસના ભારે ઘટાડા બાદ આજે એટલે કે 9 જૂને શાનદાર રિકવરી જોવા મળી છે. સ્થાનિક રોકાણકારોની જોરદાર ખરીદી અને વૈશ્વિક બજારોમાંથી મળેલા હકારાત્મક સંકેતોને કારણે બજાર ફરી એકવાર લીલા નિશાન પર બંધ થવામાં સફળ રહ્યું. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સ આજે 395 પોઈન્ટના આકર્ષક ઉછાળા સાથે 73,919 ના સ્તરે બંધ થયો હતો. તેવી જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ઈન્ડેક્સ નિફ્ટી પણ 119 પોઈન્ટ મજબૂત થઈને 23,242 ના સ્તર પર પહોંચી ગયો હતો. આજના કારોબાર દરમિયાન ખાસ કરીને ઓટોમોબાઈલ, બેન્કિંગ અને રિયલ્ટી સેક્ટરના શેરોમાં રોકાણકારોએ વ્યાપક ખરીદી રસ દાખવ્યો હતો, જેના કારણે બજારને મોટો સપોર્ટ મળ્યો હતો.

આ તેજી પાછળનું મુખ્ય કારણ વૈશ્વિક મોરચે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના તણાવમાં આવેલો થોડો ઘટાડો અને આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોનું નરમ પડવું માનવામાં આવી રહ્યું છે. જો કે બીજી તરફ વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે FII સતત વેચવાલી કરી રહ્યા છે અને તેમણે 8 જૂને પણ 5,556 કરોડ રૂપિયાના શેર વેચીને બજારમાંથી નાણાં પરત ખેંચ્યા હતા. તેની સામે ભારતીય સંસ્થાકીય રોકાણકારો એટલે કે DII એ બજારને સંભાળવા માટે 5,165 કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી કરીને મોટો ટેકો આપ્યો હતો. છેલ્લા 30 દિવસના આંકડા પર નજર કરીએ તો વિદેશી રોકાણકારોએ બજારમાંથી આશરે 81,561 કરોડ રૂપિયા પાછા ખેંચ્યા છે, જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ જ સમયગાળામાં 1,00,374 કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરીને બજારની આર્થિક સ્થિતિ મજબૂત રાખી છે. જો વૈશ્વિક બજારોની વાત કરીએ તો એશિયાના અન્ય દેશોના શેરબજારમાં આજે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 613 પોઈન્ટ એટલે કે 8.18 ટકાના જંગી ઉછાળા સાથે 8,097 પર બંધ રહ્યો હતો, જ્યારે જાપાનનો નિકેઈ પણ 1,392 પોઈન્ટ એટલે કે 2.17 ટકા વધીને 65,417 પર પહોંચ્યો હતો. જો કે હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 91 પોઈન્ટના સામાન્ય ઘટાડા સાથે 24,566 પર બંધ થયો હતો. આ અગાઉ અમેરિકી શેરબજારોમાં પણ મિશ્ર કારોબાર નોંધાયો હતો, જેમાં ડાઉ જોન્સ 81 પોઈન્ટ તૂટીને 50,786 પર બંધ થયો હતો, જ્યારે ટેકનોલોજી આધારિત નાસ્ડેક ઈન્ડેક્સ 220 પોઈન્ટ વધીને 25,930 પર અને S&P 500 ઈન્ડેક્સ 22 પોઈન્ટની વૃદ્ધિ સાથે 7,406 ના સ્તરે બંધ રહ્યો હતો.

આજની આ તેજી રોકાણકારો માટે મોટી રાહત સમાન છે કારણ કે આના બરાબર એક દિવસ પહેલા એટલે કે 8 જૂને શેરબજારમાં મોટો કડાકો બોલાઈ ગયો હતો. ગઈકાલના ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ 719 પોઈન્ટના ભારે ઘટાડા સાથે 73,524 પર ખાબક્યો હતો અને નિફ્ટી પણ 244 પોઈન્ટ તૂટીને 23,123 ના સ્તરે આવી ગયો હતો. ગઈકાલના એ ભારે નુકસાન બાદ આજના સુધારાએ રોકાણકારોમાં ફરી એકવાર નવો ઉત્સાહ જગાવ્યો છે, પરંતુ વૈશ્વિક અનિશ્ચિતતાઓને જોતાં આગામી દિવસોમાં પણ બજારમાં આવી જ વધ-ઘટ જોવા મળી શકે છે.

# સોનું ₹1,095 વધીને ₹1.53 લાખ પર પહોંચ્યું: ચાંદી ₹1,307 મોંઘી થઈને ₹2.46 લાખ થઈ



**નવી દિલ્હી, તા.09**

સોના અને ચાંદીના ઘરેણાં ખરીદવાનું વિચારી રહેલા લોકો માટે આજે એટલે કે 9 જૂને બજારમાંથી મિશ્ર સંકેતો મળી રહ્યા છે, જેમાં સોનાના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે તો બીજી તરફ ચાંદી ખરીદનારાઓ માટે રાહતના સમાચાર છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJA દ્વારા જાહેર કરાયેલા તાજા આંકડાઓ અનુસાર, આજે સ્થાનિક બજારમાં 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,095 રૂપિયાના જંગી વધારા સાથે 1.53 લાખ રૂપિયાની સપાટી પર પહોંચી ગયો છે. જો કે સોનાની આ તેજીથી વિપરીત ઔદ્યોગિક માંગમાં નરમાઈને કારણે ચાંદીના ભાવમાં આજે ઘટાડો નોંધાયો છે, જેમાં પ્રતિ કિલો ચાંદીની કિંમત 1,307 રૂપિયા ઘટીને 2.46 લાખ રૂપિયાના સ્તર પર આવી ગઈ છે.

ચાલુ વર્ષ એટલે કે 2026ની શરૂઆતથી જ બંને કિંમતી ધાતુઓમાં અભૂતપૂર્વ તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે અને અત્યાર સુધીમાં સોના-ચાંદીના ભાવોએ તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં 19 હજાર રૂપિયા અને ચાંદીના ભાવમાં 15 હજાર રૂપિયાનો જંગી વધારો થઈ ચૂક્યો છે. જો પાછલા વર્ષના અંત સાથે સરખામણી કરીએ તો 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો, જે હવે વધીને 1.53 લાખ રૂપિયા પર આવી ગયો છે. તે જ પ્રમાણે ગત વર્ષના અંતે ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલોના સ્તરે ટ્રેડ થઈ રહી હતી, જે હવે વધીને 2.45 લાખ રૂપિયા પર સ્થિર થઈ છે, જ્યારે આ તેજીની સફર દરમિયાન ગત 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાની પોતાની સર્વોચ્ચ ઓલટાઈમ હાઈ સપાટી પણ બનાવી હતી. બજારમાં ચાલી રહેલી આ ભારે વધ-ઘટ વચ્ચે સામાન્ય ગ્રાહકો માટે સોનાની ખરીદી કરતી વખતે કેટલીક સાવચેતી રાખવી ખૂબ જ જરૂરી બની જાય છે જેથી તેઓ છેતરામણીથી બચી શકે. જ્યારે પણ તમે સોનાના દાગીના કે સિક્કા ખરીદો ત્યારે હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે BIS નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ ખરીદવાનો જ આગ્રહ રાખવો જોઈએ, કારણ કે આ હોલમાર્કમાં એક ખાસ આલ્ફાન્યૂમેરિક કોડ હોય છે જે સોનાની શુદ્ધતા અને તે કેટલા કેરેટનું છે તેની ચોક્કસ માહિતી આપે છે. આ સાથે જ ખરીદી કરતી વખતે સોનાનું સાચું વજન કરાવવું અને ખરીદવાના ચોક્કસ દિવસે બજારમાં ચાલી રહેલા સાચા ભાવોને ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ જેવા વિશ્વસનીય સ્રોતો પરથી ક્રોસ ચેક કરી લેવા ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે.

# વોલમાર્ટનો દાવ- નાના-મોટા દરેક ઓપરેશનમાં AI તૈનાત: 20 લાખ કર્મચારીઓ ધરાવતું વોલમાર્ટ AIથી રિટેલ અને શોપિંગની રીત બદલી રહ્યું છે

**ન્યૂયોર્ક, તા.09**

ગ્લોબલ રિટેલ ચેઈન વોલમાર્ટની વાર્ષિક મીટિંગમાં એ સ્પષ્ટ થઈ ગયું છે કે કંપની બિઝનેસની ગતિ વધારવા માટે AIને સૌથી મોટું હથિયાર બનાવી રહી છે. દુનિયાભરમાં ફેલાયેલા હજારો સ્ટોર્સ, કરોડો સાપ્તાહિક ગ્રાહકો અને 20 લાખથી વધુ કર્મચારીઓ ધરાવતી આ કંપની હવે સ્ટોરની અંદર ઓર્ડર પીકિંગથી લઈને ડિલિવરી ટાઈમિંગ અને કસ્ટમર ફીડબેક સમજવા સુધીના દરેક નાના-મોટા ઓપરેશનમાં AIની મદદ લઈ રહી છે. વોલમાર્ટના સીઈઓ જોન ફર્નરે કહ્યું કે કંપનીનો લક્ષ્ય AI શીખવા અને તેની ક્ષમતાને બધા માટે સુલભ બનાવવાનો છે.



ફર્નરનો આગ્રહ છે કે કંપનીનો દરેક કર્મચારી AI ટૂલ્સ શીખે અને આગળ વધે. મીટિંગમાં સૌથી વધુ ચર્ચા 'કોડ પપી' ટૂલની રહી, જેને વોલમાર્ટ ગ્લોબલ ટેકના એન્જિનિયરોએ જ વિકસાવ્યું છે. આ એક એવું 'વાઈબ-કોડિંગ ટૂલ' છે જે તમામ કર્મચારીઓને પોતાના સ્તરે ટેકનિકલ સોલ્યુશન્સ શોધવામાં મદદ કરે છે.

વોલમાર્ટનો પ્રયાસ છે કે નવા વિચારો સીધા ફ્રન્ટલાઈન કર્મચારીઓ પાસેથી આવે અને ગ્લોબલ એન્ટરપ્રાઈઝમાં લાગુ કરવામાં આવે. ફર્નરે કહ્યું, 'વિચાર ક્યાંથી આવ્યો, તે મહત્વનું નથી. ભલે તે બેંગલુરુ હોય કે ગ્રેટર ટોરોન્ટો હોય. જ્યાં શ્રેષ્ઠ વિચાર હશે, અમે તેને અપનાવીશું અને સ્કેલ કરીશું.'

વોલમાર્ટે ઓપનએઆઈ સાથે ક્રેડેન્શિયલિંગ પ્રોગ્રામ લોન્ચ કર્યો, જે દરેક કર્મચારી માટે છે. ઉદ્દેશ્ય એ છે કે કર્મચારીઓ AIથી સમસ્યાઓ હલ કરી શકે. કંપનીના એક લોજિસ્ટિક્સ મેનેજરે એક એવો AI એજન્ટ બનાવ્યો, જે રૂટ ઓપ્ટિમાઈઝેશનમાં મદદ કરે છે. ખાલી ટ્રકોની અવરજવર ઓછી થઈ છે અને ડ્રાઈવરોનો સમય બચી રહ્યો છે.

કોડ પપી એક ખાસ AI એજન્ટ છે જે કંપનીની અંદર કામને સરળ અને ઝડપી બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે અને તેને સમગ્ર સંગઠન સાથે શેર કરવામાં આવ્યો છે જેથી ગ્રાઉન્ડ લેવલ પર પણ લોકો તેનો ઉપયોગ કરી શકે. સીટીઓ સુરેશ કુમારના મતે, આ એક એવું ટૂલ છે, જે એસોસિએટ્સને એન્જિનિયરમાં બદલે છે.

વોલમાર્ટના ઓર્ડર પીકર્સ AI-જનરેટેડ રૂટ મુજબ સ્ટોરમાંથી પીક કરતા હતા, પરંતુ હવે AI એ પણ નક્કી કરે છે કે સબવેના કર્મચારીઓને કયા સમયે ઓર્ડર તૈયાર કરવાનો નિર્દેશ આપવો. ડિજિટલ ફુલફિલમેન્ટના હેડ ગ્રેગ કેથી અનુસાર, આ ટાઈમિંગ એટલા માટે સેટ કરવામાં આવી છે જેથી ગ્રાહકને હંમેશા તાજી અને ગરમ સેન્ડવીચ મળે.

વોલમાર્ટ પરંપરાગત 5-સ્ટાર રેટિંગ સર્વેને બદલે હવે કંપની મલ્ટિમોડલ AI એનાલિસિસનો ઉપયોગ કરી રહી છે. 1.5 લાખ સભ્યો ધરાવતા કોમ્યુનિટી ગ્રુપની વાતચીત અને વીડિયો ક્લિપ્સનું વિશ્લેષણ કરવામાં આવે છે. આનાથી માત્ર એ જ નથી જાણવા મળતું કે ગ્રાહકો શું કહી રહ્યા છે, પરંતુ તેમના ભાવોને પણ સમજી શકાય છે.

# પેટ્રોલિયમ મંત્રીએ કહ્યું- ભારતમાં 76 દિવસનો ફ્યુઅલ સ્ટોક: મંત્રાલયે જણાવ્યું- તેલ કંપનીઓને દરરોજ ₹600 થી ₹700 કરોડનું નુકસાન

**નવી દિલ્હી, તા.09**

પેટ્રોલ-ડીઝલ પર સોમવારે (8 જૂન) પેટ્રોલિયમ મંત્રાલય અને કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી તરફથી બે અલગ-અલગ નિવેદનો આવ્યા, જેના પરથી જાણવા મળે છે કે દેશમાં ઈંધણનો સ્ટોક તો છે, પરંતુ કિંમતો વધી શકે છે. એક તરફ કેન્દ્રીય મંત્રી પુરીએ કહ્યું કે ભારત પાસે હાલમાં તેના વ્યૂહાત્મક પેટ્રોલિયમ રિઝર્વ, રિફાઈનરી સ્ટોક અને કોમર્શિયલ સ્ટોકને ભેગા કરીને 76 થી 80 દિવસના વપરાશ જેટલો ઈંધણનો ભંડાર ઉપલબ્ધ છે. તેમણે જણાવ્યું કે મિડલ ઈસ્ટમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવ છતાં દેશનો તેલ પુરવઠો સંપૂર્ણપણે સુરક્ષિત છે અને વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો લાંબા સમય સુધી ઊંચા સ્તરે રહેશે નહીં.

જ્યારે, બીજી તરફ પેટ્રોલિયમ મંત્રાલયના એડિશનલ સેક્રેટરી પ્રવીણ ખનૂજાએ એક પ્રેસ બ્રીફિંગમાં એ પણ જણાવ્યું કે LPG સિવાય તેલ કંપનીઓ હાલમાં ડીઝલ પર પ્રતિ લિટર 30 રૂપિયા અને પેટ્રોલ પર પ્રતિ લિટર 6 રૂપિયાની અંડર-રિકવરી (નુકસાન) ભોગવી રહી છે. આ કારણે કંપનીઓને દરરોજ લગભગ 600 થી 700 કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે.

હરદીપ સિંહ પુરીએ એ પણ સ્વીકાર્યું કે જો મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો સંઘર્ષ અપેક્ષા કરતાં વધુ લાંબો ખેંચાય, તો પડકારો બદલાઈ શકે છે. ટૂંકા ગાળાની અડચણોને દેશ પોતાના સ્ટોક અને વૈકલ્પિક માર્ગોથી સંભાળી લેશે, પરંતુ ખૂબ લાંબા સમય સુધી ચાલનારી કટોકટી વૈશ્વિક ઊર્જા બજારો પર વ્યાપક અસર કરી શકે છે.

જોકે, સરકારી તેલ કંપનીઓ લાંબા ગાળાની સુરક્ષા માટે ઘરેલું સ્તરે ડ્રિલિંગ પ્રવૃત્તિઓને નોંધપાત્ર રીતે વધારવાની યોજના પર કામ કરી રહી છે જેથી બાહ્ય આંચકાઓ પ્રત્યેની નિર્ભરતા ઓછી થઈ શકે.

વૈશ્વિક તેલ સપ્લાયના સૌથી મહત્વપૂર્ણ રૂટ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' બંધ થવાની આશંકાઓ પર પેટ્રોલિયમ મંત્રીએ સ્થિતિ સ્પષ્ટ કરી છે. તેમણે કહ્યું કે ભારત પાસે ઉપલબ્ધ સ્ટોક અને વૈકલ્પિક સોર્સિંગ (આપૂર્તિ)ની વ્યવસ્થાને



કારણે દેશ કોઈપણ અસ્થાયી અવરોધનો સામનો કરવામાં સક્ષમ છે. જો આ દરિયાઈ માર્ગ લગભગ 30 દિવસ માટે બંધ પણ થઈ જાય, તો ભારત આ સ્થિતિને ખૂબ જ સરળતાથી સંભાળી શકે છે.

હરદીપ સિંહ પુરીએ જણાવ્યું કે તેમની પ્રાથમિકતા દેશમાં ક્રૂડ ઓઈલ, નેચરલ ગેસ અને એલપીજી (LPG) ત્રણેયનો ઓછામાં ઓછો 60-60 દિવસનો સ્ટોક કવર જાળવી રાખવાની છે. ભારત હાલમાં આ નિર્ધારિત મર્યાદા (થ્રેશોલ્ડ) પૂરી કરી રહ્યું છે અને ખૂબ જ આરામદાયક સ્થિતિમાં છે. સરકારે પહેલેથી જ તેની સપ્લાય વ્યવસ્થામાં વિવિધતા (ડાઈવર્સિફિકેશન) લાવવાની વ્યૂહરચના પર કામ શરૂ કરી દીધું છે. પેટ્રોલિયમ મંત્રીના મતે, ખાડી દેશો (ગલ્ફ રિજન) સિવાયના ઉત્પાદક દેશો વૈશ્વિક સ્તરે તેલની અછતને પૂરી કરશે. તેમણે જણાવ્યું કે મોઝામ્બિકથી આવતી વધારાની ગેસ સપ્લાય ભારતની ઊર્જા સુરક્ષાને વધુ મજબૂત કરશે.

આ ઉપરાંત, જરૂર પડ્યે વધારાનો એલપીજી કાર્ગો સુરક્ષિત કરવા માટે સંયુક્ત આરબ અમીરાત (UAE) ના અધિકારીઓ સાથે વાતચીત કરવામાં આવી છે, જેથી ભારતને સંકટના સમયે જરૂરી મદદ મળી શકે. મંત્રીએ કહ્યું કે ભારતનું એનર્જી સિક્યોરિટી ફ્રેમવર્ક માત્ર સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ સુધી સીમિત નથી, પરંતુ તેમાં રિફાઈનર્સ અને ફ્યુઅલ રિટેલર્સ પાસે રહેલી ઈન્વેન્ટરી પણ સામેલ છે. દેશમાં હાલમાં 24 રિફાઈનરીઓ કાર્યરત છે અને સરકાર સતત પોતાની રિફાઈનિંગ ક્ષમતા વધારી રહી છે.

વૈશ્વિક બજારમાં થતી વધઘટ દરમિયાન આ રિફાઈનિંગ ક્ષમતા ભારતની સૌથી મોટી તાકાત બનીને ઉભરી આવે છે. દેશની ઊર્જા કંપનીઓ પણ માને છે કે શોર્ટ-ટર્મની કોઈપણ કટોકટીને સરળતાથી મેનેજ કરી શકાય છે.

મહામારી (પેન્ડેમિક) પછી જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ ખૂબ ઓછા હતા, ત્યારે ભારતે તેના રિઝર્વને પર્યાપ્ત રીતે ન ભર્યા હોવાની ટીકાઓને મંત્રીએ સંપૂર્ણપણે ફગાવી દીધી. તેમણે દલીલ કરી કે ફ્યુઅલ સ્ટોકનું સંચાલન એક સતત ચાલતી પ્રક્રિયા છે, જેમાં સતત સ્ટોકને રિપ્લેનિશ (ફરીથી ભરવો) અને તેનો વ્યાપારી ઉપયોગ કરવો શામેલ છે. ક્રૂડ ઓઈલને અનિશ્ચિતકાળ માટે ફક્ત સંગ્રહિત કરી શકાતું નથી; ઈન્વેન્ટરીને બજારની પરિસ્થિતિઓ અને વપરાશની જરૂરિયાતોના આધારે સક્રિય રીતે સંચાલિત કરવામાં આવે છે. દેશના મૂળભૂત ઊર્જા માળખા (ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર) ને મજબૂત કરવા માટે એલપીજી સ્ટોરેજ ક્ષમતા અને ઘરેલું તેલ શોધ (એક્સપ્લોરેશન) પરના ખર્ચમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. વર્ષ 2014માં દેશમાં લગભગ 14 કરોડ એલપીજી કનેક્શન હતા, જે હવે વધીને 33 કરોડથી વધુ થઈ ગયા છે. આ ઉપરાંત, આંદામાન બેસિન સહિતના વિવિધ ઘરેલું એક્સપ્લોરેશન પ્રોજેક્ટ્સમાં રોકાણને વેગ આપવામાં આવ્યો છે.

# ઉજ્જવલા યોજનામાં માત્ર 4 સબસિડીવાળા સિલિન્ડર મળશે

## અત્યાર સુધી 9 સિલિન્ડર મળતા હતા, આંતરરાષ્ટ્રીય બજારમાં LPGના ભાવમાં 46% સુધીના વધારાની અસર

**નવી દિલ્હી, તા.09**

ઉજ્જવલા યોજના (PMUY) ના લાભાર્થીઓને સબસિડીવાળા LPG સિલિન્ડર હવે વર્ષમાં 9ને બદલે માત્ર 4 જ મળશે. પેટ્રોલિયમ મંત્રાલયે સોમવારે આ માહિતી આપી. મિડલ ઈસ્ટમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે LPGની કિંમતોમાં સતત થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. યુદ્ધના કારણે LPG 46% સુધી મોંઘી થઈ ગઈ છે. ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને હાલમાં દરેક સિલિન્ડર પર 300 રૂપિયાની સબસિડી મળે છે. દિલ્હીમાં 14.2 કિલોવાળા ઘરેલુ LPG સિલિન્ડરની કિંમત 942 રૂપિયા છે. આવા કિસ્સામાં, ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને એક સિલિન્ડર 642 રૂપિયામાં મળે છે.

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના 2016માં શરૂ કરવામાં આવી હતી. આ અંતર્ગત ગરીબ પરિવારોની મહિલાઓને મફત LPG કનેક્શન આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં લાભાર્થીઓને વર્ષમાં 12 સબસિડીવાળા સિલિન્ડર મળતા હતા. ગયા વર્ષે આ સંખ્યા ઘટાડીને 9 કરવામાં આવી હતી અને હવે તેને 4 કરવામાં આવી છે.

આ દરમિયાન સરકારનું કહેવું છે કે દુનિયાભરમાં ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવમાં વધઘટ વચ્ચે ભારતીય પરિવારોને સૌથી સસ્તી રસોઈ ગેસ મળી રહી છે.

ભારતમાં ઘરેલું એલપીજી (LPG) સિલિન્ડરની કિંમત પડોશી દેશો અને અમેરિકા, ઓસ્ટ્રેલિયા જેવા એડવાન્સ અર્થતંત્રોની સરખામણીમાં ખૂબ ઓછી છે.

વર્તમાનમાં આંતરરાષ્ટ્રીય બજારમાં વધતા ખર્ચનો બોજ સરકાર પોતે ઉઠાવી રહી છે અને તેને સામાન્ય ગ્રાહકો પર પાસ-ઓન થવા દેવામાં આવ્યો નથી.

ભારતમાં પેટ્રોલિયમ ઉત્પાદનોની કિંમતો આંતરરાષ્ટ્રીય બજાર સાથે જોડાયેલી છે. આમ છતાં, સરકાર ઘરેલુ એલપીજીની કિંમતોને નિયંત્રિત રાખે છે.



પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY)ના લાભાર્થીઓને દર વર્ષે રિફિલિંગ પર પ્રતિ સિલિન્ડર 300 રૂપિયાની વધારાની સબસિડી સીધા બેંક ખાતામાં મળે છે.

આ છૂટ વર્ષના પહેલા 4 સિલિન્ડર પર લાગુ પડે છે, જેનાથી તેમને એક સિલિન્ડર અસરકારક રીતે 642 રૂપિયામાં પડે છે. ભારતમાં 10.58 કરોડથી વધુ ઉજ્જવલા કનેક્શન છે.

નોંધ: 14.2 કિલોગ્રામના આધારે સરખામણી કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય બજારની સરખામણીમાં ભારતનો ઉજ્જવલા સિલિન્ડર લગભગ 60% ડિસ્કાઉન્ટ અને સામાન્ય ઘરેલું સિલિન્ડર લગભગ 45% ડિસ્કાઉન્ટ પર મળે છે. હોટલ અને બિઝનેસમાં ઉપયોગમાં લેવાતા કોમર્શિયલ સિલિન્ડરની કિંમતો દર મહિને આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્કના આધારે આપમેળે બદલાય છે. પશ્ચિમ એશિયા સંકટ દરમિયાન 5 વખત ભાવ વધ્યા પછી દિલ્હીમાં 19 કિલોગ્રામનો કોમર્શિયલ સિલિન્ડર 3,113.50 રૂપિયા (લગભગ 164 રૂપિયા પ્રતિ કિલોગ્રામ)માં વેચાઈ રહ્યો છે. તેની સરખામણીમાં ઘરેલું ગ્રાહકો માત્ર 66 રૂપિયા પ્રતિ કિલોગ્રામના દરે ચૂકવણી કરી રહ્યા છે. ભારત તેની એલપીજી જરૂરિયાતોનો 60% હિસ્સો આયાત કરે છે. તેની લેન્ડેડ કોસ્ટ સાઉદી કોન્ટ્રાક્ટ પ્રાઈસ (CP)થી નક્કી થાય છે, જેને સાઉદી અરામકો દર મહિનાની શરૂઆતમાં નક્કી કરે છે. પશ્ચિમ એશિયામાં આવેલા અવરોધો અને ફેબ્રુઆરીના અંતમાં હોર્મુઝ સ્ટ્રેટ બંધ થયા પછી ગેસની કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો છે.

ફેબ્રુઆરીમાં જે સાઉદી સીપી બેન્ચમાર્ક 542.50 ડોલર પ્રતિ ટન પર હતો, તે એપ્રિલમાં વધીને 775 ડોલર અને જૂન 2026માં 790 ડોલર પ્રતિ ટન પર પહોંચી ગયો છે. આ રીતે ફેબ્રુઆરીની સરખામણીમાં જૂન સુધીમાં એલપીજી બેન્ચમાર્કમાં લગભગ 46%નો વધારો નોંધાયો છે, જેમાં પ્રોપેન 39% અને બ્યુટેન 52% મોંઘા થયા છે.

# એરટેલ અને વોડાફોન આઈડિયાને બોમ્બે હાઈકોર્ટમાંથી રાહત: સરકારનો વન-ટાઈમ સ્પેક્ટ્રમ ચાર્જ વસૂલવાનો નિર્ણય રદ, બેંક ગેરંટી પણ પરત થશે

**મુંબઈ, તા.09**

બોમ્બે હાઈકોર્ટે ભારતી એરટેલ લિમિટેડ અને વોડાફોન આઈડિયા લિમિટેડ પર કેન્દ્ર સરકાર દ્વારા લાદવામાં આવેલ વન-ટાઈમ સ્પેક્ટ્રમ ચાર્જ (OTSC) રદ કર્યો છે. કોર્ટે ચુકાદો આપ્યો કે સરકાર પાસે ટેલિકોમ લાઈસન્સ આપવામાં આવ્યાના વર્ષો પછી નાણાકીય શરતોને પૂર્વવર્તી તારીખ (રેટ્રોસ્પેક્ટિવ)થી બદલવાનો કોઈ અધિકાર નથી.

જસ્ટિસ મનીષ પિતળે અને જસ્ટિસ શ્રીરામ વી. શિરસાટની ડિવિઝન બેન્ચે સરકારના 2012ના આ નિર્ણયને રદ કરતા કંપનીઓની બેંક ગેરંટી પણ પરત કરવાનો નિર્દેશ આપ્યો છે.

જસ્ટિસ મનીષ પિતળે અને જસ્ટિસ શ્રીરામ વી. શિરસાટની બેન્ચે કેન્દ્ર સરકારના 8 નવેમ્બર અને 28 ડિસેમ્બર 2012ના તે નિર્ણયોને સંપૂર્ણપણે રદ કર્યા, જે અંતર્ગત ટેલિકોમ કંપનીઓ પર દંડ લાદવામાં આવ્યો હતો.

સરકારે આ નિર્ણયો દ્વારા જુલાઈ 2008થી 6.2 મેગાહર્ટ્ઝ (MHz)થી વધુના સ્પેક્ટ્રમ હોલ્ડિંગ પર વન-ટાઈમ સ્પેક્ટ્રમ ચાર્જ લગાવ્યો હતો. કોર્ટે માત્ર સરકારની ડિમાન્ડ નોટિસ રદ કરી નથી, પરંતુ ટેલિકોમ ઓપરેટરો દ્વારા જમા



કરાયેલી બેંક ગેરંટી પણ પરત કરવાનો આદેશ આપ્યો છે.

બોમ્બે હાઈકોર્ટના આ નિર્ણયનું ટેલિકોમ ઉદ્યોગે સ્વાગત કર્યું છે. એરટેલના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમે વન-ટાઈમ સ્પેક્ટ્રમ ચાર્જ (OTSC) ની માંગને રદ કરનારા બોમ્બે હાઈકોર્ટના નિર્ણયનું સ્વાગત કરીએ છીએ.

આ નિર્ણય કાનૂની અને નાણાકીય અનિશ્ચિતતાને સમાપ્ત કરીને ભારતના ટેલિકોમ સેક્ટર માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે. આનાથી ભવિષ્યના રોકાણ માટે એક સારું વાતાવરણ તૈયાર થશે.

આ આખો વિવાદ સુપ્રીમ કોર્ટના 2G સ્પેક્ટ્રમના નિર્ણય પછી શરૂ થયો હતો. ત્યારબાદ કેન્દ્ર સરકારે નિર્ધારિત મર્યાદાથી વધુ સ્પેક્ટ્રમ ધરાવતા જૂના ઓપરેટરો પર વન-ટાઈમ ચાર્જ લગાવવાનો નિર્ણય કર્યો.

ટેલિકોમ વિભાગ (DoT)એ જુલાઈ 2008થી 6.2 મેગાહર્ટ્ઝથી વધુના સ્પેક્ટ્રમ હોલ્ડિંગ્સ પર આ ચાર્જ વસૂલવાની માંગ કરી હતી. સરકારનો તર્ક હતો કે ઓપરેટરોને સ્પેક્ટ્રમ યુસેજ ચાર્જ ઉપરાંત, સ્પેક્ટ્રમ ફાળવણી માટે અલગથી ચૂકવણી કરવી જરૂરી હતી.

ભારતી એરટેલ અને વોડાફોન આઈડિયાએ આ લેવી (ટેક્સ)ને કોર્ટમાં પડકાર્યો હતો. કંપનીઓનો તર્ક હતો કે ન તો ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ, 1885 અને ન તો તેમના લાઈસન્સ એગ્રીમેન્ટમાં આ પ્રકારના બેક-ડેટેડ (પહેલાની તારીખથી) ચાર્જ લગાવવાની કોઈ જોગવાઈ છે.

# મે મહિનામાં રેકોર્ડ 25.31 લાખ વાહનો વેચાયા: આમાં પ્રથમ વખત EVનો હિસ્સો 11%થી વધુ, મિડલ ઈસ્ટ સંકટને કારણે મોંઘા થયેલા ઈંધણની અસર



**મુંબઈ, તા.09**

ભારતીય ઓટોમોબાઈલ ક્ષેત્રે ચાલુ વર્ષના મે મહિનામાં સફળતાનું એક નવું શિખર સર કર્યું છે અને વેચાણના તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન્સ એટલે કે FADA દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર અહેવાલ મુજબ, મે 2026માં દેશભરમાં વાહનોનું કુલ રિટેલ વેચાણ વાર્ષિક ધોરણે 9.55 ટકાના શાનદાર વધારા સાથે 25,31,067 યુનિટની ઐતિહાસિક સપાટી પર પહોંચી ગયું છે. પાછલા વર્ષે મે મહિનામાં આ આંકડો 23,10,451 યુનિટ નોંધાયો હતો, જે દર્શાવે છે કે ભારતીય બજારમાં વાહનોની માંગ ખૂબ જ ઝડપથી વધી રહી છે. આ વખતના રેકોર્ડ બ્રેક વેચાણમાં સૌથી નોંધપાત્ર અને પરિવર્તનકારી બાબત એ સામે આવી છે કે દેશના ઈતિહાસમાં પ્રથમ વખત કુલ વેચાયેલા વાહનોમાં ઈલેક્ટ્રિક વાહનો એટલે કે EVનો હિસ્સો 11 ટકાની સીમાચિહ્નરૂપ સપાટીને પાર કરી ગયો છે. નિષ્ણાતોના મતે, મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય સંકટના કારણે છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક બજારમાં પેટ્રોલ અને ડીઝલ જેવા પરંપરાગત ઈંધણની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. ઈંધણના આ મોંઘા ભાવથી બચવા માટે હવે ભારતીય ગ્રાહકોનો ઝોક પર્યાવરણને અનુકૂળ એવા ગ્રીન અને વધુ ફ્યુઅલ-એફિશિયન્ટ

પશ્ચિમ રેલવે
અમદાવાદ મંડળ

**ટ્રેક મશીનોના POH સંબંધિત મરમ્મત કામ**

**ઈ-ટેન્ડર સૂચના નં. 01/2026-27 તા. 09.06.2026 કામનું નામ:** સીપીઓએચ, અમદાવાદ ખાતે 120 ટ્રેક મશીનોના POH સંબંધિત મરમ્મત કામ, સમયગાળો 03 વર્ષ. **ટેન્ડર નં.: CWMCPOHADI2026-27-3 જાહેર કરાયેલ ટેન્ડર કિંમત:** ₹1421036977.43/- **EMD રકમ:** ₹28420700.00/- **ટેન્ડર બંધ થવાની તારીખ:** 15.07.2026 @ 15:00 કલાકે **ટેન્ડર ખોલવાની તારીખ:** 15.07.2026 @ 15:15 કલાકે **IREPS પર ટેન્ડર અપલોડ કરવાની તારીખ:** 09.06.2026 ADI 061

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# માથાભારે મહાવીરસિંહ સિંધવનું ચોથા માળેથી પટકાતા મોત

## લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે નામ જોડાયું હતું, દેવાયત ખવડના ડાયરામાં 10 કારનો કાફલો, લાખો ઉડાડી લાઈમ લાઈટમાં આવ્યો હતો

અમદાવાદ, તા.09

અમદાવાદના વૈભવી ગણાતા બોપલ વિસ્તારમાં પાડોશીઓ સાથે નશાની હાલતમાં મારામારી કરનાર કુખ્યાત મહાવીરસિંહ સિંધવનું ચોથા માળેથી પટકાતાં મોત નીપજ્યું છે. લૂંટ, ગુજસીટોક, આર્મીની નોકરી છોડ્યા બાદ ડ્રગ્સ નેટવર્ક અને લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે આશંકાસ્પદ કનેક્શન ધરાવતો મહાવીરસિંહ ગઈકાલે (8 જૂન) રાત્રે સોસાયટીમાં ઝઘડા બાદ પોલીસ પકડથી બચવા ભાગી રહ્યો હતો, ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

2020માં લોકસાહિત્યકાર દેવાયત ખવડના ડાયરામાં 10 લક્ઝુરિયસ કારોના કાફલા સાથે એન્ટ્રી કરી અને લાખો રૂપિયાનો વરસાદ કરીને મહાવીરસિંહ અચાનક લાઈમલાઈટમાં આવ્યો હતો. બોપલ પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ તપાસમાં સામે આવેલી વિગત મુજબ, મૃતક મહાવીરસિંહ સિંધવ (મૂળ રહે. ચોકડી ગામ, તા. ચુડા, સુરેન્દ્રનગર) તાજેતરમાં જ બોપલ વિસ્તારમાં આવેલા 'અક્ષર લક્ઝ્યુરિયા' ફ્લેટમાં રહેવા માટે આવ્યો હતો. સોમવારની રાત્રે મહાવીરસિંહે નશાની હાલતમાં ફ્લેટના અન્ય બ્લોકમાં રહેતા પાડોશીઓ સાથે કોઈ બાબતે ભારે હોબાળો મચાવ્યો હતો. ઝઘડો એટલો ઉગ્ર બન્યો હતો કે તેણે રહીશો સાથે મારામારી શરૂ કરી દીધી હતી. તેના આતંકથી કંટાળીને સ્થાનિકોએ તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમના ઈમરજન્સી નંબર 112 પર કોલ કરીને પોલીસને જાણ કરી હતી.



સ્થાનિકોની જાણ બાદ પોલીસ આવી હોવાની ભાળ મળતાં જ મહાવીરસિંહ પકડાઈ જવાના ડરથી બચવા માટે ભાગ્યો હતો. ચોથા માળે ગેલેરી કે અગાસીના ભાગેથી ઝડપથી ભાગવાના પ્રયાસમાં અચાનક તેનો પગ લપસી ગયો હતો, જેના કારણે તે સીધો ચોથા માળેથી હવામાં ફંગોળાઈને નીચે પટકાયો હતો. ઊંચાઈ પરથી નીચે પડતાં માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવાના લીધે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બોપલ પોલીસ સ્ટેશનના પીઆઈ સુનિલ ચૌધરીએ જણાવ્યું કે, મહાવીરસિંહ જાતે જ પડી જતા મોત થયું છે, જેથી અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે. મૃતદેહને સોલા સિવિલમાં પીએમ અર્થે મોકલાયો છે.

આ અંગે બોપલ પોલીસ સ્ટેશનના PI સુનિલ ચૌધરીએ જણાવ્યું કે, પ્રાથમિક તપાસ અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદન મુજબ મહાવીરસિંહ પોલીસથી બચવા ભાગતી વખતે જાતે જ લપસીને નીચે પડી ગયો હતો, જેના કારણે તેનું મોત નીપજ્યું છે. આથી હાલ બોપલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે. મૃતક વિરૂદ્ધ અગાઉથી જ અનેક પોલીસ સ્ટેશનોમાં ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે મૃતક મહાવીરસિંહ સિંધવે અગાઉ ઈન્ડિયન આર્મીમાં સપ્લાય સોલ્જર તરીકે પણ ફરજ બજાવી હતી. 2020માં મોરબી જિલ્લાના ટીકર ગામમાં જાણીતા કલાકાર રાજભા ગઢવી અને દેવાયત ખવડનો એક મોટો ડાયરો યોજાયો હતો. આ ડાયરામાં મહાવીરસિંહે સ્ટેજ પર ચલણી નોટોનો જોરદાર વરસાદ કર્યો હતો, જેના કારણે તે સમગ્ર ગુજરાતમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ગાડીઓના મસમોટા કાફલા સાથે રોયલ એન્ટ્રી અને કાયદાના લીરેલીરા ઉડાડવાની તેની લાઈફસ્ટાઈલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ હતી.

વર્ષ 2023 માં સુરેન્દ્રનગરમાં શિવ સંગાથ એપાર્ટમેન્ટના એક ફ્લેટમાંથી એલસીબીની ટીમે અક્ષય રામકુમાર ડેલુ, અંકિત વિષ્ણુરામ બિશ્નોઈ અને કચ્છના વાકુ ગામના વિક્રમસિંહ જાડેજાને 17.81 લાખના ડ્રગ્સ સાથે પકડી પાડ્યા હતા. તપાસ કરનાર એસઓજી પીઆઈ એસ.એન. જાડેજા અને તેમની ટીમે જ્યારે કડક પૂછપરછ કરી ત્યારે આખો આંતરરાજ્ય ડ્રગ્સનો ભાંડો ફૂટ્યો હતો. પકડાયેલા રાજસ્થાની શખ્સોને આ ફ્લેટ મહાવીરસિંહ સિંધવે જ પોતાના મિત્ર મારફતે ભાડે અપાવ્યો હતો.

તપાસમાં એવી આશંકા અને કડીઓ સામે આવી હતી કે, મહાવીરસિંહ ચુડાના ચોકડી ગામે બેઠા-બેઠા કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ ગેંગના માણસોને ડ્રગ્સ સપ્લાય કરતો હતો, જેના કારણે સુરેન્દ્રનગર એલસીબીએ તેની અટકાયત પણ કરી હતી. આ ઉપરાંત, 2023માં જ ચોકડી ગામમાં મહાવીરસિંહ સામે હથિયાર બતાવીને ધોળા દિવસે લૂંટ ચલાવી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જે તે સમયે પોલીસે તેની ધરપકડ કરીને આખા ગામમાં વરઘોડો કાઢ્યો હતો અને ઘટનાસ્થળે લઈ જઈને ક્રાઈમ સીનનું રિકન્સ્ટ્રક્શન પણ કર્યું હતું.

# ઈન્કમટેક્સ પાસે સગીરના કપડાં ઉતરાવી રોડ પર દોડાવ્યો: બે મહિના અગાઉ યુવકના કપડા કાઢીને પટ્ટા-લાકડીથી માર્યો હતો

અમદાવાદ, તા.09

અમદાવાદમાં નાની વયના યુવકો અને સગીર વચ્ચે થયેલી માથાકૂટે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. 2 મહિના અગાઉ એક યુવકને સગીર સહિત કેટલાક લોકોએ જાહેરમાં કપડા કાઢીને દંડા અને બેલ્ટ વડે બેફામ ફટકાર્યો હતો. જેની અદાવતમાં યુવકે તેના મિત્રો સાથે મળીને સગીરને માર મારીને કપડા કઢાવીને ઈન્કમટેક્સ પાસે જાહેર રોડ પર દોડાવ્યો હતો. આ અંગે વાડજ પોલીસે ફરિયાદ નોંધી બે આરોપીની અટકાયત કરી છે.

શહેરના દુધેશ્વર પાસે બે મહિના અગાઉ મોહિત નામના યુવકને સગીર સહિત કેટલાક શખ્સોએ કપડા કાઢીને મારમાર્યો હતો. શર્ટ-પેન્ટ કાઢી મોહિતને બેસાડીને માફી મંગાવી હતી. મોહિતના દંડા અને પટ્ટા વડે મારતા હોવાનો વીડિયો પણ સામે આવ્યો છે. જોકે આ અંગે અગાઉ કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નહોંતી.

આ અદાવતને લઈને મોહિતે તેને મારમારનાર વ્યક્તિઓ પૈકી એક સગીરને ઈન્કમટેક્સ પાસે ઊભો રાખ્યો હતો. પાન પાર્લર પાસે મોહિત અને તેના ચાર મિત્રએ સગીરને માર મારીને કપડા કઢાવ્યાં



હતા. સગીરને નગ્ન હાલતમાં જીવ બચાવવા દોડ્યો તો પાંચેય લોકોએ પીછો કરીને માર્યો હતો. આસપાસના લોકો આવતા પાંચેય ત્યાંથી નાસી ગયા હતા. આ અંગે સગીરના પિતાએ વાડજ પોલીસ સ્ટેશનમાં પાંચેય વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે બે લોકોની અટકાયત કરી છે.

# હૈદરાબાદથી કરિયર બનાવવા અમદાવાદ આવેલી યુવતી PGમાં નશાના રવાડે ચડી

અમદાવાદ, તા.09

હૈદરાબાદથી અમદાવાદ આવીને કારકિર્દી તેમજ ઉજ્જવળ ભવિષ્ય બનાવવા માગતી એક 30 વર્ષીય યુવતી ખરાબ સંગતના કારણે નશાની લત પર ચડી ગઈ હતી. વ્યસનના કારણે નોકરી છૂટી જવાથી લઈને એક્ટિવા અને મોબાઈલ જેવી કિંમતી વસ્તુઓ વેચાઈ જતાં યુવતી રસ્તા પર આવી ગઈ હતી અને બગીચામાં રહેવા લાગી હતી. આખરે નિરાધાર બનેલી યુવતીએ ઈમરજન્સી નંબર 112 પર કોલ કરીને પોલીસની મદદ માંગી હતી. પોલીસ, 181 અને AMCની ટીમે યુવતીનું કાઉન્સેલિંગ કરી માત્ર 24 કલાકમાં હૈદરાબાદથી તેના પરિવારને બોલાવી પુનઃમિલન કરાવ્યું હતું.



મળતી માહિતી મુજબ, મૂળ હૈદરાબાદની રહેવાસી 30 વર્ષીય યુવતી પોતાના પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવા અમદાવાદમાં નોકરી માટે આવી હતી. તે પાલડી વિસ્તારમાં એક પીજીમાં રહીને ખાનગી કંપનીમાં નોકરી કરતી હતી. જોકે, અમદાવાદમાં રોકાણ દરમિયાન તેની ઓળખાણ કેટલાક એવા શખ્સો સાથે થઈ, જેમણે તેણીને નશીલા પદાર્થોના સેવન તરફ ધકેલી દીધી હતી. ખરાબ સંગતના કારણે યુવતી ગંભીર નશીલા પદાર્થોના વ્યસનમાં એવી ફસાઈ કે તે અવારનવાર ડ્રગ્સનું સેવન કરવા લાગી હતી.

વ્યસનની આદત એટલી હદે વધી ગઈ કે યુવતીની માનસિક અને આર્થિક સ્થિતિ સતત બગડતી ગઈ. નશામાં ચૂર રહેવાના કારણે તેણે પોતાની સારી નોકરી પણ ગુમાવી દીધી હતી. નોકરીમાંથી કમાયેલા બધા પૈસા નશીલા પદાર્થ પાછળ ખર્ચાઈ ગયા બાદ તેની પાસે પીજીનું ભાડું ભરવાના પણ પૈસા બચ્યા નહોતા. નશાની હાલતમાં જ તેણે પોતાનો મોબાઈલ ફોન અને એક્ટિવા સહિતની તમામ કિંમતી વસ્તુઓ ક્યાં ગુમાવી દીધી, તેનો પણ તેને કોઈ ખ્યાલ રહ્યો નહોતો. આર્થિક અને માનસિક રીતે સંપૂર્ણ ભાંગી પડેલી યુવતી છેલ્લે મકરબા ફાટક નજીક આવેલા એક જાહેર બગીચામાં નિરાધાર હાલતમાં રહેવા મજબૂર બની હતી.

નશાના દળદળ અને મુશ્કેલીમાંથી બહાર આવવા માટે યુવતીએ છેવટે હિંમત કરીને 112 ઈમરજન્સી નંબર પર પોલીસનો સંપર્ક કર્યો હતો. યુવતીની સ્થિતિ જોઈને પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને 181 મહિલા હેલ્પલાઈન તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અર્બન કમ્યુનિટી ડેવલપમેન્ટ (UCD) વિભાગની ટીમોને પણ જાણ કરી હતી.

એએમસીની ટીમ દ્વારા યુવતીને ઓઢવમાં આવેલા ભરવાડ વાસ ખાતેના આશ્રયગૃહમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેની જરૂરી સંભાળ અને કાઉન્સેલિંગ હાથ ધરાયું હતું. તેની પાસેથી વિગતો મેળવીને ટીમે હૈદરાબાદ ખાતે રહેતા તેના પરિવારનો સંપર્ક સાધ્યો હતો. વહીવટી તંત્ર અને સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોથી માત્ર 24 કલાકમાં જ તેના પરિવારજનો હૈદરાબાદ અમદાવાદ દોડી આવ્યા હતા અને આશ્રયગૃહ ખાતે દીકરીને હેમખેમ જોઈને વાતાવરણ લાગણીસભર બની ગયું હતું. યુવતીને આગળના રિહેબિલિટેશન માટે પરિવાર સાથે હૈદરાબાદ મોકલવામાં આવી છે.

# ઊંઘમાં જ પતિએ પત્નીના ગળામાં છરી ઝીંકી દીધી: પરિણીતાએ બુમાબુમ કરતા ધાબા પરથી કૂદીને ફરાર

અમદાવાદ, તા.09

અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં લોહીયાળ ઘટના સામે આવી છે, જેમાં માત્ર 3 મહિનાના ટૂંકા લગ્નજીવન બાદ એક નવપરિણીતાની તેના જ પતિએ નિર્દયતાપૂર્વક છરીના ઘા મારીને હત્યા કરી દીધી છે. હત્યાની આ સનસનાટીભરી વારદાતને અંજામ આપ્યા બાદ આરોપી પતિ ધાબા પરથી કૂદીને અંધારામાં ફરાર થઈ ગયો હતો. આ ચકચારી મામલે સરખેજ પોલીસે ગુનો નોંધીને હત્યારા પતિને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના સુરવન ગામના વતની પપ્પુ પારગીએ સરખેજ પોલીસ સ્ટેશનમાં પોતાના જમાઈ મેહુલ લાલચંદ મુનિયા વિરૂદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી છે. પપ્પુ પારગી ખેતીકામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના પરિવારમાં પત્ની દુર્ગાબેન, બે દીકરા અને ત્રણ દીકરી છે. જેમાં તેમની મોટી દીકરી રાસીતાના લગ્ન માત્ર 3 મહિના પહેલાં જ સમાજના રીત-રિવાજ મુજબ મેહુલ મુનિયા સાથે થયા હતા. લગ્ન બાદ મેહુલ તેના પિતા લાલચંદ સાથે રોજગારી મેળવવા અમદાવાદ આવ્યો હતો, જેથી રાસીતા પણ તેની સાથે જ અમદાવાદ રહેવા આવી હતી.

મૃતકના પિતા જ્યારે રાજસ્થાન પોતાના ઘરે હાજર હતા ત્યારે અચાનક તેમના વેવાઈ લાલચંદનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે રાસીતાના ગળામાં છરી મારી દેવામાં આવી છે અને તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાઈ છે. આ સાંભળી આખો પરિવાર તાબડતોબ અમદાવાદ સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો. હોસ્પિટલ ખાતે લાલચંદે જણાવ્યું કે, સરખેજ વિસ્તારમાં આવેલા મકાનના ધાબા પર રાત્રે તેઓ, રાસીતા અને મેહુલ સૂતા હતા. લાલચંદ બંનેથી આશરે 20 ફૂટ દૂર સૂતા હતા. વહેલી પરોઢે અચાનક રાસીતાની જોરદાર ચીસો સંભળાતા તેઓ જાગી ગયા હતા.

લાલચંદ જ્યારે દોડીને ખાટલા પાસે પહોંચ્યા ત્યારે રાસીતા ગળાના ભાગે લોહીલુહાણ હાલતમાં તરફડી રહી હતી અને તેના ગળામાં છરીનો ગંભીર ઘા હતો. બીજી તરફ, રાસીતા પર જીવલેણ હુમલો કરીને તેમનો પુત્ર મેહુલ ધાબા પરથી નીચે કૂદીને ભાગી રહ્યો હતો. ગંભીર રીતે ઘાયલ રાસીતાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ ઊંડા ઘા અને વધુ પડતું લોહી વહી જવાના કારણે સારવાર દરમિયાન જ તેનું કરૂણ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ સરખેજ પોલીસનો કાફલો પણ હોસ્પિટલ અને ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતકના પિતાની ફરિયાદના આધારે હત્યાનો ગુનો નોંધી ફરાર આરોપી મેહુલની શોધખોળ આદરી છે.

# કેનેડા વર્ક પરમિટના નામે ₹98 લાખની ઠગાઈ: 4 લોકોને નકલી LMIA લેટર પધરાવ્યા, પિતા-પુત્ર સહિત 3 સામે ગુનો

અમદાવાદ, તા.09

વિદેશ જવા ઈચ્છતા યુવાનો સાથે વિઝાના નામે ઠગાઈ થવાના કિસ્સાઓ દિન-પ્રતિદિન વધી રહ્યા છે, ત્યારે અમદાવાદના સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં આવી જ એક હાઈપ્રોફાઈલ છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને એક વિઝા કન્સલ્ટન્ટ પાસેથી 98.15 લાખ પડાવી લઈને ચાર લોકોને નકલી LMIA (Labour Market Impact Assessment) લેટર પધરાવી દેવામાં આવ્યા હોવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. આ કેસમાં સેટેલાઈટ પોલીસે અમદાવાદમાં રહેતા પિતા અને કેનેડામાં રહેતા પુત્ર સહિત ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ગોતા વિસ્તારમાં રહેતા અલ્પેશભાઈ પટેલે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેઓ પોતે વિઝા કન્સલ્ટન્સીની ઓફિસ ધરાવીને વ્યવસાય કરે છે. વર્ષ 2023માં તેમનો સંપર્ક યશ પટેલ અને તેના પિતા જયેશ પટેલ સાથે થયો હતો. યશ કેનેડામાં સ્થાયી થયેલો હતો જ્યારે તેના પિતા જયેશભાઈ અમદાવાદમાં રહીને વર્ક પરમિટ વિઝા મેળવવાનું એજન્ટ તરીકેનું કામ કરતા હતા. પિતા-પુત્રએ અલ્પેશભાઈને વિશ્વાસ આપ્યો હતો કે તેઓ કેનેડાના LMIA વર્ક પરમિટનું સચોટ કામ કરે છે.

શરૂઆતમાં અલ્પેશભાઈ પાસે કેનેડા વર્ક પરમિટ માટે બે ગ્રાહકો આવતા તેમણે આ કામ પિતા-પુત્રની જોડીને સોંપ્યું હતું. યશ અને જયેશે આ બંનેના વિઝા સફળતાપૂર્વક લાવી આપ્યા હતા, જેના કારણે અલ્પેશભાઈને તેમની કામગીરી પર પૂરો ભરોસો બેસી ગયો હતો. આ અંધવિશ્વાસના કારણે અલ્પેશભાઈએ ત્યારબાદ અન્ય ચાર યુવકોના વર્ક પરમિટના કામ પણ આ ગેંગને સોંપ્યા હતા.

આ ચાર યુવકોના કામ માટે અલ્પેશભાઈએ ટુકડે-ટુકડે યશ પટેલ, તેના પિતા જયેશ પટેલ અને જયેશના સાળા પદમીન પટેલને કુલ 98,15,000 ચૂકવ્યા હતા. મોટી રકમ મેળવ્યા બાદ યશે કેનેડાથી ચાર LMIA લેટર મોકલ્યા હતા. આ લેટરના આધારે જ્યારે અલ્પેશભાઈએ એમ્બેસીમાં વિઝાની પ્રોસેસ કરી તો ચારેય યુવકોના વિઝા રિજેક્ટ થઈ ગયા હતા. વિઝા રિજેક્ટ થવા અંગે યશ અલગ-અલગ બહાના બતાવતો હોવાથી અલ્પેશભાઈને શંકા ગઈ હતી. તેમણે કેનેડાના સ્તરે કાયદેસરની તપાસ કરાવી તો ચોંકાવનારો ખુલાસો થયો કે યશે મોકલેલા ચારેય LMIA લેટર તદ્દન બોગસ અને નકલી હતા. એટલું જ નહીં, તે લેટરના નંબરો પર બીજા જ કોઈ વ્યક્તિઓના નામે ફાઈલો પણ અપડેટ થયેલી હતી. પોતાની સાથે સગા ભાઈ-ભાભી અને સાળાની ગેંગે મોટી છેતરપિંડી આચરી હોવાનું જણાતા અલ્પેશભાઈએ આખરે સેટેલાઈટ પોલીસ મથકે ત્રણેય આરોપીઓ સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# કોંગ્રેસની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વિપક્ષ નેતા માટે કવાયત

## 10મી સુધી જિલ્લા-તાલુકા પંચાયત, નગરપાલિકા માટે અને 12-13 જૂને મનપા માટે સેન્સ પ્રક્રિયા

અમદાવાદ, તા.09

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ બાદ કોંગ્રેસે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં વિપક્ષના નેતાઓની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરી છે. રાજ્યભરના ઓબ્ઝર્વરો આજથી 12 જૂન સુધી ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સંગઠનના હોદ્દેદારો સાથે ચર્ચા કરીને પ્રદેશ કોંગ્રેસ સમિતિને અહેવાલ સોંપશે. ત્યારબાદ એક અઠવાડિયામાં વિવિધ સ્થાનિક સંસ્થાઓમાં વિપક્ષના નેતાઓના નામની જાહેરાત પણ કરવામાં આવશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામ બાદ વિપક્ષ નેતા નક્કી કરવા માટે કવાયત શરૂ કરવામાં આવી છે. ચૂંટણી પરિણામ બાદ ભાજપ દ્વારા તમામ નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં પ્રમુખની નિમણૂક કરી દીધી છે. મહાનગરપાલિકામાં મેયર, સ્ટેડિંગ ચેરમેનની પણ જાહેરાત કરી દીધી છે. જેથી હવે ગુજરાત કોંગ્રેસે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વિપક્ષના નેતાઓની પસંદગી માટે કવાયત શરૂ કરી દીધી છે. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ બાદ જિલ્લા




પંચાયતો, તાલુકા પંચાયતો, નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોમાંથી વિપક્ષના નેતાઓની પસંદગી કરવા આજથી પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સમયે ઉમેદવારો નક્કી કરવા અને સંગઠનને મજબૂત કરવા માટે નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી. તે જ નિરીક્ષકોને વિપક્ષ નેતા નક્કી કરવા માટે ઓબ્ઝર્વર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. જે માટે આજથી વિવિધ જિલ્લાઓમાં સેન્સ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. 9 અને 10 જૂન દરમિયાન જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓ માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેમાં ઓબ્ઝર્વર જે તે જિલ્લા અને તાલુકા પંચાયતમાં જઈને સ્થાનિક સંગઠન સાથે બેઠક કરી ચર્ચા કરશે. જેમાં પેનલ તૈયાર કરીને પ્રદેશ સંગઠનને મોકલવામાં આવશે. જ્યારે 12 અને 13 જૂનના રોજ મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે ચર્ચા અને અભિપ્રાય મેળવવાની પ્રક્રિયા કરવામાં આવશે. આ દરમિયાન રાજ્ય સ્તરના ઓબ્ઝર્વરો ચૂંટાયેલા સભ્યો, જિલ્લા સંગઠનના હોદ્દેદારો અને સ્થાનિક આગેવાનો સાથે બેઠક કરીને વિપક્ષ નેતાઓના નામને લઈને ચર્ચા કરશે.

જેમાં સ્થાનિક સંગઠન સાથે સર્વસંમતિ મેળવવાનો પ્રયાસ કરશે. ત્યારબાદ તેઓ યોગ્ય નામોની પેનલ તૈયાર કરીને પ્રદેશ કોંગ્રેસ સમિતિને સોંપશે. ઓબ્ઝર્વરો દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલના લગભગ એક અઠવાડિયા બાદ પ્રદેશ કોંગ્રેસ સમિતિ વિવિધ જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો, નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે વિપક્ષના નેતાઓના નામની સત્તાવાર જાહેરાત કરશે.

